# શેરીનાટકનું સ્વરુપ
## અને
# રાજનૈતીક સંસ્કૃતી

[અખબારી કૉલમ સ્વરુપે લખાયેલા લેખોનો સંગ્રહ]

•

: લેખન :

હીરેન ગાંધી

•

: પ્રકાશન :

દર્શન

અમદાવાદ

**SHERINATAKNU SWAROOP ANE RAJNAITIK SANSKRUTI**

by Hiren Gandhi.

©'દર્શન'

**આવૃત્તિ- 1**

| | | |
|---|---|---|
| **વર્ષ** | : | 2013 |
| **નકલ** | : | 500 |
| **સહયોગ રાશિ** | : | Rs. 50.00 |

| | | |
|---|---|---|
| **આવરણ અને ડીઝાઈન્સ** | : | કબીર ઠાકોર |
| **કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ** | : | કે. શ્રીનીવાસ |
| **લે-આઉટ** | : | ઈશ્વરભાઈ પ્રજાપતી |
| **મુદ્રક** | : | સત્યમ્ પ્રિન્ટ,<br>(PH) 2658 5012 |

**પ્રકાશક-વિતરક :** **'દર્શન'**, 19-બી, વીશ્વનગર સોસાયટી,
વીશ્વકર્મા સોસાયટીની બાજુમાં, જીવરાજ પાર્ક,
અમદાવાદ-380 051

**ફોન નંબર** : 079-26620484

**ઈ-મેઈલ** : darshan.org@gmail.com

# અનુક્રમણીકા

| | | |
|---|---|---|
| ● | લેખક - પ્રકાશકનું નીવેદન | 1 |
| ● | સલામ સાથે ખુશ-આમદીદ - સરુપ ધ્રુવ | 6 |
| પ્રકરણ - **1** | શેરીનાટકની ભુમીકા અને વ્યાખ્યા | 8 |
| પ્રકરણ - **2** | ભારતમાં શેરીનાટકનો ઉદ્ગમ અને વીકાસ | 17 |
| પ્રકરણ - **3** | શેરીનાટકનું સ્વરુપ અને લાક્ષણીકતાઓ | 32 |
| પ્રકરણ - **4** | શેરીનાટક સામેના વર્તમાન પડકારો | 46 |
| પ્રકરણ - **5** | સમાપન અને સંદર્ભો | 55 |
| પ્રકરણ - **6** | કેટલાંક શેરીનાટક જુથો-રંગકર્મીઓ | 61 |
| પરીશીષ્ટ- **1** | રંગકર્મી પરીચય | 87 |
| પરીશીષ્ટ- **2** | સંસ્થા - સંગઠનોનો ટુંક પરીચય | 104 |
| ● | પરીવર્તન તાકતો વિશિષ્ટ નાટ્યપ્રકાર<br>- ડૉ. એસ.ડી. દેસાઈ | 122 |

# લેખક - પ્રકાશકનું નીવેદન

એક અસરકારક અને સશક્ત નાટ્યસ્વરૂપ હોવાં છતાં ગુજરાતીમાં શેરીનાટક વીશે એક પણ પુસ્તક પ્રકાશીત નથી થયું. મારી જાણ પ્રમાણે હીન્દીમાં પણ એના વીશે વીશદ્ છણાવટ કરતું કે એની ટીકા-ટીપ્પણી કરતું એક પણ પુસ્તક નથી. ગુજરાતની કે દેશની સ્થાપીત અને જાણીતી એક પણ નાટ્ય કોલેજોના અભ્યાસક્રમોમાં ક્યાંયે એનો ઉલ્લેખ નથી. હા, દેશભરમાં દર વર્ષે સેંકડો શેરીનાટ્ય તાલીમ શીબીરો અનેક રંગકર્મીઓ, નાટ્યજુથો પોતપોતાની રીતે કરાવતાં હોય છે. મુખ્યત્વે ગ્રામીણ કે શહેરી ગરીબ વીસ્તારોમાં શોષીત-પીડીત સમુદાયોનાં યુવક-યુવતીઓ તથા ભાઇઓ-બેનો તેમજ સ્વૈચ્છીક અને બીનસરકારી સંસ્થા-સંગઠનોના કાર્યકરો એમાં તાલીમ મેળવતા હોય છે. આમ છતાં એના વીશે એક પણ પુસ્તક નહીં, કેમ?

વાસ્તવમાં એવું પણ નથી કે શેરીનાટકો ભજવાતાં નથી. આજે પણ દેશમાં અન્ય કોઇ પણ નાટ્યસ્વરુપો કરતાં શેરીનાટક સૌથી વધુ પ્રમાણમાં ભજવાય છે. એ શાળા-કોલેજોથી શરુ કરી શહેરો, ગામડાં, સંમેલનો, મહોત્સવો બધે જ ભજવાતાં હોય છે. કોર્પોરેટ સેક્ટરથી માંડીને અનૌપચારીક યુવામંડળો, સૌ કોઇ ભજવતાં રહે છે. રાજકીય પક્ષો પણ ચુંટણી ટાણે એનો ભરપુર ઉપયોગ કરે છે અને સરકારો તથા સામાજીક સંગઠનો પણ. અને છતાં....?

ખેર, આજે અમે શેરીનાટકનો ઇતીહાસ, સ્વરુપ અને લાક્ષણીકતાઓ વીશે એક પાયાગત ખ્યાલ આપતી પુસ્તીકા પ્રકાશીત કરી રહ્યાં છીએ. એક પણ પુસ્તક





નથીનું મ્હેણું ભાંગવા નહીં; નાટ્યવીદ્યાનાં વીદ્યાર્થીઓ, સામાજીક સંસ્થા-સંગઠનોના સંચાલકો, કાર્યકરો તથા શાળા-કોલેજોના વીદ્યાર્થીઓ તેમજ શોષીત-પીડીત સમુદાયોના યુવક-યુવતીઓને એનો સાર્થક પરીચય મળે એ માટે.

શેરીનાટક રાજનૈતીક, સામાજીક-સાંસ્કૃતીક પરીવર્તન માટેનું એક સશક્ત, અસરકારક અને પરીણામલક્ષી નાટ્યસ્વરુપ છે, સાધન છે, હથીયાર છે. દુનીયાભરનો છેલ્લાં પોણા બસો વર્ષનો ઇતીહાસ આ હકીકત પુરવાર કરે છે. ઔદ્યોગીક ક્રાંતી અને મુડીવાદી વ્યવસ્થાએ વીકસાવેલી આધુનીક ચેતનાનું એ ફરજંદ છે. વર્ગ સંઘર્ષ માટેનું એક અનન્ય હથીયાર છે. અંગ્રેજીમાં એને 'એજીટ પ્રોપ' કહે છે; એટલે કે, એજીટેશનલ પ્રોપેગંડા, ઉશ્કેરણીજનક પ્રચાર માટેનું સાધન. એક એવું નાટ્યસ્વરુપ જે પ્રેક્ષકને કોઇ વીચાર કે ખ્યાલ ભણી જવા અથવા કોઇ કાર્ય સાકાર કરવા ઉશ્કેરે છે, આંદોલીત કરે છે, પ્રેરે છે.

પરંતુ આજે શેરીનાટકો ભણી નજર કરીએ તો શું દેખાય છે? એ પ્રેક્ષકને ઉશ્કેરવા, આંદોલીત કરવા ભાગ્યે જ ભજવાય છે. એ સૌથી વધુ પ્રચારના હેતુ માટે જ ભજવાય છે. પછી એ કોર્પોરેટ સેક્ટરના 'બ્રાંડીંગ'નો પ્રચાર હોય, ઉત્પાદનોના વેચાણ માટેનો પ્રચાર હોય, સરકારી નીતીઓ, યોજનાઓનો પ્રચાર હોય, બીનીસરકારી કે સ્વૈચ્છીક સંસ્થાઓની નીતીઓ, કાર્યયોજનાનો પ્રચાર હોય કે પછી રાજકીય પક્ષોનો મત મેળવવાનો પ્રચાર હોય. હા, શાળા-કોલેજોમાં એ સ્પર્ધાઓ જીતવા કે મનોરંજન માટે જ આજે તો ભજવાતું રહે છે. જાણે કે એ ઉશ્કેરણીજનક પ્રચાર માટેનું નહીં, માત્ર મનોરંજન અને પ્રચારનું માધ્યમ હોય. શેરીનાટકનાં સ્વરુપ અને હેતુઓની આ ભદ્દી મજાક છે.

આવું કેમ બન્યું? ગઇ સદીના નવમા દાયકા સુધી વર્ગસંઘર્ષના હેતુઓ માટે, શોષીત સમુદાયોના સંઘર્ષો માટે મુખ્યત્વે ભજવાતાં રહેલાં આ નાટ્યસ્વરુપની આવી ભદ્દી મજાક શા માટે? શું છેલ્લાં બે-અઢી દાયકા દરમીયાન સમાજમાંથી વર્ગો નાબુદ થઇ ગયાં છે? ના, એ તો છે જ. આજે પણ અમીર અને ગરીબ બંને વર્ગો તો મોજુદ છે જ. પણ હા, અનેક કારણોસર વર્ગસંઘર્ષો ઘટવા માંડ્યા છે. આજે સમાજવાદ દુરનું સ્વપ્નું બનવા માંડ્યો છે. લગભગ સમગ્ર દુનીયા પર મુડીવાદનું એકચક્રી શાસન સ્થાપીત

થતું જઇ રહ્યું છે. પણ આ સંજોગોમાં તો વર્ગસંઘર્ષ પ્રજ્વલીત કરવા શેરીનાટકો વધારે પ્રમાણમાં અને વધુ ઉગ્ર રીતે ભજવાવાં જોઇએ. તો પછી, શેરીનાટકની આજે આ સ્થીતી કેમ?

સૌથી મોટું જે કારણ દેખાય છે તે એ કે, આજે ગરીબ વર્ગ – મજદુરો, કીસાનો, કારીગરો, છુટક અને નાનાં, મધ્યમ વેપારીઓ, નોકરીયાતો વગેરે પોતાની વર્ગીય ઓળખ અને ચેતનાથી દુર થઇ રહ્યાં છે. એ તમામની વર્ગીય ઓળખ અને ચેતના, ગ્રાહકની, જ્ઞાતી-જાતીની, સંપ્રદાયની, ધર્મની, પ્રાદેશીકતાની ઓળખો અને ચેતનાઓમાં વીલીન થઇ રહી છે અને તે પણ અત્યંત તેજ ગતીએ. આ મુડીવાદના વૈશ્વીકરણની કમાલ છે કે ગઇ સદીમાં તીવ્ર ગતીએ પ્રસરેલાં સામ્યવાદી-સમાજવાદી પરીબળોના નવમા દાયકાના અંતમાં થયેલ કરુણ પરાજયનો પ્રતાપ છે? કદાચ એ બંનેનો પ્રતાપ કે કમાલ છે.

અને એથી આજે મુડીવાદી ચેતના શેરીનાટકની આવી ભદ્દી મજાક કરી રહી છે. એને પ્રચારની જરુર છે, વર્ગ સંઘર્ષ કે વર્ગીય ચેતનાની નહીં. એને પોતાની સત્તા અડીખમ રાખવા ગરીબ વર્ગની ગ્રાહક તરીકેની ઓળખની અને જ્ઞાતીગત, જાતીગત, ધર્મ-સંપ્રદાયગત ઓળખોની જરૂર છે. અને એ સફળતાપુર્વક એ ચેતનાઓ પ્રસરાવી રહ્યો છે. બીજી તરફ, સામ્યવાદી – સમાજવાદી સંગઠનો પોતાના કારમા પરાજયની કળ વળ્યા પછી હવે પોતાની જાતને પુનઃગઠીત કરવાની મથામણો કરી રહ્યાં છે. મજુર સંગઠનો, કીસાન સંગઠનો ધારવીહોણાં થવા માંડ્યાં છે, મંદ પડી રહ્યાં છે.

શેરીનાટક આજે લગભગ પ્રચારનો ઢોલ બની જવા પાછળનું બીજું કારણ મુડીવાદના હાર્દ સમા બજારતંત્રનું છે. બજારનો મતલબ જ છે – ખરીદ-વેચાણ. આજે બજાર દરેક ચીજ, વસ્તુ, સેવા, માનવીની પ્રાથમીક અને તમામ પ્રકારની જરૂરીયાતોનું ખરીદ-વેચાણ કરી રહ્યું છે. અરે, એ તો માતાઓની કુખ, સ્ત્રીઓની સુંદરતા અને પુરુષોના પૌરુષત્વ વીશેના ખ્યાલો સુધ્ધાંનું ખરીદ-વેચાણ કરી રહ્યું છે. અને ખરીદ-વેચાણ માટે પાયાની જરુરીયાત છે - પ્રચાર. હવે શેરી-મોહલ્લાઓ, ગીચ ઝુંપડપટ્ટીઓ, ગામડાંઓ, અંતરીયાળ વીસ્તારો સુધી પહોંચીને





અસરકારક રીતે કોઇ પણ વસ્તુ, સેવા, વીચારનો પ્રચાર કરવા માટે એને શેરીનાટક કરતાં વધુ ઉપયોગી કે અસરકારક બીજું ક્યું સાધન મળે?

આ નીવેદનની શરુઆતમાં જણાવ્યા પ્રમાણે નાટ્યવીદ્યાનું શીક્ષણ આપતી સ્થાપીત યુનીવર્સીટીઓ, સ્કુલો પણ શેરીનાટકની સમુળગી અવગણના કરે છે. કેમ? શું શેરીનાટક એક નાટ્યસ્વરુપ નથી? કદાચ એમને મન એ પ્રચારનું અને આંદોલનોનું સાધન જ છે. એ અન્ય નાટ્યસ્વરુપોની જેમ કલાનું સ્વરુપ નથી. જો આ કારણ હોય તો સવાલ એ ઉભો થાય કે, કલાસ્વરુપ એટલે શું? અભીનય, ગીત, સંગીત, નાટ્યલેખન, દીગ્દર્શન આ બધાં કલાસ્વરુપો નથી? અને શેરીનાટકોમાં પણ આ બધું જ તો જરૂરી છે. તો પછી, આ નાટ્યસ્વરુપ વીશે પધ્ધતીસરનું શીક્ષણ કેમ નથી અપાતું એ કોલેજો, સંસ્થાનોમાં? શેરીનાટક પ્રચારનું માધ્યમ છે, સાધન છે માટે? આજે કઇ કળા પ્રચારનું માધ્યમ કે સાધન નથી? દરેક દરેક કળા એના ઉદ્ભવકાળથી આજ સુધી કોઇને કોઇ વીચાર, ખ્યાલ કે ચેતનાનો પ્રચાર નથી કરી રહી? તો પછી?

શાળાઓ, કોલેજોમાં શેરીનાટક વીશે પધ્ધતીસરનું શીક્ષણ નહીં આપવાનું એક કારણ એ હોઇ શકે કે, એ આંદોલનો અને સંઘર્ષોનું સાધન છે. પણ બીજી બાજુ શીક્ષણનો હેતુ જ તો માનવીને જ્ઞાન આપવાનો અને તેની ચેતના વીકસીત કરવાનો છે. અને વીકસીત ચેતના અને જ્ઞાન જ તો સમાજમાં સંઘર્ષો અને આંદોલનો જન્માવે છે, એમને દીશા આપે છે, પરીણામ સુધી પહોંચવા માટે માર્ગદર્શક બને છે. તો પછી?

બની શકે કે આપણી સમગ્ર શીક્ષણ વ્યવસ્થા સમાજની અનેક વાસ્તવીકતાઓ, સમસ્યાઓ પ્રત્યે જેમ અનેક જાતના પુર્વગ્રહોથી ગ્રસ્ત છે, એમ શેરીનાટક વીશે પણ એના ચોક્કસ પુર્વગ્રહો હોઇ શકે.

ખેર, આ પુસ્તીકા વીશે લેખક, પ્રકાશક તરીકે મારે, અમારે બે મહત્ત્વની સ્પષ્ટતાઓ કરવાની છે.

1. આ પુસ્તીકાનું લખાણ ઉંઝા પરીષદે ઠરાવેલ જોડણી પ્રમાણે પ્રકાશીત કર્યું છે. એટલે કે, વાંચવા-લખવામાં સરળ પડે એ માટે ઉંઝા પરીષદે ઠરાવ્યા

મુજબ લીપીમાં એક 'ઈ'(દીર્ઘ ઈ) અને એક 'ઉ'(હ્રસ્વ ઉ)નો જ ઉપયોગ કરવો.

2. આ પુસ્તીકા આજથી બે દાયકા અગાઉ મારી સુરતના ગુજરાતી દૈનીક 'નવગુજરાત ટાઈમ્સ'માં સાપ્તાહીક ધોરણે ચાલતી થીએટર કોલમના એક ભાગરુપે મેં ત્રણ મહીનાની લેખશ્રેણી તરીકે લખેલ લેખોનો સંગ્રહ છે. એથી એમાનાં ઘણાં સંદર્ભો પ્રસંગો તે સમયના છે. પરંતુ શેરીનાટકનો ઈતીહાસ, સ્વરુપ કે લાક્ષણીકતાઓ સમજવા માટેની આ પુસ્તીકાના મુળ હેતુઓમાં એથી કોઈ ફરક નથી પડતો. ફક્ત છેલ્લા પ્રકરણનો છેલ્લો લેખ મેં 1986માં અમદાવાદના અખબાર 'સમભાવ'માં મારી થીએટર કોલમમાં લખેલ છે.

કોલમ સ્વરુપે લખાયેલ હોવાથી આપને દરેક લેખમાં અગાઉના લેખ સાથે જોડાણ કરતું અને આગામી લેખનો સંકેત આપતું કેટલુંક લખાણ પુનરાવર્તીત થતું અને અડચણરુપ લાગી શકે. પણ લખાણની શૈલી અને લયને નુકાસન ન થાય માટે મેં એમાં કોઈ ફેરફાર નથી કર્યા. એટલી અડચણ માટે પહેલાં જ આપની ક્ષમા માંગી લઉં છું.

અને અંતે, 'નવગુજરાત ટાઈમ્સ'ના તે સમયના તંત્રી શ્રી જશવંત રાવલ તથા પુર્તી સંપાદક શ્રી બકુલ ટેલરનો ખાસ આભાર માનીએ છીએ.

આશા છે, આ પુસ્તીકા આપને ઉપયોગી નીવડશે.

**- હીરેન ગાંધી.**

[25, ઓક્ટોબર, 2013]

- ***આ પુસ્તીકા માટે આર્થીક સહયોગ***

**Mensen met een Missie - હેગ - નેધરલેન્ડ**







# સલામ સાથે ખુશ-આમદીદ

**- સરુપ ધ્રુવ**

આ પુસ્તકમાંથી પસાર થતાં થતાં અને પુરું કર્યા પછી, વાંચકોને એટલી પ્રતીતી તો અચુક થઈ જશે કે કોઈપણ સાંસ્કૃતીક માધ્યમ પોતાનાં સ્થળકાળની આર્થીક - રાજનૈતીક ભોંયમાંથી નીપજતું હોય છે. એને માણવા-સમજવા ફક્ત સૌન્દર્યદષ્ટી જ નહીં, ઐતીહાસીક અને સાંસ્કૃતીક દષ્ટી પણ એટલી જ જરૂરી છે.

આજના સામાજીક અને શૈક્ષણીક જગતમાં શેરીનાટક લગભગ અવગણનાના અંધકારમાં ખોવાયું છે. એનાં સ્વરુપ, પ્રયોજન અને પ્રસ્તુતી વીશે પણ ગેરસમજો અને પુર્વગ્રહો જોવા મળે છે. ત્યારે વિશ્વમાં અને ભારતમાં પણ જનવાદી આંદોલનોના શસ્ત્ર એવા શેરીનાટકના હેતુ અને ઐતીહાસીક સંદર્ભો સાથે લઈને કરેલી સ્વરુપચર્ચા આ પ્રયાસને એક નવો આયામ આપે છે. રશીયાના પીસ્કાટરથી શરુ કરીને, ભારતના સફદર હાશ્મીએ કરેલી સ્વરુપલક્ષી પહેલની સાથોસાથ શેરીનાટકની રાજનૈતીક આવશ્યકતાની અનીવાર્યતાનો હાર્દરુપ મુદ્દો અહીં સવીસ્તાર ચર્ચાયો છે.

શેરીનાટકને જનઆંદોલનથી પણ અલગ પાડીને ના જોઈ શકાય. એટલે જ અહીં, પ્રકરણોમાં થયેલી સ્વરુપવૈવીધ્યની ચર્ચાની સાથોસાથ જનઆંદોલોનો ચીતાર પણ સાંકળી લેવાયો છે. આંદોલનના શસ્ત્ર તરીકે એના વીવીધ પ્રયોગો કરનારા રંગકર્મીઓ વીશે, સીધ્ધાન્તકારો વીશે અને એમણે તરતા મુકેલા સ્વરુપલક્ષી સીધ્ધાંતો વીશે પ્રકરણોમાં અને પરીશીષ્ટોમાં જે નીરુપણ થયું છે તે માત્ર અભ્યાસપુર્ણ જ નહીં, નાટ્યશીક્ષણ માટે અભ્યાસલક્ષી પણ છે જ. શેરીનાટક ભજવાતાં ભજવાતાં એનાં સ્વરુપ અને સીધ્ધાંતો ઘડાય છે અને ફેલાય છે એ ભુલવા જેવું નથી એ મુદ્દો પણ અહીં ઉજાગર થયો છે. ગુજરાતના, ભારતના અને વીશ્વનાં શેરીનાટકો અને તેનાં રંગકર્મીઓના પ્રદાનનો વ્યાપ આવરીને તૈયાર

કરવામાં આવેલું આ પુસ્તક ચોક્કસ પ્રકારના દસ્તાવેજી મુલ્યની સાથોસાથ શૈક્ષણીક મુલ્ય પણ ધરાવે છે.

આજે જ્યારે જનઆંદોલનો છુટાંછવાયાં છે, રાજનૈતીકતા સામે પ્રશ્નચીહ્ન સાથે જોનારા યુવાવર્ગને શેરીનાટકમાં પણ નહીંવત્ રસ કે જીજ્ઞાસા છે ત્યારે જનવાદી આંદોલનો, તેનાં શસ્ત્ર સમાં શેરીનાટક અને આજની યુવાપેઢી-ત્રણેય ઉપર અપાર આશા અને વીશ્વાસ ધરાવતા સાંસ્કૃતીક રંગકર્મી બીરાદર હીરેન ગાંધી જ્યારે આ અમુલ્ય બનનારો સંદર્ભગ્રંથ લઈને આવે છે ત્યારે આ કંઈક વણખેડાયેલી કેડી ઉપરના નવપ્રસ્થાનને સલામ સાથે ખુશ-આમદીદ!





**પ્રકરણ-1**

# શેરીનાટકની ભુમીકા અને વ્યાખ્યા

## 1. *શેરીનાટક એટલે શું?*

કટોકટીકાળ પછીના તરતના જ સમયથી – એટલે કે, લગભગ છેલ્લા દોઢ – પોણા બે દાયકાથી આપણા દેશમાં ફરીથી (ત્રણ-સાડાત્રણ દાયકાના વીરામ પછી) શેરી નાટકોના ઢોલ-નગારાં બજવાં શરૂ થઈ ગયાં છે. આજે તો ભારતનું ભાગ્યે જ કોઈ એવું મોટું શહેર હશે જેના નાટ્યરસીકે શેરીનાટક જોયું ના હોય અથવા તો એના વીશે કાંઈ સાંભળ્યું ન હોય. એમાંયે જ્યારે, 1989ના જાન્યુઆરીમાં કેટલાંક રાજકીય ગુંડાતત્ત્વોએ આપણા દેશમાંના 'શેરી નાટક'ના આ પુનર્જન્મને સાકાર કરનાર બીરાદર સફદર હાશ્મી[1]ની દીલ્હી પાસેના સાહીબાબાદ ખાતે શેરીનાટક ભજવતી વખતે જ ક્રૂર હત્યા કરી, ત્યારે તો દેશની શહેરી જનતાએ આ નાટ્યસ્વરૂપને આધુનીક યુગના એક અચુક રાજકીય શસ્ત્ર તરીકે મંજુરીની મ્હોર મારી દીધી.

ટુંકમાં, શેરીનાટક હવે આપણી શહેરી જનતા માટે સાવ અજાણ્યું પણ નથી રહ્યું; પરંતુ બીજી બાજુ એ પણ હકીકત છે કે, એનું સ્વરૂપ, એની ભજવણીના ઉદ્દેશ્યો, એની રાજકીય શસ્ત્ર તરીકેની ઉપયોગીતા, એની ઐતીહાસીક આવશ્યકતા – આ બધી બાબતો વીશે નાટ્યરસીકો જ નહીં, રંગકર્મીઓ પણ ઘણું ઓછું જાણે

છે. અને એટલે જ શેરીનાટકો વિશે તેઓ અનેક પ્રકારની ભ્રમણાઓ સેવતા રહ્યા છે, ફેલાવતા રહ્યા છે. આમ થવાની પાછળ મહત્ત્વનું કારણ એ પણ છે કે, આ નાટ્ય સ્વરૂપ વીશે આપણા દેશમાં ખૂબ જ ઓછું લખાયું છે, ચર્ચાયું છે. શેરીનાટકોના સંગ્રહો પણ અત્યંત જુજ પ્રમાણમાં પ્રકાશીત થયા છે. (ગુજરાતીમાં તો હજુ એક પણ શેરીનાટકોનો સંગ્રહ પ્રકાશીત થયો નથી). આ નાટ્યસ્વરૂપની શક્યતાઓ અને મર્યાદાઓ વીશે ભાગ્યે જ થોડુંઘણું સાહીત્ય પ્રાપ્ય બને છે. ક્યારેક નાના પાયા પર, સ્થાનીક કક્ષાએ શેરીનાટકને લગતાં પાસાંઓ વીશે ચર્ચા-વીચારણાઓ થાય છે, પરંતુ આ પ્રયત્નો ખાસ્સા અધુરા છે, ઉણા છે. અલબત્ત, ગયા દાયકામાં ચારેક વખત રાષ્ટ્રીય કક્ષાનાં શેરીનાટ્ય સપ્તાહો — ‘નાટયજાત્રા’ના નામે -પ્રમાણમાં સારી રીતે ઉજવાયાં, પરંતુ પછી અનેક કારણોસર એ બંધ થઇ ગયાં. આવા મહોત્સવો પુનર્જીવીત કરાવા જોઇએ. પ્રાદેશીક અને રાષ્ટ્રીય કક્ષાએ આ નાટ્યસ્વરૂપ વીશે સેમીનારો તથા શીબીરો યોજાવી જોઇએ. સરકારી અકાદમીઓ પાસે આવી કોઇ અપેક્ષા રાખવી નીરર્થક છે, પરંતુ ‘સહમત’★[1] કે ‘કે.એસ.એસ.પી.’★[2] (કેરલા શાસ્ત્ર સાહીત્ય પરીષદ) જેવી સંસ્થાઓ આ સંદર્ભમાં ઘણું કરી શકે. જો કે કશું થઇ નથી રહ્યું એ આપણું કમનસીબ છે. ખેર, આટલી ભુમીકા બાંધવાનો મતલબ એટલો જ છે કે, આજથી આ કોલમના માધ્યમ દ્વારા હું શેરીનાટક વીશે એક નાનકડી લેખમાળા શરૂ કરવા માંગું છું. એ દ્વારા શેરીનાટકના સ્વરૂપને, ચારીત્ર્યને, લાક્ષણીકતાઓને તથા એની ઉપયોગીતાઓ અને મર્યાદાઓને સમજવાનો, સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરીશ. અપેક્ષા રાખું છું કે, આપ સૌ આ પ્રયત્નને સક્રીય સાથ સહકાર અને સુચનો આપશો.

શરૂઆત ‘શેરીનાટક એટલે શું’ — ત્યાંથી જ કરીએ. શેરીનાટકનું બીજું નામ છે ‘એજીટ પ્રોપ’ (એટલે કે, એજીટેશનલ પ્રોપેગન્ડા’-આંદોલનાત્મક પ્રચાર). આ ઉપરાંત એને ‘પોસ્ટર થીએટર’, ‘વીરોધી ધારાનું નાટક’ જેવાં નામો પણ મળેલાં છે. આ તમામ નામોને ઝીણવટપુર્વક તપાસીએ તો એમાંથી આ નાટ્યસ્વરૂપની વીવીધ લાક્ષણીકતાઓ તથા ઉદ્દેશ્યો સ્પષ્ટ થાય છે. શેરીનાટકની સ્પષ્ટ-સુરેખ વ્યાખ્યા બાંધવી ઘણી મુશ્કેલ છે. સામાન્ય રીતે ઘણાં નાટ્યરસીકો અને રંગકર્મીઓ





(નાટ્ય વીદ્વાનો પણ) માને છે કે, ‘શેરીમાં, ચોકમાં, મેદાનમાં ભજવાય એ શેરીનાટક’, અથવા બીજા શબ્દોમાં કહીએ તો, ‘ચારે બાજુથી પ્રેક્ષકો જોઇ શકે એવી રીતે ભજવાતું નાટક એટલે શેરીનાટક’. શેરીનાટક વીશે ફેલાયેલી આ સૌથી મોટી ગેરસમજ છે.

જાણીતા જનપક્ષી નાટ્યકાર શ્રી હબીબ તનવીર[2] ‘જન નાટ્ય મંચ★[3]‘દ્વારા પ્રકાશીત ‘ચોક ચોક પર, ગલી ગલી મેં’ નામના શેરીનાટકોના સંગ્રહની પ્રસ્તાવનામાં એક જગ્યાએ નોંધે છે કેઃ

‘શેરીનાટક સંબંધે એવી ગેરસમજ દુર કરી દેવી જરૂરી છે કે, એની પરંપરા હજારો વર્ષ પુરાણી છે. કેટલાક લોકો એવું માને છે કે — દરેક નાટક, જે ખુલ્લામાં ભજવાય છે, તે શેરીનાટક છે. આ રીતે જોતાં તો આપણાં લોકનાટ્ય સ્વરૂપોને - જે આખાયે હીન્દુસ્તાનમાં ફેલાયેલાં છે, એમને પણ, શેરીનાટક ગણવાં જોઇએ. સંસ્કૃત, નાટકો, જે ઘણીવાર ખુલ્લા મેદાનોમાં ભજવાતાં હતાં અને આજે પણ કેરાલામાં ભજવાય છે-એને પણ શેરીનાટકો ગણવાં જોઇએ. એ જ રીતે પ્રાચીન યુરોપના ઘણાંખરાં નાટ્યસ્વરૂપોને શેરીનાટકો કહેવા જોઇએ, પરંતુ એવું નથી. વાસ્તવીકતા જુદી જ છે. ‘શેરીનાટક’ આધુનીક શબ્દ છે અને સડકો, મેદાનોમાં ભજવાતાં વર્તમાનના રાજનૈતીક નાટ્યસ્વરૂપને જ(પોલીટીકલ થીએટરને જ) આપણે ‘શેરીનાટક’ કહીએ છીએ. એની પરંપરા બહુ પુરાણી નથી’.

આ જ સંદર્ભમાં સ્વ. શ્રી. સફદર હાશ્મી ‘શેરીનાટકની પરંપરા’ નામના પોતાના એક લેખમાં નોંધે છે કેઃ

‘અલબત્ત, શેરીનાટક અને ભજવણીની કળાઓનાં પરંપરાગત સ્વરૂપોની બાહ્ય લાક્ષણીકતાઓ વચ્ચેની સમાન કડીઓનો અભ્યાસ કરવો — એ એક વાત છે અને એમને (પરંપરાગત નાટ્યસ્વરૂપોને) શેરીનાટક તરીકે રજુ કરવાં — એ તદ્દન જુદી જ વાત છે.

પરંતુ ‘ટ્રેડ ફેર ઓથોરીટી ઓફ ઇન્ડીયા’ના સાંસ્કૃતીક વીભાગે ગયા મહીને એ જ કર્યું. એણે યુ.પી., એમ.પી., ઓરીસ્સા, આસામ, ગુજરાત, મહારાષ્ટ્ર અને

કર્ણાટકની એક એક અને રાજસ્થાનની બે પરંપરાગત નાટ્ય મંડળીઓ દ્વારા સોળ દીવસના 'પરંપરાગત શેરીનાટક મહોત્સવ'નું આયોજન કર્યું.

આની પાછળ કદાચ એનો તર્ક એવો હશે કે, જે નાટક ખુલ્લામાં ભજવાય, પછી ભલે એ ખરેખર શેરીના ખુણામાં ના ભજવાતું હોય, એ નાટકને 'શેરીનાટક' ગણી લેવામાં કશું ખોટું નથી. પરંતુ હવે(શેરીનાટકની) આટલી અણઘડ વ્યાખ્યા ન જ ચાલે. આ તો એટલી રૂઢીચુસ્ત(સંકુચીત) સમજ થઈ કે, જો નાટકના અંતે 'હીરો' મૃત્યુ પામતો હોય તો એ નાટકને 'ટ્રેજેડી' જ ગણવું'.

આ જ લેખમાં તેઓ 'શેરીનાટક'ના સ્વરુપને વધારે સ્પષ્ટ કરતાં નોંધે છે કેઃ

"શેરીનાટક જે શૈલીઓ અપનાવે છે એ સંદર્ભમાં જોઈએ તો તે, પરંપરાગત ભારતીય નાટ્યશૈલીઓ કરતાં પીસ્કાટર અને બ્રેખ્થે વીકસાવેલી નાટ્યશૈલીઓની વધારે નજીક છે. ભારત સહીત આખીયે દુનીયામાં રાજકીય પત્રીકાઓ, પોસ્ટરો, ભીંત-લખાણો અને આંદોલનાત્મક ભાષણો-વક્તવ્યો – બધું, શેરીનાટકના સ્વરુપના સર્જનમાં સમાઈ ગયું છે."

"તે (શેરીનાટક) મુળગત રીતે વીરોધનું ઉગ્રવાદી(મીલીટન્ટ) રાજકીય નાટ્યસ્વરુપ છે. તેનું કામ એ છે કે, તે જનતાને ઉશ્કેરે અને તેને(પ્રસ્થાપીત વ્યવસ્થા સામે) આંદોલન ચલાવી રહેલ સંગઠનોની પાછળ લાવીને ખડી કરે."

આટલી વાત પરથી 'શેરીનાટક એટલે શું?'-નો ઘણોખરો અંદાજ આવી જાય છે. આજની આપણી વાત પુરી કરતાં પહેલાં, આ જ સંદર્ભમાં, આજથી પાંચેક વર્ષ પહેલાં 'શેરીનાટકની રાજનૈતીકતા' વીષય પરના મારા એક અભ્યાસ લેખમાં મે જે રીતે 'શેરીનાટક'ની સમજને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો હતો, એના પર એક નજર નાંખી લઈએ.

"શેરીનાટક એટલે શું? નાટ્યસ્વરુપની દષ્ટીએ જોઈએ તો – 'સામે ચાલીને પ્રેક્ષકો પાસે જતું અને એમની વચ્ચોવચ્ચ ભજવાતું નાટક; કલાસ્વરુપની દષ્ટીએ – 'સામુહીક કલાનું જીવંત સ્વરુપ'; અનુભુતીના સંદર્ભે – 'પ્રેક્ષકને હસાવવા,





રડાવવા કે ચીંતનની પ્રક્રીયામાં મુકવા કરતાં વધારે એને પીડવા, પડકારવા અને સંચારીત કરવા ધસતું નાટક'; સમુહ-સંચારના માધ્યમ તરીકે – 'સીધું, સોંસરું, સસ્તું અને જનતા માટે સાવ હાથવગું માધ્યમ', વળી સાહીત્યીક પરીભાષામાં કહીએ તો – 'ઉપર આભ અને નીચે ધરતી વચ્ચે ખેલાતું નાટક'; અને છેલ્લે, ઐતીહાસીક સંદર્ભમાં – 'આધુનીક વ્યવસ્થાની વર્ગીય ચેતનાએ વીકસાવેલું સમાજવાદી શસ્ત્ર".

*(નવગુજરાત ટાઈમ્સ, તા. 21 ઑગસ્ટ, 1994)*

## 2. *'શેરીનાટક' ઔદ્યોગીક ક્રાંતીની દેન છે*

દુનિયાભરનાં લોકનાટ્ય સ્વરુપોના ઉદ્ભવ અને વીકાસ પાછળ મુખ્યત્વે લોક પરંપરાઓ, ઉત્સવો, પર્વો તથા વીધી-વીધાનોનો ફાળો રહ્યો છે. શીષ્ટ રંગભુમીના ઉદ્ભવ અને વીકાસ પાછળ આ પરીબળો ઉપરાંત માનવ સભ્યતા અને સાંસ્કૃતીક વીકાસનો ફાળો મુખ્ય રહ્યો છે. જ્યારે 'શેરી નાટક' એક એવું નાટ્યસ્વરુપ છે – જેના ઉદ્ભવ અને વીકાસ માટે સામાજીક, આર્થીક – રાજકીય પરીવર્તનો અને આધુનીક યુગની વીકસીત ચેતનાએ સાકાર કરેલ સંઘર્ષોની ભુમીકા કેન્દ્રીય રહી છે; અને તેથી જ એ વીશીષ્ટ પ્રકારનું નાટ્યસ્વરુપ બને છે. તેની શૈલી પણ લોકનાટ્યો કે શીષ્ટ નાટકો કરતાં ઘણી અલગ અને આગવી બની રહે છે તેમજ એક કલા માધ્યમ કરતાં સામાજીક – રાજકીય પરીવર્તનના શસ્ત્ર તરીકેની એની સ્વીકૃતી વધારે વ્યાપક બની છે.

'શેરીનાટક'ની જન્મદાતા છે – ઔદ્યોગીક ક્રાંતી. અલબત્ત, આ સરળ સમજુતી થઈ. હકીકતમાં શેરીનાટકનો ઉદ્ભવ અને વીકાસ – મુડીવાદી સમાજ વ્યવસ્થાએ સર્જેલ આર્થીક સામાજીક આંતર્વીરોધોને આભારી છે; એટલે કે મુડીવાદી વીકાસ અને એ વીકાસે વીકસાવેલ સામાજીક ચેતનાને આભારી છે. આપણે જાણીએ છીએ કે – મુડીવાદી વ્યવસ્થાના મુળીયાં ઔદ્યોગીક ક્રાંતીના તબક્કા પહેલાં જ

નંખાઇ ચુક્યાં હતાં. છતાં 'શેરીનાટક'ની જન્મદાતા ઔદ્યોગીક ક્રાંતીને ગણવી જોઈએ; કેમ કે, ઔદ્યોગીક ક્રાન્તીએ જ મુડીવાદી વ્યવસ્થા અને આધુનીક માનવચેતનાને જેટઝડપે વીકસાવી. એણે સમગ્ર માનવજીવન, માનવસંસ્કૃતી અને જીવનમુલ્યોમાં આમુલ પરીવર્તન આણ્યું. બજારના અર્થતંત્રને માનવજીવનના કેન્દ્રમાં લાવીને મુકી દીધું. એને કારણે ગામડાં તુટવા માંડયાં, શહેરો ફુલવા માંડયાં, સેંકડો-હજારો કામદારોને એક જ ઉત્પાદનના સ્થળે એકત્રીત કર્યાં, જ્યાં એમની વર્ગીય ચેતનાને વીકસવા માટે મોકળું મેદાન મળ્યું. ઓગણીસમી સદી દરમીયાન વીકસીત રાષ્ટ્રોમાં પ્રજવલીત વર્ગીય ચેતનાએ શ્રમીક આંદોલનો અને સંગઠનોને નક્કર સ્વરૂપ આપવા માંડયું; અને એ વીકસીત ચેતના અને આંદોલનોએ પોતાનાં સંઘર્ષો માટે જે આગવું સાંસ્કૃતીક શસ્ત્ર તૈયાર કર્યું — એ 'શેરીનાટક'

'શેરીનાટકની ઐતીહાસીક પૃષ્ઠભુમી' વીષય પરના અભ્યાસ લેખમાં સુ.શ્રી. રતી બાર્થોલોમ્યો[3] લખે છે કે:

"આપણા દેશના બધા જ પ્રદેશોમાં લોકનાટ્યોની પ્રણાલી જીવંત હોવા છતાં આધુનીક શેરી નાટકનું મુળ શોધવા આપણે ક્યાંક બીજે નજર દોડાવવી પડશે. ઓગણીસમી સદી દરમીયાન યુરોપમાં શ્રમીક આંદોલનો ઉભર્યાં. સ્વાભાવીક રીતે જ નુતન રાજનૈતીક વીચારોના પ્રચાર-પ્રસાર માટે સક્ષમ સાંસ્કૃતીક માધ્યમો શોધવાની મથામણ શરૂ થઈ. ખાસ કરીને રંગભુમી ઉપર ધ્યાન કેન્દ્રીત થયું. સ્પષ્ટ છે કે, વર્ગ આધારીત સમાજરચનામાં સુસ્થાપીત નાટ્યસ્વરુપોનો ઉપયોગ અશક્ય હતો; અને પરંપરાગત રંગભુમી એનાં મુલ્યોને કારણે એના હેતુ પાર પાડવા માટે સક્ષમ નહોતી. શરુઆતના સમયમાં મધ્યમવર્ગી લેખકોના નાટકો જ રૂપાંતરીત થઇ રજુ થતાં રહ્યાં. પછી તો કામદાર ક્લબો(સંસ્થાઓ—સંગઠનો) અસ્તીત્વમાં આવી. વૈકલ્પીક રંગભવનો શોધી કઢાયાં અથવા તો ખુલ્લાં ચોગાનોમાં નાટકો ભજવાવાં માંડયાં. ક્રમશઃ કામદારો પોતે અથવા પાર્ટી કાર્યકર્તાઓ જાતે નાટકો લખવા માંડયા. જો કે, એ નાટકોમાં પણ મધ્યમવર્ગીય અસરો અચુક વણાયેલી રહેતી."





કૈંક આ રીતે શેરી-નાટકોનો ઉદ્ભવ થયો. અલબત્ત, એ નાટકોનું સ્વરુપ સુગ્રથીત નહોતું. મુખ્યત્વે કામદાર સંગઠનોના સંદેશાઓનો પ્રચાર-પ્રસાર તથા વર્ગીય ચેતનાને વીકસાવવાના ઉદ્દેશો તેમાં મુખ્ય હતાં. સ્વરુપની દૃષ્ટીએ તેમાં લોકનાટ્યોનાં તત્વો વધારે હતાં કેમ કે, કામદારો એને ભજવતાં, પરંતુ તેનું લખાણ મુખ્યત્વે કામદાર આંદોલનોની નેતાગીરી લેનાર શીક્ષીત, ભદ્ર વર્ગીય આગેવાનો કરતાં તથા તેનો હેતુ આંદોલનને વીકસાવવાનો હોવાથી એની રજુઆત મહદ્અંશે સુત્રોચ્ચાર જેવી રહેતી.

કામદાર સંગઠનોની જેમ જ આ નાટ્યસ્વરૂપનો મહત્ત્વપુર્ણ ઉપયોગ આ સદીની શરૂઆતમાં યુરોપમાં ઉભરેલી મહીલા મતાધીકાર માટેની 'સફ્રેજેટ મુવમેન્ટ'*[4]માં થયો. આધુનીક સ્ત્રી-મુક્તી આંદોલનની જનેતા સમી એ લડતમાં મહીલાઓ દ્વારા લખાયેલ, પરંતુ પુરુષોના નામે રજુ થયેલ અનેક (શેરી) નાટકો ભજવાયાં, જેમાંનું એક અત્યંત જાણીતું બનેલું નાટક હતું. — 'હાઉ ધ વોટ વોઝ વન'. સ્વરુપની દૃષ્ટીએ એ નાટકો પણ સુત્રાત્મક અને બીબાંઢાળ પ્રકારનાં હતાં. — પરંતુ બીજી અનેક રીતે એ પરંપરાગત અને શીષ્ટ નાટકો કરતાં નોખાં હતાં. આ રીતે શરૂ થયેલ 'શેરીનાટક' ના સ્વરુપ અને શૈલીના વીકાસમાં નોંધપાત્ર વળાંક આવ્યો રશીયામાં સફળ થયેલ સર્વહારા ક્રાન્તી પછીના તરતના ગાળામાં. સફળ ક્રાન્તીએ આધુનીક શેરીનાટકના સ્વરુપને ખાસ્સું નક્કર અને સુગ્રથીત બનાવ્યું. 'શેરીનાટકની પરંપરા' વીશેના લેખમાં બીરાદર સફદર હાશ્મી નોંધે છે કે:

"આજે આપણે જેને 'શેરીનાટક' તરીકે ઓળખીએ છીએ તેના સ્વરુપ અને શૈલીનો સૌ પ્રથમ અણસાર આપણને 1917ની રશીયન ક્રાંતી પછીના તરતના ગાળામાં મળે છે. ઓક્ટોબર ક્રાંતીના પ્રથમ વાર્ષીકોત્સવની ઉજવણી વખતે વ્સેવલોદ મેયરહોલ્દે[4] કવી વ્લાદીમીર માયકોવ્સ્કીના નાટક 'મીસ્ટીરીયા બુફે'ની રજુઆત, સરકસના રમુજીખેલોનાં મુળતત્વો અને ક્રાન્તીકારી કાવ્યનો સમન્વય સાધીને, હજારોના માનવ-મહેરામણ સમક્ષ શહેરના ચોખંડામાં કરી. આ પ્રકારની નાટ્ય રજુઆતો થોડાં વર્ષો સુધી સર્વહારા વર્ગની નુતન રાજ્યવ્યવસ્થાના ઘણાં પ્રદેશોમાં ખાસ્સી પ્રચલીત થતી રહી. આ એક નવી શૈલીના 'ઍજીટ

પ્રોપ'(શેરીનાટક)નો પ્રારંભ હતો; જે શેરીઓમાં, કારખાનાંઓના દરવાજે, બજારોમાં, ગોદામોમાં, મેદાનોમાં, કામદાર વીસ્તારોમાં ભજવાતાં રહેતાં હતાં. અનીવાર્યપણે રાજનીતીક પ્રકૃતી ધરાવતું આ નાટ્યસ્વરુપ એના પ્રેક્ષકોને રંગભવનોમાં બોલાવવાને બદલે સામે ચાલીને એમના રહેઠાણનાં વીસ્તારોમાં અને રોજગારીના સ્થળે જતું. એ સ્વરુપ – જનતાના જનતાંત્રીક મીજાજ અને એના જીવનને સ્પર્શતી રોજીંદી ઘટનાઓ અને વીકાસક્રમના અર્થઘટનોને સાકાર કરતું એક સ્વૈચ્છીક સાધન બની ચુક્યું હતું.

આ જ રીતે એ સમગ્ર વીશ્વમાં પહોંચ્યું. ત્રીજા દાયકાના મધ્યમાં આધુનીક રંગભુમી ચીનમાં પહોંચી અને એના બે જ વર્ષ પછી ત્યાં તેના 'શેરી અવતાર'નું અવતરણ થયું. સામ્યવાદી પક્ષના નેજા નીચે સંગઠીત થઈ રહેલ ખેતમજૂરો અને કામદારોની સભાઓમાં તેની રજુઆતો થવા માંડી. ઐતીહાસીક 'લોંગ માર્ચ' દરમીયાન અને પછી ઘણાં 'મોબાઈલ નાટ્ય જુથો' 'પીપલ્સ આર્મી'ની સાથે ઘુમતાં રહ્યાં.

'શેરી નાટક'ના આધુનીક સ્વરુપના ઘડતર વીશે સુ.શ્રી. રતી બાર્થોલૉમ્યો પણ સફદરે રજુ કરેલ ઐતીહાસીક તથ્યને પુષ્ટી આપતાં નોંધે છે કેઃ

''1920 આવતાં સુધીમાં પરીસ્થીતીએ ખાસ્સો પલટો ખાધો. 1917ની રશીયન ક્રાન્તીએ રંગભૂમીના વીષયવસ્તુમાં એક નવી જ ધારણા ઉમેરી તથા રજુઆતની એક અનોખી શૈલીને સાકાર કરી. રંગભવનોમાં પ્રસ્તુત થતાં ક્રાંતીરંગી નાટકો (જેના વીષયવસ્તુ અને સ્વરુપમાં પણ ઘરખમ પરીવર્તન આવ્યું હતું.)ની સાથે સાથે દુર-સુદુરના પ્રદેશોમાં અભણ-નીરક્ષર પ્રજા સુધી ક્રાન્તીનો (નવી સમાજરચનાનો) સંદેશો પહોંચાડવા માટે સોવીયેત સમુહો તથા સર્વહારા સંગઠનોએ ગીતો અને લઘુનાટકોની સહાય લીધી. ઠેર ઠેર ફરીને તેની રજુઆતો કરી. બીજા દાયકાની શરૂઆતમાં આમાંના કેટલાક સમુહો જર્મની પહોંચ્યા. જર્મન કામદાર વર્ગે પણ આ નુતન નાટ્યશૈલીને ઉત્સાહભેર અપનાવી લીધી.''

''રંગશાળાઓમાં નાટકો ભજવતાં કેટલાંક બ્રીટીશ કામદાર સમુહો જર્મની આવ્યા અને ત્યાંના શેરીનાટકોની જીવંત અસરોથી અત્યંત પ્રભાવીત થઈ ગયા. બીજા





દાયકામાં કેટલાક મહાન રુસી રંગકર્મીઓએ વીકસાવેલી શારીરીક ટેકનીકો પણ એમણે અપનાવી લીધી. અમેરીકામાં પણ લગભગ આમ જ બન્યું''.

શેરીનાટકના ઉદ્ભવ અને વીકાસ વીશેની આટલી ભુમીકા એટલું અચુકપણે સ્પષ્ટ કરી આપે છે કે – ઔદ્યોગીક ક્રાંતી એની જન્મદાતા છે અને મુડીવાદી વીકાસે માનવજીવનમાં સર્જેલા આંતરવીરોધોએ વીકસાવેલી માનવ ચેતના એના મુળમાં છે. અને એથી જ એ પરીવર્તનનું સાધન છે – શસ્ત્ર છે.

*(નવગુજરાત ટાઈમ્સ, તા. 28-8-1994)*

**પ્રકરણ-2**

# ભારતમાં શેરીનાટકનો ઉદ્‌ગમ અને વીકાસ

## 1. *સંઘર્ષના શસ્ત્ર (શેરીનાટક) નું ભારતમાં આગમન*

શેરીનાટક એટલે અનીવાર્યપણે સામાજીક – આર્થીક – રાજકીય સંઘર્ષનું આધુનીક યુગ (મુડીવાદી વ્યવસ્થા)માં જન્મેલું અને વીકસેલું એક સાંસ્કૃતીક શસ્ત્ર. આ મુદ્દાની આપણે ગયા લેખમાં મહદ્અંશે સ્પષ્ટતા કરી અને સાથે સાથે એ જ સંદર્ભમાં ગઇ સદીના ઉત્તરાર્ધમાં યુરોપીય દેશોમાં ઉભરેલાં મજુર આંદોલનો, 1917ની મહાન રશીયન ક્રાંતી તથા ચીની ક્રાંતીની પુર્વભુમીકા સમી 'લોંગ માર્ચ' દરમીયાન એનો ઉદ્‌ભવ અને વીકાસ કઇ રીતે થયો – એની નોંધો ઉપર એક ઉડતી નજર નાંખી.

સંઘર્ષનું આ આધુનીક શસ્ત્ર આ સદી દરમીયાન વીશ્વના અનેક દેશોમાં, વીવીધ પ્રકારનાં આંદોલનો દરમીયાન ઉજાગર થયું છે – ઉપયોગમાં લેવાયું છે. એ વીશે એક અભ્યાસલેખમાં બીરાદર સફદર હાશ્મી આ પ્રમાણે નોંધ લે છે:

''ઘણાં દેશોની શેરીઓમાં ખરાખરી(સંઘર્ષ)ના સમયે શેરીનાટકો અસ્તીત્વમાં આવ્યાં છે. સ્પેનમાં 'સીવીલ વૉર' (નાગરીક યુધ્ધ)ના સમયમાં, વીયેતનામમાં પીસ્તાળીસ વર્ષ સુધી ચાલેલા જાપાનીઝ,ફ્રેન્ચ અને અમરીકન આક્રમાણખોરો સામેના યુધ્ધ દરમીયાન, ક્યુબામાં જનક્રાંતી પછીના તરતના ગાળામાં (ત્યાં તો આજે પણ





શેરીનાટકોનો વ્યાપકપણે ઉપયોગ થઇ રહ્યો છે.), સમગ્ર લેટીન અમેરીકા અને આફ્રીકામાં – જ્યાં રાષ્ટ્રીય મુક્તી માટેના ખુનખાર સંઘર્ષો ખેલાયા. અમેરીકામાં પણ મેક્સીકન ખેતમજુરો અને નીગ્રો પ્રજાજનોએ સંઘર્ષ અને સંગઠનના સાધન તરીકે શેરીનાટકોનો વ્યાપક ઉપયોગ કર્યો છે. ફ્રાન્સમાં પણ સાતમા દાયકાના અંતભાગની રાજકીય ચળવળોમાં શેરીનાટકોએ નોંધપાત્ર ભુમીકા ભજવી હતી અને એ જ રીતે ઇન્ગ્લેન્ડમાં આજે પણ કામદાર સભાઓ અને વીદ્યાર્થી સંમેલનોમાં શેરીનાટક મહત્ત્વની ભુમીકા ભજવી રહ્યું છે.''

સંઘર્ષના આ અનન્ય શસ્ત્રનું આપણા દેશમાં લગભગ 1940ની આસપાસ આગમન થયું. બીજા વીશ્વયુધ્ધ દરમીયાન ઉભરેલાં ફાસીવાદી પરીબળો અને આપણા દેશ પરની વીદેશી સત્તાના સબળ પ્રતીકાર માટે આમજનતાને જાગૃત અને સંગઠીત કરવાના હેતુથી ભારતીય સામ્યવાદી પક્ષે 'ઇપ્ટા'★[5](ઇન્ડીયન પીપલ્સ થીએટર) અને પી.ડબલ્યુ.એ.★[6] (પ્રોગ્રેસીવ રાઇટર્સ એસોસીએશન)ના માધ્યમથી સંઘર્ષના આ શસ્ત્રને આપણી ધરતી ઉપર આણ્યું. અલબત્ત, એ સમયે શેરીનાટકનું સ્વરુપ પ્રમાણમાં ઘડાઇ ચુકેલું હતું; રશીયા, યુરોપીય દેશોની ક્રાંતી તથા ચળવળો દરમીયાન ખાસ્સું ધારદાર બની ચુકેલું હતું. જ્યારે હકીકત એ છે કે – વીદેશી સત્તાની સાંકળોને તોડવા માટે તેમજ આમજનતામાં સ્વતંત્રતાના સંદેશાના પ્રચાર-પ્રસાર માટે અણઘડ સ્વરુપના અથવા તો બીજા શબ્દોમાં કહીએ તો – 'શેરીનાટક' જેવા કૈંક મુળભુત તત્વો ધરાવતા સાંસ્કૃતીક સ્વરુપનો ઉદ્‌ભવ તો આપણે ત્યાં લગભગ આ સદીની શરૂઆતથી જ થઇ યુક્યો હતો.

'શેરીનાટક'ના ભારતમાંના આગમન વીશે ''શેરીનાટકની ઐતીહાસીક પૃષ્ઠભુમી'' લેખમાં સુ.શ્રી. રતી બાર્થોલોમ્યો નોંધે છે કે:

''આપણા દેશના રાષ્ટ્રીય આંદોલન દરમીયાન ગામેગામ ઘુમીને રાજકીય ચેતના ફેલાવવાનું કામ રસ્તા પર ગાનારા ગવૈયાઓએ – જેમ કે બંગાળના 'બાઉલ' વગેરેએ – કર્યું હતું. 1876ના 'થીએટર સેન્સરશીપ એક્ટ'નો અંગ્રેજ શાસકોએ ચુસ્ત અમલ લાગુ કર્યો હોવાથી રંગભુમીના મુખ્ય પ્રવાહે ઇતીહાસ અને પુરાણકથાઓની આડમાં સીફતપુર્વક અંગ્રેજ શાસન વીરુધ્ધની સામગ્રી પીરસવાનું

ચાલુ કર્યું. ગ્રામીણ વીસ્તારોમાં આ ચેતનાને ઘેરઘેર પહોંચાડવા સ્થાનીક નાટ્યસ્વરુપોનો ઉપયોગ થયો. દા.ત. 1905માં બંગાળના ભાગલા વખતે 'જાત્રા' અને 'લોક સંગીત' સમુહોએ શહેરોમાંથી ગામડાંઓમાં જઇ શાસન વીરોધી પ્રચાર કર્યો. 'જાત્રા'ની શૈલી પણ પ્રતીકાત્મક અને ઐતીહાસીક સામગ્રીના આધારે જ ઘડવામાં આવતી હતી. અહીં નોંધપાત્ર બાબત એ છે કે - પ્રચલીત મનોરંજનનાં પરંપરાગત સાધનો, વીચારોના (ચેતનાના) પ્રચાર-પ્રસારનાં માધ્યમો તરીકે અભીવ્યકત થયા હતા. પ્રચાર-પ્રસારના માધ્યમોની દીશામાં કોઇ નવી શોધ નહોતી થઇ શકી. બીજા દાયકા અગાઉ યુરોપમાં પણ આ જ સ્થીતી જોવા મળે છે.

ત્રીજા દાયકાના મધ્યભાગમાં અને ચોથા દાયકાના આરંભમાં આપણને ત્યાર પછીના તબક્કાના સ્પષ્ટ અણસાર મળે છે. પશ્ચીમમાં પણ આ જ અરસામાં નવો તબક્કો ઉપસી આવતો જણાય છે. ભારતમાં 1935માં 'પ્રગતીશીલ લેખક સંઘ' (પ્રોગ્રેસીવ રાઇટર્સ એસોસીએશન)નો જન્મ થયો – તેનાં મુળગત કારણોમાં મુડીવાદી સંકટ તથા ફાસીવાદી શાસનનો પ્રચાર-પ્રસાર ગણાવી શકાય. ત્રીજા દાયકાના અંતમાં તથા ચોથા દાયકાની શરૂઆતમાં ખેત-મજુરો તથા કામદાર વર્ગના આંદોલનોમાં ભરતી આવવાની સાથે જ નવી આશા અને આત્મવીશ્વાસથી થનગનતા લેખકો અને કલાકારોનો એક નવો જ ફાલ આમજનતાની વચ્ચે ઉજાગર થયો. આ જ અરસામાં કેટલાક પ્રદેશોમાં ફાસીવાદ વીરોધી નાટકો ભજવાવાં શરૂ થયાં. ગ્રામીણ ગાયકો તથા કારખાનાંઓના કામદારોએ 'રાષ્ટ્રીય એકતા' અને પ્રગતીશીલ પરીબળો'ના ગઠબંધન સંબંધે ગીતો લખવા અને લલકારવા માંડયાં. પરીણામે જનતાની પ્રગતીશીલ ગતીવીધીઓને સંગઠીત તથા સંચારીત કરવાના હેતુથી 1943માં 'ઇન્ડીયન પીપલ્સ થીએટર' – 'ઇપ્ટા'- અસ્તીત્વમાં આવ્યું. એના ઢંઢેરામાં આ મુજબની જાહેરાત કરવામાં આવી-

(ભારતની) જનતા સામે તત્કાળ ઉકેલ માંગતી બે મુખ્ય સમસ્યાઓ ઉપસ્થીત થઇ છે!

1. ફાસીવાદી પરીબળો દ્વારા બાહ્ય આક્રમણની.





2. વીદેશી સરકાર દ્વારા આંતરીક દમનની.

એને અનુલક્ષીને 'ઇન્ડીયા પીપલ્સ થીએટર'નો વર્તમાન હેતુ આ પ્રમાણે રહેશે – 'રંગભુમી તથા અન્ય પારંપરીક સાધનોના ઉપયોગ વડે જનતાના અધીકારોની, એને લગતી જાણકારીની, એના મહત્વની તથા અનેક વર્તમાન સમસ્યાઓની અને એના ઉકેલોની સચોટ તથા યાદગાર રજુઆત કરવી.'

ઇપ્ટાનું આંદોલન દ્વીમુખી હતું-

- શહેરી રંગભુમીના તખ્તા પર અધીકાર જમાવી બેસી ગયેલ પશ્ચીમી સંસ્થાનવાદી રંગમંચના વીકલ્પે સ્વદેશી નાટ્યસ્વરૂપોનો વીકાસ કરવો.
- રંગભુમીના હેતુઓ તથા પ્રેક્ષકોની સીમા વીસ્તૃત કરવા લઘુ અને સ્વચ્છ-સીધાં નાટકો સામે ચાલીને આમજનતા સુધી પહોંચાડવાં; એ નાટકો એવાં હોય જે તત્કાલીન સમસ્યાઓ તેમજ વાસ્તવીકતાઓને સ્પષ્ટ રીતે રજુ કરતાં હોય અને ખાસ કરીને સામ્રાજયવાદ તથા ફાસીવાદ પર પ્રહાર કરતાં હોય.

આ રીતે 'ભારતીય સામ્યવાદી પક્ષ' (અવીભાજ્ય)એ એક વીસ્તૃત આધારશીલા પર ઉપરોક્ત આંદોલનની ઇમારત ખડી કરવાનાં પ્રયત્નો આરંભ્યા. ક્રમશઃ એની અસર આખાયે દેશમાં પ્રતીબીંબીત થવા માંડી. એ આંદોલને પ્રત્યેક ક્ષેત્રમાં પોતાને ઉપકારક સાંસ્કૃતિક માધ્યમોની પસંદગી કરી; પછી એ ક્ષેત્ર – કવીતા, ગીત, નાટક કે લોકકલાના રુપાંતરોનું હોય કે પછી સમુહસર્જનનું માધ્યમ હોય. દા.ત. પંજાબ એકમે પોતાનાં નાટકોને સામુહીક પ્રયત્નો વડે વીકસીત કર્યાં અને રજુઆત પછી પણ એમાં સતત સુધારા-વધારા કરવાનો અભીગમ અપનાવ્યો. શાંતા ગાંધી[9]એ મુંબઇની ઝુંપડપટ્ટીઓમાં ફરી ફરીને રેશનની સમસ્યા, પાણીના પ્રશ્નો વગેરે ભવાઇવેશના સ્વરૂપમાં ચોટદાર રીતે રજુ કરી બતાવ્યાં. આ નાટ્યસ્વરુપોની કડી દેખીતી રીતે જ આખાયે વીશ્વમાં પ્રસાર પામી રહેલા રાજકીય શેરીનાટકો સાથે જોડાયેલી હતી'.

શેરી નાટકના ભારતમાં આગમન વીશેના સુ.શ્રી. રતી બાર્થોલોમ્યોના આ મંતવ્યો અને તારણો સાથે મહદ્અંશે તમામ નાટ્યઅભ્યાસુઓ સંમત થાય છે. પાંચમા દાયકાની શરૂઆતમાં 'ઇપ્ટા'એ દેશભરમાં ચલાવેલ 'શેરીનાટક આંદોલન' સાથે સક્રીય રહેલ બલરાજ સહાની[6] કે જશવંત ઠાકર[7] જેવા મહાનુભવો તો હવે આજે આપણી વચ્ચે નથી રહ્યાં પરંતુ હબીબ તન્વીર જેવાં થોડાં મહાનુભવો જરુર આપણી વચ્ચે છે અને આજે પણ રંગભુમી ક્ષેત્રે સક્રીય છે. 'ઇપ્ટા'ના એ સમયના 'શેરીનાટક' આંદોલન વીશે હબીબજી એક સ્થળે નોંધે છે કેઃ

''ઇપ્ટા'ના સમયમાં, મુંબઇમાં અમે જે રીતે 'શેરીનાટક' લખતાં અને ભજવતાં એને 'પોસ્ટર થીએટર' જ કહેવું વધારે ઉચીત ગણાશે. હકીકતમાં અત્યારે સમગ્ર ભારતમાં શેરીનાટક આંદોલન જે સ્તર પર પહોંચ્યું છે – એનો યશ સફદર હાશ્મીને જાય છે.''

હબીબજીના આ અંતીમ વીધાન સાથે આપણે સૌએ સંમત થવું પડે. સ્વતંત્રતાપ્રાપ્તી પછીના લગભગ અઢી દાયકા સુધી અનેક રાજકીય-સામાજીક કારણોસર 'શેરીનાટક' આપણા દેશમાં પર્દા પાછળ ધકેલાઇ ગયું હતું. એના આધુનીક અને સ્ફોટક સ્વરુપનો આપણે ત્યાં પુનઃર્જન્મ થયો – ઇન્દીરા ગાંધીએ લાદેલ 'કટોકટી' પછીના તરતના ગાળામાં એટલે કે – આપણા દેશની આમજનતાની રાજકીય ચેતનાના સ્ફોટક પુનઃર્જન્મની સાથે જ. 'શેરીનાટક'ના આપણે ત્યાંના પુનઃર્જન્મની વાત આવતી વખતે.

આજની આપણી વાત પુરી કરીએ, 'ઇપ્ટા' અને ભારતીય સામ્યવાદી પક્ષના આજીવન સક્રીય કાર્યકર સ્વ.શ્રી. ઉત્પલ દત્તની[8] એક નોંધ સાથેઃ

''છેક 1950 થી ડાબેરીઓએ ચુંટણીસભાઓમાં શેરીનાટકોનો ઉપયોગ શરુ કર્યો હતો તે આજ સુધી સતત ચાલતો જ રહ્યો છે.''

*(નવગુજરાત ટાઇમ્સ, તા. 4-9-1994)*





## 2. *'કટોકટી'એ સાકાર કર્યો ભારતમાં શેરીનાટકનો પુનઃર્જન્મ*

1947માં ભારતને વિદેશી સત્તાની ગુલામીમાંથી આઝાદી મળી અને એની સાથે જ દેશની આમજનતાના મુક્તી માટેના સંઘર્ષનું પ્રથમ અને પ્રાથમીક ચરણ પુરું થયું. જો કે, સંઘર્ષ તો જનતાએ એ પછીએ ચાલુ જ રાખવાનો હતો – સાચું સ્વાતંત્ર્ય મેળવવા માટે, ખરા અર્થમાં સામાજીક, આર્થીક, રાજકીય સમાનતા મેળવવા માટે. પરંતુ એક તરફ વીદેશી સત્તાની ગુલામીમાંથી મળેલી મુક્તી અને બીજી તરફ સ્વદેશી સત્તાએ જાહેર કરેલ 'લોકતાંત્રીક' વ્યવસ્થાએ જનતાને વીભ્રમીત કરી દીધી. સંઘર્ષના બાકીનાં પગથીયાંને એ વીસરી ગઇ અને 'પહેલા પગથીયે' જ તાનમાં આવી ઝુમવા માંડી, રંગબેરંગી સ્વપ્નાં જોવા માંડી. અલબત્ત, દેશની આ કમનસીબી માટે જનતા કરતાંયે વધારે જવાબદાર દેશમાંના મુઠ્ઠીભર ક્રાંતીકારી પરીબળો હતાં. જનતાને સાચી સ્વતંત્રતા તથા સમાનતા માટેના સંઘર્ષ દીશા ચીંધવાનું તેમજ 'આઝાદી' મેળવવા માટેની એણે દાખવેલ ખમીરને ચેતનવંતુ રાખવાની જવાબદારી એમના શીરે હતી, પણ અનેક કારણોસર તેઓ ભ્રમીત થઇ ગયાં, ખંડીત થઇ ગયાં અને ઘણાઅંશે દીશાશૂન્ય થઇ ગયાં. પરીણામે સ્વાભાવીક રીતે જ 'આઝાદીની ચળવળ' દરમીયાન જનતાના વીદ્રોહને વાચા અને ગતી આપવા માટે એમણે આણેલું 'સંઘર્ષનું શસ્ત્ર' – શેરીનાટક – સંઘર્ષના અભાવે સુષુપ્તાવસ્થામાં ધકેલાઇ ગયું.

આઝાદી પછી લગભગ દોઢેક દાયકે સ્વદેશી શાસકોની સોનેરી શમણાંની જાળમાં જકડાયેલી જનતા સળવળી. 'આ સાચું સ્વ-રાજ નથી' –નો ખ્યાલ એને બેચેન કરવા માંડ્યો. એના દીલના ઉંડાણમાં ધરબાઇ ગયેલી વીદ્રોહ અને અસંતોષની આગ ફરી એકવાર ચેતનવંતી બનવા માંડી. વીભ્રમીત ક્રાંતીકારી પરીબળોને પણ પોતાની ભુલોનો થોડોઘણો અંદાજ આવી ચુક્યો હતો. લગભગ સાતમા દાયકાના મધ્યમાં ફરી એકવાર દેશમાં વીવીધસ્તરે વીવીધ ચળવળોનો દોર શરુ થયો. કીસાન ચળવળો, મજુર આંદોલનો, વીદ્યાર્થી આંદોલનો, મહીલા નવજાગૃતી, દલીત ચેતના, વધતી જતી બેકારી અને મોંઘવારી સામેનો આક્રોશ

વગેરે અનેક સ્વરુપે આમજનતાએ સ્વદેશી શાસકો સામે અવાજ ઉઠાવવાની કોશીશ કરવા માંડી. સાતમા દાયકાના અંત ભાગમાં તો 'નક્સલવાદી' આંદોલને શાસકોની ઉંઘ હરામ કરી દીધી. આઠમા દાયકાની શરૂઆતમાં 'જે.પી. મુવમેન્ટ' જેવી ચળવળો પણ સપાટી ઉપર આવી. ગુજરાતના 'નવનીર્માણ' આંદોલનને પણ આ જ સમયગાળાની એક નોંધપાત્ર ચળવળ ગણી શકાય. જો કે, આ બધા છતાં આપણે ત્યાં સંઘર્ષના શસ્ત્રનો પુનર્જન્મ સાકાર ન થયો, કેમ કે — આ ચળવળોનાં ચાલકબળો હતાં — જનતાનું ભ્રમનીરસન અને અસંતોષ; કોઈ 'સુગ્રથીત' કે 'સામગ્રીક' સમજણનો એમાં અભાવ હતો. અને છતાં એ પણ હકીકત હતી કે — જનતાનો ભભુકતો જતો આક્રોશ શાસકો માટે ડરામણો હતો. છેવટે 1975માં સ્વદેશી શાસકોએ દેશની જનતા ઉપર 'કટોકટી' લાદી દીધી.

'કટોકટી'એ ચળવળો અને આંદોલનોના સમીકરણોમાં નવું જ પરીવર્તન આણ્યું. 'લોકશાહી' વીશેના જનતાના રહ્યાસહ્યા ભ્રમો નેસ્તનાબુદ થઈ ગયા. એની સામાજીક, આર્થીક, રાજકીય ચેતનાએ નવો જ વળાંક લીધો. સંઘર્ષો અને ચળવળોનો સ્વર વધુ બુલંદ અને તીવ્ર બન્યો. પરીણામે જનતાની રાજકીય ચેતના વધુ વ્યાપક બની અને 'મુળભુત નાગરીક અધીકારો'ના મુદ્દાએ જનતાને તથા તેની વીવીધ ચળવળોને એક હદે 'સંગઠીત' અથવા 'સુગ્રથીત' કરવા માંડી. અને દમન તથા વીદ્રોહની આ સ્થીતીએ, લગભગ ત્રણ-સાડાત્રણ દાયકા પછી આઠમા દાયકાના અંત ભાગમાં, આપણા દેશમાં 'સંઘર્ષના શસ્ત્ર' — શેરીનાટક — નો પુનર્જન્મ સાકાર કર્યો.

'શેરીનાટક'ના ઉદ્ભવની જેમ જ એના પુનર્જન્મ વીશે પણ હજુ સુધી કોઈ સીલસીલાબંધ અને વ્યવસ્થીત ઈતીહાસ કે તવારીખ પ્રાપ્ય નથી, પરંતુ આઠમા દાયકાના અંતથી શરુ કરીને આખાયે નવમા દાયકા દરમીયાન જે રીતે દેશમાં અને ચળવળો-આંદોલનોમાં એનો અસરકારક તથા નોંધપાત્ર ઉપયોગ વીસ્તરતો રહ્યો તેમજ શહેરી જનતાએ એને 'સંઘર્ષના શસ્ત્ર' તરીકે સ્વીકૃત કરવા માંડ્યું. — એ જોતાં, એ સમયના એના પુનરાગમન વીશે કોઈ બેમત નથી પ્રવર્તતો. અહીં આપણે નાનકડી નોંધ લઈ લેવી જોઈએ કે — આઝાદીના આગમનથી માંડીને





આઠમા દાયકાના અંત સુધી આપણે ત્યાં ક્યારેય, કોઈ 'શેરીનાટકો' નથી ભજવાયાં એવું નથી. ગયા લેખમાં આપણે નોંધ્યું હતું કે, ડાબેરી પક્ષોએ ચુંટણીઓ વખતે એનો ઉપયોગ ચાલુ રાખ્યો હતો. એ જ રીતે કેટલાંક છુટાછવાયા પ્રસંગોએ, ચળવળો અને આંદોલનોમાં પણ એનો ઉપયોગ થયો હતો, તો કદીક કંઈક નવું કરવાની ખેવનાવાળા 'રંગધર્મીઓએ' પણ 'શેરીનાટક' જેવું કૈંક ભજવવાની ચેષ્ટાઓ કરેલી. પરંતુ 'સંઘર્ષના શસ્ત્ર' તરીકેના પોતાના મુળભુત ગુણધર્મો સાથે તો શેરીનાટકોનો પુનર્જન્મ 'કટોકટી'ને કારણે જ થયો.

શેરીનાટકના પુનર્જન્મને સાકાર કરનાર સાંસ્કૃતીક કર્મશીલો કોણ? — સવાલનો પણ કોઈ સચોટ જવાબ નથી. 'કટોકટી'એ અલગ અલગ વીદ્રોહી પરીબળોને એક હદે એક સમાન ભુમીકા ઉપર લાવી દીધાં અને તેથી એ પરીબળો સાથે સંકળાયેલ અને 'કટોકટી' અગાઉના એકાદ દાયકાથી સાંસ્કૃતીક પ્રવૃત્તીઓ અને વૈકલ્પીક રંગભુમીના માધ્યમ દ્વારા જનતામાંની વીદ્રોહની ભાવનાને ઉજાગર કરવા મથી રહેલ કેટલાંક રાજકીય-સાંસ્કૃતીક કર્મશીલોએ લગભગ એક જ અરસામાં 'શેરીનાટકો' શરુ કર્યા. આ સંદર્ભમાં જે નોંધપાત્ર નામો ઉપલબ્ધ છે એમાં 1973માં દીલ્હી ખાતે સ્થાપાયેલ 'જન નાટ્ય મંચ'(જનમ) ના અગ્રણી સફદર હાશ્મી, 1962-63ની આસપાસ અમૃતસરમાં 'અમૃતસર કલા કેન્દર'★[7](અમૃતસર સ્કુલ ઑફ ડ્રામા) સ્થાપનાર ગુરશરણસીંહ[9], 1974માં દીલ્હી ખાતે 'નીશાંત નાટ્ય મંચ'★[8]ને અસ્તીત્વમાં લાવનાર શમ્સુલ ઈસ્લામ[10] તથા આખાયે કેરાલા રાજ્યમાં જનજાગૃતી અને સમાજ તથા જનજીવનમાં વીજ્ઞાનનો નોંધપાત્ર પ્રચાર-પ્રસાર કરનારા 'કેરાલા શાસ્ત્ર સાહીત્ય પરીષદ' (કે.એસ.એસ.પી.) જેવી ડાબેરી વીચારસરણી સાથે સંકળાયેલ સંસ્થાઓ — વ્યક્તીઓનો સમાવેશ થાય છે.

'કટોકટી' ઉઠતાંની સાથે સાથે જ આ સૌએ પુરી તાકાતથી શેરીનાટકને આપણા શહેરોની શેરીઓમાં આણવા માંડ્યું. પોતાની અને ('જનમ'ની પણ) શેરીનાટ્ય પ્રવૃત્તીની શરૂઆત વીશેનું સફદરનું એક બયાન, ભારતમાંના શેરીનાટકના પુનર્જન્મની ઘટના અને સંજોગો બાબતે એકદમ પ્રતીકાત્મક અને સચોટ છે. આ

બયાન સફદરે, યુજીન વૉન ઈરવીન નામના એક યુરોપીયન સાંસ્કૃતીક કર્મશીલ અને છબીકારે જ્યારે પોતાના અભ્યાસ નીબંધ "સ્ટડી ઑફ ધી થીએટર ઑફ લીબરેશન ઈન એશીયા એન્ડ સાઉથ પેસીફીક" માટે સફદરની મુલાકાત લીધી હતી, ત્યારે એણે આપ્યું હતું. આ બયાનનો સંદર્ભ – 12 જુન, 1975ના દીવસે અલ્હાબાદ હાઈકોર્ટે શ્રીમતી ઈન્દીરા ગાંધીની સંસદ સભ્ય તરીકેની ચુંટણી ગેરલાયક ઠરાવતો ચુકાદો આપ્યો અને એ પછી તત્કાળ જે કાંઇ થયું, એ બનાવો અને સમયગાળા અંગેનો છે.

"હવે જ્યારે એમણે (ઈન્દીરાજીએ) અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદા પછી રાજીનામું આપવાની ના પાડી, ત્યારે અમને તત્કાળ એક વીચાર આવ્યો અને અમે એક નાનકડી 'સ્ક્રીપ્ટ' લખી – 'કુર્સી, કુર્સી, કુર્સી'. એમાં ખુરશી પર બેઠેલા એક ચુંટાયેલા રાજાની વાત હતી. બીજી ચુંટણીમાં નવો રાજા ચુંટાયો. હવે પહેલો રાજા જ્યારે ખુરશી પરથી ઉભો થવા ગયો ત્યારે ખુરશી એની સાથે ચીટકેલી જ રહી અને એ પણ ઉંચી થઈ. બધાએ ખુરશીને રાજાથી છુટી પાડવાના ઘણા પ્રયત્નો કર્યા, પણ બધા જ વ્યર્થ પુરવાર થયા. અમે આ સીધીસાદી મજાક(વ્યંગ)ની આસપાસ કેટલાંક સંવાદો ગોઠવી દીધા અને એની અમે બોટક્લબની લોનની બહાર રજુઆતો કરી. તે સમયે બોટક્લબ એટલે રાજકીય ગતીવીધીઓથી ધમધમતો વીસ્તાર. બપોરે 'લંચ અવર' દરમીયાન બધી જ રાજકીય પાર્ટીઓ પોતાની 'રેલીઓ'નું ત્યાં આયોજન કરે. ત્યાંની સરકારી કચેરીઓમાં લગભગ દોઢ લાખથી વધુ કર્મચારીઓ કામ કરતાં. અમે અમારી 'સ્ક્રીપ્ટ' લઈને ત્યાંના કોઈ એક ઝાડની છાયામાં પહોંચી જતાં. થોડી જ પળોમાં હજારો લોકો એકઠા થઈ જતા. અમારી 'સ્ક્રીપ્ટ' રોજેરોજ મોટીને મોટી થતી જતી હતી. રોજ એમાં નવા નવા ઉમેરા થયે જતા. ભજવણી પછી લોકો અમને ઘેરી વળતા અને કહેતા, "તમે આ રીતે કરો અને પછી પેલી વાત કરો". અમે લગભગ એક અઠવાડીયા સુધી એના પ્રયોગો કર્યા. અને આ રીતે અમારી શેરીનાટકની પ્રવૃત્તીનો ખરેખરો પ્રારંભ થયો.





આમ અજાણપણે જ (પુર્વાયોજન વીના જ) અમે એ (શેરી)નાટકની ભજવણી તરફ વળ્યા. એને વધુ અસરકારક બનાવવા માટે આવશ્યક એવો વીશીષ્ટ પ્રકારનો અભીનય એની સ્થાન-સ્થીતી-રચના, અવાજનું પ્રોજેક્શન વગેરે જરૂરી બાબતો વીશે અમે કોઈ વીચાર જ નહોતો કર્યો. બસ, અમે એ ભજવ્યું અને લોકોને એ ગમ્યું. 25 જુને કટોકટી જાહેર થઈ અને અમારા ઘણા મીત્રોની(સામ્યવાદી પક્ષના અને મજુર સંઘોના કાર્યકર્તાઓની) ધરપકડ થઈ. અમે બેબાકળા બની ગયા. અમને લાગ્યું કે – અમે ભારતીય રાજ્ય માટે જબરદસ્ત મોટો ખતરો છીએ. અમારામાંના 'ખતરા'ને અમે બઢાવીચઢાવીને જોયો અને માની લીધું કે – હવે અમારી ધરપકડો થશે. અમારા પર અત્યાચારો ગુજારાશે, અને એટલે અમે વીખેરાઈ ગયાં."

આમ વીદ્રોહની અત્યંત ભાવુક અવસ્થામાં સફદરે પોતાનું પહેલું શેરીનાટક ભજવ્યું અને અઠવાડીયા પછી ભજવવું બંધ કર્યું. પણ ખરા અર્થમાં શેરીનાટકનો – 'સંઘર્ષના શસ્ત્ર'નો પુનર્જન્મ તો આપણે ત્યાં, આ બનાવના અઢી-ત્રણ વર્ષ પછી, એટલે કે 'કટોકટી'ઉઠ્યા પછી, અને દેશમાં આઝાદી પછી સૌ પ્રથમવાર બીનકૉંગ્રેસી સરકાર – જનતાપક્ષની સરકારના આગમન પછી થયો.

'શેરીનાટક'ના પુનર્જન્મથી માંડીને ગયા દાયકા દરમીયાનની એની ગતીવીધીઓ ઉપર એક ઉડતી નજર આવતી વખતે નાંખીશું.

*(નવગુજરાત ટાઈમ્સ, તા. 11-9-1994)*

## 3. *નવમો દાયકો સામાજીક – રાજકીય પ્રવાહો અને શેરીનાટકોના જુવાળનો દાયકો*

'શેરીનાટક' રંગભુમી કરતાં વધારે સામાજીક-રાજકીય પ્રવાહો, ચેતના અને સંઘર્ષનું માધ્યમ હોવાને કારણે એના ઉદ્ભવ, વીકાસ અને ઉપયોગીતાની ગતીવીધીઓને હંમેશા સામાજીક-રાજકીય ગતીવીધીઓના સંદર્ભે મુલવવામાં આવે છે. આમ છતાં જો પળવાર માટે માત્ર રંગભુમીની દષ્ટીએ જ તપાસીએ તો

નવમા દાયકા દરમીયાન આપણે ત્યાં જે રીતે શેરીનાટકોનો જુવાળ આવ્યો હતો એ જોતાં, એ દાયકાને 'શેરીનાટકોનો દાયકો' જ ગણવો પડે. અલબત્ત, એ જુવાળ પાછળ રંગભુમીના પ્રવાહો ખાસ જવાબદાર નહોતા, દેશમાં આવેલ સામાજીક-રાજકીય પ્રવાહોની ભરતી અને મુખ્યત્વે એ દરમીયાન માથું ઉંચકી રહેલ પ્રત્યાઘાતી પરીબળો, ફાસીવાદી પરીબળો તથા તેમની સામે આકાર પામી રહેલ નવજાગૃતી જવાબદાર હતી.

ફરીથી એકવાર રંગભુમીના પ્રવાહો ઉપર દૃષ્ટીપાત કરીએ તો — આઠમો દાયકો આપણી રંગભુમી ક્ષેત્રે આધુનીક રંગમંચની મથામણોનો, પ્રયોગશીલતાનો અને એક હદે એની સ્વીકૃતીનો રહ્યો. એ દરમીયાન તખ્તાને રગદોળતા અને ગજવતા રહેલા ઈબ્રાહીમ અલ્કાઝી, ગીરીશ કર્નાડ, બી.વી. કારંથ, બાદલ સરકાર, મોહન રાકેશ, વીજય તેંદુલકર, એમ.કે. રૈના, સત્યદેવ દુબે, અમોલ અને અનુયા પાલેકર, મનોહરસીંહ, સુરેખા સીક્રી જેવાં અનેક રંગધર્મીઓ નવમા દાયકામાં પણ સતત કાર્યરત રહ્યાં; નાટ્યરસીકોના દીલોદીમાગ પર આધુનીક રંગભુમીના મહારથીઓ તરીકે સ્થાપીત પણ થયા. પરંતુ એમના નાટકો દેશની આમજનતા સુધી ન પહોંચ્યાં, માત્ર શહેરી વર્ગના અમુક ચોક્કસ નાનકડા જુથને જ તેઓ પોતાનું બનાવી શક્યા. બીજી તરફ નવમા દાયકા દરમીયાન શેરીનાટકોએ દેશના લગભગ તમામ શહેરોની આમજનતાને અભુતપુર્વ રીતે પોતાની તરફ આકર્ષી. જો કે, ગામડાંઓના વીશાળ જનસમુહ સુધી એ ખુબ ઓછા પ્રમાણમાં પહોંચ્યાં, પરંતુ આધુનીક રંગભુમીની જેમ એણે 'ગ્રામીણ દર્શકો'ને સાવ 'અછુત' ન રાખ્યા — એટલું આપણે અચુક નોંધવું જોઈએ . પંજાબ, કેરાલા જેવાં રાજ્યોમાં તો ગામેગામ શેરીનાટકો થીરકતાં રહ્યાં હતાં. (એક નોંધ પ્રમાણે લગભગ 1981 સુધીમાં ગુરશરણસીંહે પંજાબમાં 50થી વધુ 'ગ્રામીણ નાટ્ય જુથો' સ્થાપીત અને સક્રીય કરી દીધાં હતાં.) એ જ રીતે આંધ્રપ્રદેશ અને દક્ષીણના અન્ય રાજ્યોનાં ગામડાંઓમાં પણ શેરીનાટકોએ જનતાને જાગૃત કરવાનો, ચેતનવંતી કરવાનો ખાસ્સો પ્રયત્ન કરેલો. (આંધ્રપ્રદેશના અમુક વીસ્તારોમાં તો ક્રાંતીકારીઓનાં શેરીનાટકોએ 'ગ્રામીણ જનતા'ને એટલી હદે પોતાની બનાવી દીધેલી કે, એની





અસરને નાબુદ કરવા, મોળી પાડવા ત્યાંની પોલીસે પોતાનાં ખાસ 'શેરીનાટ્ય જુથો' તૈયાર કર્યાં હતાં.)

હવે નવમા દાયકા દરમીયાન દેશમાં ઉભરેલા જનતા તરફી સામાજીક-રાજકીય પ્રવાહોને ગતી આપવામાં અને પ્રત્યાઘાતી તથા ફાસીવાદી પરીબળો તેમજ 'જૈસે થે''વાદી બળોને અટકાવવાની મથામણોમાં શેરીનાટકોએ જે ભુમીકા ભજવી એના પર નજર નાંખીએ તો — ગયા દાયકા દરમીયાનની આમજનતાને સ્પર્શનારી કોઈ મહત્ત્વની સમાજીક-રાજકીય સમસ્યા કે મુદ્દો એવા નથી દેખાતા — જેને શેરીનાટક જનતા સુધી લઈ જવાનું ચુકી ગયું હોય. આ ગાળામાં દેશના અગ્રગણ્ય 'શેરી નાટ્યજુથો'એ સતત અને નીયમીત રીતે શેરીનાટકો ભજવ્યાં છે. જે કાંઈ છુટક માહીતી પ્રાપ્ત છે એના આધારે એક એવું સામાન્ય તારણ તારવી શકાય કે આવાં પ્રત્યેક નાટ્યજુથે પ્રત્યેક શેરીનાટકના બસો, પાંચસો, હજાર બે હજાર, તો વળી 'મુલ્ગી ઝાલી' ('દીકરી આવી રે') જેવાં નાટકોના તો કહેવાય છે કે — પાંચ હજારથી વધુ પ્રયોગો કર્યા છે. આ શેરીનાટકોમાં મુખ્યત્વે પંજાબ, કોમવાદ, માનવ અધીકારો અને શ્રમીક વર્ગની સમસ્યાઓને ખાસ્સી અસરકારક રીતે અને પ્રગતીશીલ મુલ્યો સાથે રજુ કરાઈ હતી. એ જ પ્રમાણે મહીલા જાગૃતી (સ્ત્રી-પુરુષ સમાનતા), દલીત ચેતના અને શોષીત-પીડીત વર્ગની એકતા જેવા નવજાગૃતીના મુદ્દાઓનો પણ શેરીનાટકોએ ખાસ્સો પ્રચાર-પ્રસાર કર્યો હતો. જુવાળના આ તબક્કા દરમીયાન શેરીનાટકોનો ઉપયોગ ફક્ત ક્રાંતીકારી પરીબળો અને જનતાતરફી વીચારધારામાં વીશ્વાસ ધરાવનારાં અગ્રગણ્ય શેરીનાટ્ય જુથો તથા સાંસ્કૃતીક કર્મશીલોએ જ નહોતો કર્યો; તે સમયના સામાજીક-રાજકીય પ્રવાહોએ અસ્તીત્વમાં આણેલ અનેકાનેક સામાજીક-સ્વૈચ્છીક સંગઠનો, નવજાગૃતીની અસરમાં આવેલ પરીબળો તેમજ જુવાળને કારણે આકર્ષાયેલા રંગધર્મીઓએ પણ કર્યો હતો.

એ દાયકામાં રાષ્ટ્રીયસ્તરે કેટલાંક નોંધપાત્ર 'શેરીનાટ્ય મહોત્સવો' અને 'નાટ્યજાત્રાઓ'નું પણ આયોજન થયું. શેરીનાટકના જુવાળને પ્રોત્સાહીત કરવામાં અને ગતી આપવામાં એમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો. આવાં

આયોજનોમાં-1983માં ભોપાલના ‘ભારત ભવન’★[9] દ્વારા યોજાયેલ ‘રાષ્ટ્રીય શેરીનાટક મહોત્સવ’; 1984માં ‘નવનીર્માણ નાટ્ય મંચે’ મુંબઇ ખાતે સૌ પ્રથમ ‘નાટ્યજાત્રા’, 1985માં અમદાવાદના સ્વૈચ્છીક સંગઠનો-કર્મશીલોએ યોજેલ બીજી ‘નાટ્યજાત્રા’ તથા વડોદરાના ‘પરીવર્તને’★[10] યોજેલ ‘નાટ્યજાત્રા’ને મુખ્ય ગણાવી શકાય. એ જ રીતે 1986માં કેરાલાની અગ્રગણ્ય સામાજીક સંસ્થા ‘કેરાલા શાસ્ત્ર સાહીત્ય પરીષદે’ દેશભરની ‘શેરીનાટ્ય જાત્રા’નું આયોજન કર્યું હતું અને એનાં શીસ્તબધ્ધ - પ્રતીબધ્ધ કર્મશીલો સાત-આઠ જેટલાં શેરીનાટકો લઇને મહીનાઓ સુધી લગભગ તમામ રાજ્યોમાં ઘુમ્યાં હતાં. આ ઉપરાંત સરકાર તથા સ્થાપીત હીતો ધરાવતી અકાદમીઓ-સંસ્થાઓ દ્વારા પણ કેટલાંક ‘શેરીનાટ્ય મહોત્સવો’ રંગેચંગે ઉજવાયા હતા.

જુવાળના આ ગાળા દરમીયાન સામાજીક-સ્વૈચ્છીક સંગઠનો દ્વારા આયોજીત થતાં સભા-સરઘસ તેમજ સંમેલનો-મેળાવડાઓમાં પણ શેરીનાટકોની ભજવણી એક પ્રથા(વીધી) બની ગઇ હતી. આ સંદર્ભમાં મહીલા સંગઠનો તથા મજુર સંગઠનો મોખરે હતાં. હકીકતમાં ગયા દાયકા દરમીયાન શેરીનાટકોનો પ્રચાર-પ્રસારના માધ્યમ તરીકે સૌથી વધુ અને બહોળો ઉપયોગ સ્ત્રી-સંગઠનોએ કર્યો હતો. અગાઉ એક લેખમાં આપણે આ સદીની શરૂઆતમાં ઉભરેલી પશ્ચીમી મહીલાઓની ‘સફ્રેજેટ મુવમેન્ટ’માં પણ શેરીનાટકોનો વ્યાપક ઉપયોગ થયાનું નોંધ્યું હતું. ઘણા અંશે એવું જ ગયા દાયકામાં આપણે ત્યાં બન્યું હતું. ‘મથુરા બળાત્કાર કેસ’, ‘શાહબાનો કેસ’ તથા રુપકુંવરનું સતી થવું, ગર્ભજાતી પરીક્ષણ-જેવા કૈંક બનાવો તથા મુદ્દાઓ વીશે જનતામાં જાગૃતી આણવા સ્ત્રી-સંગઠનોએ પણ આ જ રીતે ‘શેરીનાટકો’નો વ્યાપક ઉપયોગ કર્યો હતો.

શેરીનાટકોના આ જુવાળે એની રજુઆતની શૈલી અને સ્વરુપમાં પણ ઠીક ઠીક પ્રમાણમાં અખતરાઓ અને પ્રયોગોને અસ્તીત્વમાં આણ્યા, પરંતુ અત્યારે એની વીગતોમાં ઉતરવાને બદલે આપણા માટે એટલી જ નોંધ લેવી જરૂરી છે કે — શેરીનાટકોને વધારે ધારદાર અને અસરકારક બનાવી શકે એવું ખાસ કાંઇ એમાંથી નીપજ્યું નહીં. મોટેભાગે તો એ પશ્ચીમી દેશોમાં વીકસેલી એની શૈલી અને





સ્વરુપમાં જ થોડાઘણા દેખીતા ફેરફારો સાથે ભજવાતાં રહ્યાં. શેરીનાટકના સંગ્રહો, લેખો, અભ્યાસો સંબંધે પણ કૈંક આવું જ બન્યું. છુટા-છવાયા પ્રયત્નો થયા. પરંતુ કશું ગંભીર કે નક્કર સ્વરુપે આપણા હાથ લગી ન પહોંચ્યું. (હજુ પણ સમય વીતી નથી ગયો. આ બંને સંદર્ભે ઘણું કરી શકાય.)

આ દાયકાની શરૂઆત પછી તરત જ શેરી નાટકોનો જુવાળ ઓસરવા માંડ્યો છે. આની પાછળ કારણો અનેક છે. ઉપરછલ્લી દૃષ્ટીએ જોઇએ તો સફદર હાશ્મીની હત્યા, ગુરશરણસીંહની શેરીનાટકોમાંથી ઓસરી રહેલી સક્રીયતા, પંજાબના આતંકવાદીઓ દ્વારા ‘અમૃતસર સ્કુલ ઑફ ડ્રામા’ના યુવાન સાંસ્કૃતીક કર્મશીલ સુખદેવસીંહ[11]ની કરાયેલી હત્યા જેવી, કેટલીક ઘટનાઓ તો જવાબદાર છે જ; કેમ કે આ કર્મશીલોએ જ આપણે ત્યાં શેરીનાટકને પુનર્જીવીત કર્યું અને એનો જુવાળ આણવામાં પણ એમની સક્રીયતા સવીશેષ હતી. પરંતુ જુવાળ ઓસરવાનાં મુળગત કારણો આ નથી; એ તો છે — આપણા દેશમાં સામાજીક-રાજકીય પ્રવાહોનું અનેકવીધ કારણોસર શાંત થવું તથા પ્રત્યાઘાતી પરીબળો તરફ ફંટાઇ જવું તેમજ ક્રાંતીકારી પરીબળોએ આંતરરાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય સ્તરે કરવી પડેલી પીછેહઠ. ગયા દાયકાના અંતભાગમાં રશીયા તથા પુર્વયુરોપના દેશોમાં જે કાંઇ બન્યું એણે હાલ પુરતી તો ક્રાંતીકારી પરીબળોની કમર તોડી નાંખી છે. આમેય આપણા દેશમાં અપવાદરુપ આંદોલનોને બાદ કરતાં, હજુ સુધી એ પરીબળો આમજનતામાં નોંધપાત્ર રીતે પોતાનું સ્થાન જમાવી શક્યાં નથી.

મીત્રો, અહીં શેરીનાટકનો ઇતીહાસ અને એની ગતીવીધીઓની આપણી વાત પુરી થાય છે. આવતી વખતથી આપણે શેરીનાટકનું સ્વરુપ અને લાક્ષણીકતાઓ વીશે વાત શરુ કરીશું.

*(નવગુજરાત ટાઇમ્સ, 18-9-1994)*

**પ્રકરણ-3**

# શેરીનાટકનું સ્વરુપ અને લાક્ષણીકતાઓ

## 1. *શેરીનાટકને પોતાનું આગવું સ્વરુપ છે – વ્યાકરણ છે.*

પ્રત્યેક કલાસ્વરુપ અને સમુહ માધ્યમની માફક શેરીનાટકનું પણ પોતાનું આગવું સ્વરુપ છે, વ્યાકરણ છે અને એ બંનેને પોતાની સુનીશ્ચીત આવશ્યકતાઓ છે. નાટ્યસ્વરુપ હોવાને કારણે એનાં મુળતત્વો રંગભુમીની જરૂરીયાતો મુજબનાં જ છે, પરંતુ મુળગત રીતે એ લોકનાટ્યની પરંપરામાંથી વીકસેલું હોવાને કારણે અથવા તો વધારે સ્પષ્ટ રીતે કહીએ તો એના હેતુઓ એને લોકનાટ્યની શૈલીઓ અને વ્યાકરણ તરફ વધારે લઇ ગયા હોવાના કારણે એની શૈલી અને વ્યાકરણ, 'તખ્તાની રંગભુમી' -પ્રૉસેનીયમ થીયેટરની જેમ, એકદમ ચુસ્ત અને સર્વાંગસંપુર્ણ નથી, પ્રમાણમાં વધારે મુક્ત અને લચીલાં છે. વળી હજુ હમણાં જ - ખાસ કરીને આ સદીના ત્રીજા દાયકાથી જ એની સાર્થકતા સ્વીકૃત થઇ હોવાને કારણે એના સ્વરુપને વીકસાવવાની અનેક દીશાઓ હજી ખેડાવી બાકી છે. આ ઉપરાંત સૌથી મહત્ત્વની વાત એ છે કે, એ 'સંઘર્ષનું શસ્ત્ર' અથવા તો 'રાજકીય હથીયાર'ની વીશેષતા ધરાવતું હોવાથી અન્ય તમામ નાટ્યસ્વરુપો કરતાં એનું વ્યાકરણ થોડું ભીન્ન બની જાય છે. માધ્યમ તરીકે એ વધારે ગતીશીલ બની જાય છે.





શેરીનાટકના સ્વરુપ અને વ્યાકરણ વીશે પ્રવર્તતી કેટલીક ગેરસમજો અંગે આપણે આ લેખમાળાના પ્રથમ લેખમાં અછડતી ચર્ચા કરી હતી. ત્યાર પછીના એના ઉદ્ભવ અને વીકાસના ઇતીહાસ ઉપર નજર નાંખતા લેખોમાં પણ એ સંદર્ભના કેટલાક મુદ્દા ઉપસી આવ્યા હતા. હવે થોડું વ્યવસ્થીત રીતે એનું વ્યાકરણ સમજવા પ્રયત્ન કરીએ. શરુઆત કરીએ 'જન નાટ્ય મંચ'(જનમ)ના કાર્યકર્તાઓએ સફદર હાશ્મીના લેખોમાંથી તથા પોતાના નાટ્યજુથના અનુભવોને આધારે એના વીશે તારવેલ તારણોના એક લેખમાંની કેટલીક મહત્ત્વની નોંધોથી.

"શેરીનાટક ભજવવું એ કોઇ રમતવાત નથી. એની પોતાની આવશ્યકતાઓ છે, શીસ્ત છે અને વ્યાકરણ છે. એ વીશીષ્ટ સ્વરુપનું રાજનૈતીક નાટક છે; આક્રોશ, અસંતોષ અને પોતાની બેચેની અભીવ્યક્ત કરવાનું બહાનું માત્ર નથી. એનું મુખ્ય કાર્ય વીશીષ્ટ પરીસ્થીતીઓનું રાજકીય વીશ્લેષણ કરીને પ્રેક્ષકોની ચેતનાને એક દીશા આપવાનું છે. આ માટે જરૂરી છે કે —વીશ્લેષણ ઉપરછલ્લું અને છીછરું ન હોય! એની રજુઆત ભદ્દી અને અધકચરી ન હોય. આ એટલા માટે પણ જરૂરી છે કે, જ્યારે આપણે જનતાની વચ્ચે નાટક લઇને જઇએ છીએ ત્યારે કલાકાર હોવાના નાતે આપણી જવાબદારી બને છે કે – આપણે આપણી કલાનું શ્રેષ્ઠતમ પ્રદર્શન કરીએ. ગંભીરતા, ઉચ્ચકક્ષાની રચનાત્મકતા અને પ્રતીભા- નાટકના આવશ્યક અંગો છે. ટૂંકમાં, કહેવાનું તાત્પર્ય એટલું જ કે, જ્યાં એક તરફ નાટકના કથ્ય અને અભીનયમાં જીવંતતા હોવી જરૂરી છે, ત્યાં બીજી તરફ એના ફોર્મ અને ટેક્નીકનું સ્તર પણ ઉચ્ચતર હોવું જરૂરી છે; કેમ કે, શેરીનાટકો એવી રાજકીય-સામાજીક સમસ્યાઓ પર તૈયાર કરાય છે, જે શાસકવર્ગ દ્વારા પેદા કરવામાં આવી છે અને જેની ગંભીર – વ્યાપક અસરોથી જનતા પ્રભાવીત થઇ રહી હોય છે. આ નાટ્યસ્વરુપ શાસકવર્ગ દ્વારા ફેલાવવામાં આવેલી સંસ્કૃતીની સામે વીકસેલી વૈકલ્પીક સંસ્કૃતીનું સ્વરુપ હોવાને કારણે એ વધારે મહત્ત્વનું બની રહે છે કે, આપણે કથ્ય, અભીનય અને ટેક્નીકને એક નક્કરતા આપીએ —એક એવી નક્કરતા જે, શાસકવર્ગની છત્રછાયામાં પ્રસરી રહેલી સંસ્કૃતી કરતાં, એને વધારે સાર્થક સાબીત કરે, શેરીનાટકને કલાની દષ્ટીએ પુર્ણતા આપવાનો પ્રયાસ કરે"

આ ભુમીકાના આધારે જ એ લેખમાં શેરીનાટકનાં મુળ તત્વો અને વીવીધ પાસાંઓ વીશે જે નોંધો, તથ્ય, તારણો રજુ કરાયાં છે તે ટુંકમાં કૈંક આ પ્રમાણે છેઃ

''(શેરીનાટકમાં) સંવાદો ગમે તેટલા ચટાકેદાર કેમ ન હોય, નાટ્યકાર અને આખાયે નાટ્યજુથનો આક્રોશ જબરદસ્ત ફુંફાડા મારતો કેમ ન હોય, સત્તાધારીઓ અને મહારથીઓની જોરદાર, દીલદડક ઢબે તીરી ઉડાડવામાં કેમ ન આવી હોય — શેરીનાટક ત્યાં સુધી અધુરું છે, જ્યાં સુધી એ આ તમામ તત્વોને ક્રાંતીકારીરુપ નથી આપતું.''

''શેરીનાટકમાં સમાજનું સંપુર્ણ વીશ્લેષણ કરવાની કોશીશ કરવી, દરેક બાબત વીશે પોતાનો અભીપ્રાય આપવો — એ એક ઘાતક પ્રવૃત્તી છે. આ રીતે જે નાટકો તૈયાર થાય છે એ દરેક બાબતે કંઇને કંઇ કહેવાના ચક્કરમાં કોઇપણ બાબત વીશે કાંઇ જ કહી નથી શકતાં અને સામાન્ય રીતે સાવ કંટાળાજનક ભાષણ માત્ર બનીને રહી જાય છે. આના બદલે જો કોઇ એક ખાસ મુદ્દા પર એકાદ-બે ચોટદાર 'મેટાફર્સ'(રુપકો)ના આધારે એક નક્કર માળખું ગોઠવવામાં આવે તો ઓછામાં ઓછું એક મુદ્દા પર તો સત્યને સ્થાપીત કરી શકાય છે. આટલું પુરતું છે. 'સર્વવ્યાપી' અને 'સંપુર્ણ' નાટકો કરતાં એ વધુ 'દુર' સુધી પહોંચી શકે છે.

''શેરીનાટકની શરૂઆત અતીનાટકીય, વીસ્ફોટક અને ચોંકાવનારી હોવી જોઇએ, એટલે કે, થીરકતું-સ્ફુર્તીલું નૃત્ય, તીવ્ર સ્વરે ગવાતું ગીત, ઢોલ અથવા ડુગડુગીનો રણકાર, ચીસાચીસ-બુમાબુમનું દશ્ય, લડાઇનું દશ્ય વગેરે વડે શરુ કરવું જોઇએ, કેમકે — આવાં દશ્યો-અવાજો પ્રેક્ષકોનું ધ્યાન ખેંચે છે અને એમને નાટક જોવા માટે મજબુર કરે છે. શેરીનાટકમાં સંવાદ લાંબા અને વજનદાર નહીં, પરંતુ ટુંકા, સરળ અને ધારદાર હોવા જોઇએ. સંવાદના રુપમાં 'મુક્ત છંદો'નો પણ સાર્થક ઉપયોગ થઇ શકે. નાટકનો 'પ્લૉટ' એટલો ઝડપથી વીકસીત થવો જોઇએ કે પ્રેક્ષકને પ્રત્યેક પળે કૈંક નવું પામવા મળે. ગતી શેરીનાટકની સફળ રજુઆતનું સૌથી મહત્ત્વપુર્ણ અંગ છે.''

''સંગીત એ શેરીનાટકનું એક મુળભુત તત્વ છે. એમાં પણ ઢોલક, કરતાલ,





ડફલી અને ઝાંઝ પ્રકારના તાલવાદ્યોનો જ વ્યાપક પ્રયોગ થાય છે. કારણ? આવાં વાદ્યોનાં સ્વર જ દુર સુધી પહોંચી શકે છે. મોટેભાગે અમારાં ('જનમ'નાં) શેરીનાટકો ગીત કે ઢોલકની થાપ સાથે શરૂ થાય છે. શેરીનાટકોમાં ગીત માત્ર નાટકની કથાના બે ભાગોને જોડવાનું જ કામ નથી કરતાં, પરંતુ ઘણીવાર કથાને આગળ પણ વધારે છે અને ઘણીવાર 'સંવાદ' બનીને પણ ઉપસે છે. જ્યારે 'એક્શન' (નાટ્યાત્મક ક્રીયા) સાથે ગીતનો ઉપયોગ થાય છે, ત્યારે એની અસર અનેકગણી વધી જાય છે. આ નાટ્યસ્વરુપ માટે પ્રયોગમાં લેવાતાં ગીતોની ધુન મોટેભાગે જાણીતી અને વ્યાપકપણે પ્રચલીત હોય છે; એટલે કે - પ્રવર્તમાન વાતાવરણમાં જે ધુનો (લોકગીતો - ભજનોની કે ફીલ્મી ગીતોની) લોકો ગણગણતાં હોય છે, એ જ અથવા એમાંથી રુપાંતરીત કરાયેલ ધુનો મુખ્યત્વે ઉપયોગમાં લેવાય છે''.

''શેરીનાટકની ભજવણી ચાર રસ્તે, ચોરા પર, શેરીઓમાં, કારખાનાના ગેટ પર, રસ્તા વચ્ચે, બજાર વચ્ચે, બગીચાઓમાં વગેરે સ્થળે થતી હોવાથી કલાકારોએ ખાસ્સી અવર-જવર, ઘોંઘાટ, ટ્રાફીકના અવાજો વગેરે અવરોધો વચ્ચે પોતાનો અવાજ પ્રેક્ષકો સુધી પહોંચાડવાનો હોય છે; આથી અનીવાર્ય છે કે એમનો આવાજ બુલંદ હોય. નહીં તો બનશે એવું કે —કલાકારો પોતાની ઉત્તમ કલાનું પ્રદર્શન કરીને ચાલી જશે, પરંતુ પ્રેક્ષકો સુધી કાંઇ જ નહીં પહોંચે. આ માટે જરૂરી છે કે — શેરીનાટકના કલાકારોએ પોતાના અવાજને કેળવ્યો હોય. આ જ સંદર્ભમાં, ઘણીવાર શેરીનાટકોમાં સંવાદ બોલવા માટે 'કોરસ'નો ઉપયોગ પણ કરવામાં આવે છે. 'કોરસ'નો ઉપયોગ સંવાદને વધુ અસરકારક તથા બુલંદ બનાવવા ઉપરાંત સંવાદને અને કથ્યને વધારે સાર્થકતા — બુલંદી આપવા માટે પણ પ્રભાવક રીતે થઇ શકે છે.''

''શેરીનાટકોમાં રજુ થતો કોઇપણ પ્રકારનો 'સુક્ષ્મ' અભીનય પ્રેક્ષકો નથી ઝીલી શકતા; આથી જરૂરી છે કે — કલાકાર 'સ્ટાઇલાઇઝ્ડ' અને અતીરંજીત(લાઉડ) પ્રકારની એક્શન/ક્રીયાઓ રજુ કરે. જોકે સાથે સાથે એણે એ પણ ખ્યાલ રાખવો જોઇએ કે — 'એક્શન' જરુરીયાત કરતાં વધારે અને નાટકની દષ્ટીએ 'વધારે

પડતી' ન થઇ જાય. એની પ્રત્યેક 'એક્શન' અને ભાવનાનો એક અર્થ હોવો જોઇએ અને તે સ્પષ્ટપણે દશ્યમાન થવો જોઇએ. શેરીનાટકમાં 'એક્શન' અને 'સંકેત' 'બોડીલાઇન'થી ઉપર હોવા જોઇએ અને તે ઘુંટણની ઉંચાઇ કરતાં ઉપરના ભાગમાં રજુ થવા જોઇએ, (ભજવાવા જોઇએ), જેથી ચારે તરફ ઉભેલા પ્રેક્ષકો તેને જોઇ શકે. જ્યારે કલાકાર વર્તુળના (શેરીનાટકની ભજવણી માટેના ગોળાકારના) પરીઘ પર હોય ત્યારે એણે વર્તુળની અંદર ચ્હેરો રાખવો જોઇએ, જેથી ત્રણ તરફના પ્રેક્ષકો એને બરાબર રીતે જોઇ શકે.''

''શેરીનાટકની 'કોરીયોગ્રાફી' (સ્થાન સ્થીતી સંરચના)માં બે બાબતોનું વીશેષ ધ્યાન રાખવું જરુરી છે. પહેલી બાબત એ છે કે 'પ્રેક્ષકો ચોતરફ હોવાના કારણે કોઇપણ સ્થાન –સ્થીતી- સંરચના કે 'મુવમેન્ટ' અલગ અલગ જગ્યાના પ્રેક્ષકો દ્વારા અલગ અલગ ખુણેથી જોવાતી હોય છે. ફક્ત ઉપરની દીશા તરફની 'મુવમેન્ટ' જ તમામ પ્રેક્ષકો એક સરખી રીતે જોઇ શકે છે. બીજી બાબત એ છે કે – 'મુવમેન્ટ' અને 'કોરીયોગ્રાફી' માપસરની અને સ્પષ્ટ હોવી ખુબ જ જરુરી છે. કોઇપણ પ્રકારની અનાવશ્યક અને વીસ્તૃત 'મુવમેન્ટ' કે 'બ્લોકીંગ' કેવળ મુખ્ય મુદ્દા પરથી પ્રેક્ષકનું ધ્યાન હટાવવાનું જ કાર્ય કરે છે.''

મીત્રો, શેરીનાટકના સ્વરુપનું વ્યાકરણ અહીં પુરું નથી થઇ જતું. હજુ કેટલાંક સહાયક તત્વો અને એની સ્વરુપગત વીશેષતાઓની ચર્ચા બાકી છે એ આવતા લેખમાં કરીશું. આજે અટકીએ એક છેલ્લી નોંધ સાથે – ઉપર ચર્ચેલ તમામ તત્વો શેરીનાટકનાં મુળગત તત્વો છે અને અનુભવના આધારે એના વીશે તારવેલ તારણો છે. સામાન્ય રીતે આ તારણો શેરીનાટકની ભજવણી માટેના પ્રાથમીક નીયમો અને એને અસરકારક બનાવનારાં બની રહે છે, પરંતુ વીશીષ્ટ પરીસ્થીતીમાં એમાં ફેરફારો પણ કરી શકાય અને સાર્થકપણે એને બદલી પણ શકાય. શેરીનાટકનું સ્વરુપ હંમેશા એટલું 'ફલેક્સીબલ' રહ્યું છે અને રહેશે.

*(નવગુજરાત ટાઇમ્સ, તા. 9-10-1994)*





## 2. ***શેરીનાટક તથા તેનું સ્વરુપ અને વ્યાકરણ સ્થીર નથી, સતત વહેતા પ્રવાહ જેવું છે.***

આ લેખમાળાના છેલ્લા લેખમાં આપણે જોયું કે – મુળગત રીતે રંગભુમીનું જ માધ્યમ (સ્વરુપ) હોવાના કારણે શેરીનાટકના સ્વરુપ અને વ્યાકરણને રંગભુમીના જ પાયાના નીયમો લાગુ પડે છે. એ નીયમોના આધારે જ એનું ઘડતર થતું રહ્યું છે અને છતાં એ નીયમો શેરીનાટકના સ્વરુપમાં જે રીતે રુપાંતરીત થયા છે –એ તખ્તાની રંગભુમી કે લોકનાટ્ય પરંપરાઓની શૈલીઓ કરતાં કૈંક અલગ લાગે છે. આની પાછળનું મુખ્ય કારણ છે – શેરીનાટકના ઉદ્ભવ અને વીકાસની પાછળ જવાદાર રહેલી વર્ગીય ચેતના. અગાઉના યુગોમાં ગુલામો અને માલીકો હતા, કારીગરો અને શેઠીયાઓ હતા, વેઠીયાઓ અને જમીનદારો હતા – ટુંકમાં, અમીરો અને ગરીબો હતા, શોષીતો અને શોષકો હતા. પરતું 'સમતા, બંધુતા અને સ્વતંત્રતા'ના ખ્યાલો નહોતા, ગરીબો-શોષીતો મોટેભાગે વીભાજીત અને અસંગઠીત હતા. મુડીવાદી વ્યવસ્થાએ આધુનીક ખ્યાલોને વીકસાવ્યા, પ્રજાતંત્ર તરફના અભીગમને પ્રોત્સાહીત કર્યો અને મજુરોને શહેરોમાં આણીને એમને સંગઠીત થવાની જાગૃતી પુરી પાડી, એટલે કે – એમનામાં આધુનીક યુગની વર્ગીય ચેતનાને વીકસાવી. શેરીનાટક આ વર્ગીય ચેતનાનું ફરજંદ હોવાના કારણે એના સ્વરુપ અને વ્યાકરણને રંગભુમીના પાયાગત નીયમો ઉપરાંત આધુનીક યુગની સામાજીક-રાજકીય ચેતનાના માધ્યમ તરીકેના નીયમો પણ લાગુ પડે છે. અહીં એટલી સ્પષ્ટતા કરી લઇએ કે –શીષ્ટ રંગભુમી અને લોક રંગભુમી પણ સમાજના અમુક-તમુક જુથો, સમુહો(વર્ગો)ની જરુરીયાતો અને ચેતનામાંથી પેદા થયેલ સ્વરુપો છે, પરંતુ તે બંનેને આજે માત્ર વર્ગીય હીતો સાથે સ્પષ્ટ રીતે સાંકળી ન શકાય, સમયની સાથે એ બંને પરસ્પર પુરક બનતાં રહ્યાં છે. અને ખાસ તો એ બંનેનો મુળભુત ઉદ્દેશ જનમનોરંજન અને કલાઅભીવ્યક્તીનો છે, જ્યારે શેરીનાટકનો મુળભુત ઉદ્દેશ વર્ગીય ચેતના વીકસાવવાનો, ગરીબોને-શોષીતોને ક્રાંતી તરફ દોરી જવાનો છે; અને તેથી જ એના સ્વરુપ અને વ્યાકરણના નીયમો થોડા અલગ પડે છે.

ગઈ વખતે આપણે સફદર હાશમીના લેખો અને 'જન નાટ્ય મંચ'ના કલાકારોના એક દાયકા સુધી શેરીનાટકો ભજવવાના અનુભવોના આધારે એમણે તારવેલ તારણો દ્વારા આપણા મુદ્દાની માંડણી કરી હતી. આજે આપણે સુ.શ્રી, રતી બાર્થોલોમ્યોએ એક અભ્યાસલેખમાં શેરીનાટકના સ્વરુપ અને વ્યાકરણ વીશે જે લખ્યું છે, એના ઉપર નજર નાંખી એ મુદ્દાની ચર્ચા પુરી કરીશું.

''હવે તો માત્ર શહેરો કે કસ્બાઓમાં જ નહીં, ગામડાઓમાં પણ વૈકલ્પીક રંગભુમી પ્રસરવા માંડી છે. એના કલાકારો- પછી તે રાજકીય પાર્ટીના સભ્યો હોય કે વીકાસ સંસ્થાનાં કાર્યકરો, મહીલા સંસ્થાઓ સાથે જોડાયેલાં હોય કે સ્વૈચ્છીક સંગઠનો સાથે – આ સમસ્યાઓ પ્રત્યે જાગરુક બન્યાં છે. (સામાજીક-રાજકીય સમસ્યાઓ પ્રત્યે જાગરુક બન્યાં છે.) આ પ્રકારની (પ્રતીબધ્ધ-વૈકલ્પીક) રંગભુમીને પ્રોત્સાહીત કરવા પાછળ એમનો આશય પૈસા કે કીર્તી કમાવાનો નથી હોતો, (મારી જાણ મુજબ ભાગ્યે જ કોઈ પ્રતીબધ્ધ નાટ્યસંસ્થા વ્યાવસાયીક હશે; હા, સરકારી સહાયથી ચાલતી સંસ્થાઓની વાત જુદી છે) પરંતુ એક નવો સમાજ, બહેતર સ્થીતી નીર્માણ કરવાનો તથા આવનારાં પરીવર્તનોનો અણસાર મેળવવાનો-આપવાનો હોય છે અહીં કાર્યકરો અને રંગકર્મીઓ વચ્ચે કોઈ ભેદરેખા નથી. કલાકારના વ્યક્તીત્વનું આવું લાક્ષણીક ઐક્ય આપણને ન તો લોકનાટ્યમાં સાંપડે છે, ન તો રંગભુમીના મુખ્ય પ્રવાહમાં. લોકનાટ્યની જેમ જ આ નાટ્યસ્વરુપ(શેરીનાટક) પણ ગતીશીલ અને હળવું છે; બલ્કે લોકનાટ્ય કરતાં પણ અત્યંત ઓછી જરુરીયાતોવાળું છે.''

''કલાકારો માટે આ નાટ્યસ્વરુપ વધારે પડકારરુપ છે. એમણે અનીવાર્યપણે પ્રેક્ષકની આંખમાં આંખ મીલાવી સંવાદ સાધવો પડે છે. કેમ કે તે બંને વચ્ચે કોઈ અંતર નથી હોતું અને પ્રકાશ પણ એકસરખો જ હોય છે. સંવાદો ઉંચા અવાજે બોલાવા જરુરી છે જેથી તમામ પ્રેક્ષકો સાંભળી શકે, નહીં તો તેઓ બુમાબુમ કરે છે યા તો ચાલવા માંડે છે. મુખ્ય પ્રવાહના નાટકોમાં કલાકારોને નકલી પ્રકાશ, મંચસજ્જા, વેષભુષા, અન્ય સહાયક નાટ્ય સામગ્રી તથા પ્રેક્ષકગૃહના અંધકારનો લાભ મળે છે, જ્યારે શેરીનાટકોમાં નટ કોઈ સહાયક સાધનો વીના માત્ર તેનું





શરીર, અવાજ, અંગમરોડ, અભીનય અને ગીત-સંગીત સાથે રજુ થાય છે. આ નાટ્યસ્વરુપ ક્યારેક આછી-પાતળી સાધન સામગ્રીનો ઉપયોગ કરે છે, પણ એ વાસ્તવદર્શી જ હોવી જરુરી નથી. દા.ત. અહીં છત્રીનો ઉપયોગ છત્રી તરીકે, ઝંડા તરીકે, લાકડી તરીકે, આશ્રયસ્થાન કે ઝુંપડી તરીકે અથવા ગોળ ગોળ ઘુમાવી બસ કે ટ્રકનાં પૈડાં તરીકે પણ થઈ શકે. સંસ્કૃત નાટકો તથા લોકનાટ્યોમાં પ્રતીકાત્મક રજુઆતની આપણી પરંપરા મજબુત રહી હોવાથી શેરીનાટકોને કેટલીક સરળતાઓ વારસામાં મળી છે; જેમકે – તખ્તાનું એક ચક્કર મારવાનો અર્થ એક સ્થળેથી બીજા સ્થળે પહોંચવાનો પણ કરી શકાય છે. પ્રેક્ષકો આ અર્થને એટલી જ સાહજીકતાથી સ્વીકારી લે છે જેટલી સ્વાભાવીકતાથી ખુલ્લામાં ભજવતાં નાટકને સ્વીકારી લે છે – કેમ કે, એ પણ આપણી પરંપરાનો એક ભાગ છે. રંગમંચની સાંકડી દુનીયામાં વાસ્તવીકતાને જેમની તેમ ઠાંસવાનો અભરખો તો પશ્ચીમી રંગભુમીમાંથી અંગ્રેજોની સાથે આવ્યો.

શેરીનાટકને આંદોલન સાથે સીધો નાતો હોવાથી તથા તે અનેક પ્રશ્નોને શેરી વચ્ચે લઈ જતાં હોવાથી એના માધ્યમ વડે ચર્ચાઓ થવી અનીવાર્ય છે. એક તો વીષયવસ્તુના પ્રસ્તુતીકરણ વીશે ચર્ચા થઈ શકે. જેથી એમાં શું શું ખામીઓ હતી તથા શું શું સુધારા-વધારા થઈ શકે એમ છે – એની શક્યતાઓ તપાસી શકાય. આવશ્યક જણાય તો જુથે નાટકમાં ફેરફાર માટે તૈયારી બતાવવી જોઈએ. શેરીનાટકને સ્થીરરુપમાં નહીં, પરંતુ સતત વહેતા પ્રવાહના સ્વરુપમાં જોવું જોઈએ. એના નાટ્યચમુને અલગ અલગ પ્રેક્ષકસમુહો વચ્ચે હંમેશા આવી અનુભુતી થતી હોય છે. આ સીવાય એક બીજી કક્ષાએ પણ શેરીનાટકના માધ્યમ વડે ચર્ચા થવી જરુરી છે. આ ચર્ચાનો હેતુ વધુ વીસ્તૃત સંદર્ભમાં આંદોલનને ગતી, દીશા આપવાનો હોવો જોઈએ. શેરીનાટકો પોતાની મેળે ક્રાંતી નથી સર્જી શકતાં, એમની ભુમીકા તો સહાયકની છે. તેનાથી મુઠ્ઠીભર લોકોની ચેતનાને આંદોલનના સ્વરુપમાં વીકસીત કરવાનો પુર્વાભ્યાસ જરુર થઈ શકે છે.

એક બાબત ખાસ ખ્યાલમાં રાખશો – શેરીનાટકને પોતાની આગવી સૌંદર્યાનુભુતી છે. તેના સ્વરુપ પ્રત્યે બેજવાબદારી દાખવવી યોગ્ય નથી. ફક્ત નારાબાજી

કરવાથી કે શુષ્ક-નીરસ રજુઆત કરવાથી એનો કોઇ ભાવ નહીં પુછે. ઘણીવાર હેતુ પ્રત્યેનો અતીઉત્સાહ કે જાત વીશેના ઘમંડના કારણે આવું બનતું હોય છે. એની ભજવણી સાવ સાદી-સીધી પણ ન હોવી જોઇએ. અનેક વાર વીષયવસ્તુ અથવા પરીસ્થીતીનું હાસ્યાસ્પદ કે મજાકીયું નીરુપણ થતું જોવા મળે છે, વળી એમાં સમસ્યાના ઐતીહાસીક સંદર્ભનો પણ તદ્દન અભાવ જોવા મળે છે. પરીણામે શેરીનાટક નકરું મનોરંજનનું સાધન બની રહે છે. આ ઉપરાંત, પ્રેક્ષકોની સમજશક્તીને કદી ઓછી અથવા નીચી ન આંકવી જોઇએ; ઘણીવાર એમના અનુભવો આપણા કરતાં વધુ બહોળા અને વ્યાપક હોય છે. શોધ, સમીક્ષા, સ-રસ ભજવણી અને અંતે દૃઢ વીશ્વાસ એ શેરીનાટકનાં મુખ્ય અંગો છે.

આ જ બાબતો પ્રેક્ષકો સાથેના સંબંધને પણ લાગુ પડે છે. રજુઆતની વીશીષ્ટ શૈલીના કારણે પ્રેક્ષકો સાથે એક ગતીશીલ સંબંધ સ્થાપીત થઇ શકે છે. પરંતુ એમના સુધી પહોંચવાનો આપણો અભીગમ કેવો છે — એ પણ અગત્યનું બની રહે છે; એટલે કે — એમની ગલી, શેરી, વીસ્તાર કે ગામમાં જઇ આપણે એમની સાથે કેવો વ્યવહાર દાખવીએ છીએ એનું પણ મહત્ત્વ હોય છે.

આપણે ત્યાં હંમેશા શેરીનાટકને નીચો દરજ્જો અપાતો આવ્યો છે. રંગભુમીના ઈતીહાસકારો એને હળવી પ્રવૃત્તી સમજી મજાકમાં કાઢી નાંખે છે, એના અસ્તીત્વની નોંધ સુધ્ધાં નથી લેતા. મોટાભાગના કેળવાયેલા નટો એમાં ભાગ નથી લેતા. આ વાસ્તવીકતાઓથી આપણે શરમ અનુભવીએ કે આપણી જાતને અપમાનીત ગણીએ છીએ, છતાં એ નીર્વીવાદ હકીકત છે કે — આ સ્થીતીના ઘણા ફાયદા પણ છે જ''.

મીત્રો, શેરીનાટકના સ્વરુપ અને વ્યાકરણ વીશેના રતીજીએ તારવેલા કેટલાક નીયમોને આધારે જ એ નાટ્યસ્વરુપની અન્ય નાટ્યસ્વરુપો કરતાં કેટલીક વીશીષ્ટ લાક્ષણીકતાઓ ઉપસે છે, જેની વાત આવતી વખતે કરીશું.

*(નવગુજરાત ટાઇમ્સ, તા. 23-10-1994)*





## 3. *સામાજીક આંદોલનની ગેરહાજરીમાં શેરીનાટકનું અસ્તીત્વ શક્ય નથી.*

આજ સુધીની શેરીનાટક વીશેની આપણી ચર્ચામાંથી એની જન્મગત અને સ્વરુપગત કેટલીક લાક્ષણીકતાઓ ખાસ્સી સ્પષ્ટ થઇ ગઇ છે. આમ છતાં એની એક અત્યંત મહત્ત્વની અને આગવી લાક્ષણીકતા વીશે ચર્ચા કરવી હજુ બાકી છે. શેરીનાટકના અસ્તીત્વ અને ગતી માટે પાયાની શરત સમાન એ લાક્ષણીકતાની ગેરહાજરીમાં એ નાટ્યસ્વરુપનું સાર્થક અવતરણ શક્ય નથી; અથવા જો છે તો એ માત્ર 'મ્યુઝીયમ પીસ' તરીકે. શેરીનાટકના સાર્થક અસ્તીત્વ માટે અનીવાર્ય એવી શરત છે — સામાજીક સંચેતનાની સમાજની સપાટી પરની ક્રીયા-પ્રતીક્રીયાની મોજુદગી (એટલે કે, સામાજીક સંચેતનાના સંદર્ભનું એક પ્રકારનું આંદોલન); એ આંદોલન જનપક્ષી કે જનવીરોધી કોઇ પણ દીશાનું હોઇ શકે. આ લાક્ષણીકતાને થોડી વીગતે સમજીએ.

આપણે જાણીએ છીએ કે — રંગભુમી અને કલા-સાહીત્યના તમામ સ્વરુપો (એટલે કે, અભીવ્યક્તીનાં તમામ માધ્યમો) સમાજની સાંસ્કૃતીક જરૂરીયાત તથા સામાજીક ચેતનામાંથી આકાર પામે છે. શેરીનાટક સાકાર થવા પાછળ પણ એ જ પરીબળો જવાદાર છે, પરંતુ ફરક માત્ર એટલો જ છે કે — એ નાટ્યસ્વરુપના સાર્થક અસ્તીત્વ માટે સમાજની (જનસમુહની) સાંસ્કૃતીક જરૂરીયાત તથા સામાજીક ચેતનાના અસ્તીત્વ ઉપરાંત જનમાનસની એ ચેતનાની સમાજની સપાટી (જીવનક્રમ) ઉપર થઇ રહેલ ક્રીયાઓ-પ્રતીક્રીયાઓ (એ સારી-માઠી ચેતનાની જનજીવન ઉપર થઇ રહેલ અસરો) મોજુદ હોવી આવશ્યક છે. બીજી રીતે કહીએ તો — સમાજમાં પ્રવર્તમાન આંદોલન કે સંચેતનામાંથી જ શેરીનાટક સાર્થક-સબળ અસ્તીત્વ મેળવી શકે.

તો હવે સવાલ એ ઉભો થાય છે કે — શેરીનાટકના અસ્તીત્વ માટે આવી અનીવાર્યતા શા માટે? આના જવાબ માટે પહેલાં આપણે એ યાદ કરી લઇએ કે —સમાજમાં કોઇપણ આંદોલનો કે સંચેતના કઇ રીતે પેદા થાય છે? —સીધી વાત

છે – સમાજમાં પ્રવર્તમાન સામાજીક આર્થીક, રાજકીય અને સાંસ્કૃતીક આંતર્વીરોધો,(પરસ્પર વીરોધી પરીબળો)ના સંઘર્ષ દ્વારા, એટલે કે એ, પ્રવર્તમાન આંતર્વીરોધો અને સામાજીક આંદોલનો સંચેતનાના જન્મદાતા છે, સમાજનાં મુળભુત ચાલક બળો છે. હવે કલા સ્વરુપો કે ચેતનાની અભીવ્યક્તી માટેનાં માધ્યમો ઉપર નજર કરીએ તો – એ પ્રવર્તમાન આંતર્વીરોધો સાથેના કલાકાર કે કલાસમુહની ચેતનાના સંઘર્ષમાંથી પેદા થાય છે. પરંતુ શેરીનાટક માત્ર કલાકાર કે નાટ્યજુથની સામાજીક આંતર્વીરોધો સાથેના સંઘર્ષ દ્વારા સાર્થક રીતે અસ્તીત્વમાં નથી આવતું, કેમ કે એ માત્ર કલાસ્વરુપ નથી, સામાજીક-રાજકીય શસ્ત્ર છે. એથી એને માટે આવશ્યક છે કે સામાજીક આંતર્વીરોધો સમાજની સપાટી ઉપર પોતાની ક્રીયાઓ-પ્રતીક્રીયાઓ વ્યક્ત કરી રહ્યા હોય, જનસમુહની ચેતનાને પ્રભાવીત કરી રહ્યા હોય તથા એ ક્રીયાઓ-પ્રતીક્રીયાઓના સંદર્ભમાં સામાજીક આંદોલન આકાર પામી રહ્યું હોય અથવા આકાર પામી ચુક્યું હોય.

એક ઉદાહરણ દ્વારા આ મુદ્દાને વધુ સ્પષ્ટ કરીએ. આજના આપણા સમાજમાં પ્રવર્તતા ધાર્મીક વીભેદો-વીસંવાદીતા. એ વીસંવાદીતાને આધારે કલાઅભીવ્યક્તી કે સાહીત્ય સર્જન ગમે ત્યારે થઇ શકે છે. એ અભીવ્યક્તી કે સર્જન સમયે સમાજમાં એ વીભેદો વચ્ચેના વીખવાદનું આંદોલન કે એ વીભેદો મીટાવવા માટેનું આંદોલન અસ્તીત્વમાં હોવું અનીવાર્ય નથી. પરંતુ એ વીભેદો વીશે શેરીનાટક કરવું હોય તો એ બેમાંથી એક પ્રકારનું આંદોલન અસ્તીત્વમાં હોવું અનીવાર્ય છે. એટલે કે, કોમી તંગદીલી અથવા રમખાણોના સમયે જ એ વીષયનું શેરીનાટક સાર્થક નીવડી શકે, એ સંજોગોની ગેરહાજરીમાં એ વીષયનું શેરીનાટક માત્ર 'મ્યુઝીયમ પીસ' બની રહે. આ લેખમાળામાં અગાઉ આપણે ચર્ચા કરી હતી કે – શેરીનાટક માત્ર રંગકર્મીઓનું માધ્યમ નથી, પ્રતીબધ્ધ રંગકર્મીઓ તથા સામાજીક કાર્યકરોનું માધ્યમ છે. એને સંગઠનના પીઠબળની અનીવાર્ય આવશ્યકતા છે. છેલ્લા પોણા બે દાયકાથી આપણા દેશમાં ભજવાઇ રહેલ શેરીનાટકો ઉપર ઉડતી નજર નાંખીશું તો સ્પષ્ટ થઇ જશે કે – જે આંદોલનો વીકસ્યાં છે એ આંદોલનોના વીષયવસ્તુઓના આધારે જ શેરીનાટકો વધુ થયાં છે. દા.ત. સ્ત્રી-સમાનતા, મહીલા મુક્તી, દલીતોનાં આંદોલનો, મજુર આંદોલનો વગેરે.





આ અનીવાર્ય પાયાગત શરતના કારણે જ શેરીનાટકની એક બીજી વીશીષ્ટતા એ બને છે કે – એ આંદોલનની ગતી અને દીશાના આધારે જ પાતાની ગતી અને દીશા નીશ્ચીત કરે છે. આંદોલનના પલટાતા જતા સ્તર તથા તબક્કાના આધારે જ શેરીનાટકની તીવ્રતા તથા સુકાનની દીશા પલટાતી જાય છે. આનાં ઉપરથી આપણે સહજ રીતે જ તારવી શકીએ કે – આંદોલનના અંતની સાથે આપોઆપ જ એ સંદર્ભના શેરીનાટકનો પણ અંત આવે છે તથા આંદોલનની દીશા પલટાતાં આપોઆપ જ એનાં માધ્યમ સમા શેરીનાટકની દીશા પલટાઇ જાય છે. ઉદાહરણ વડે સમજીએ તો – કોમી રમખાણો ચાલી રહ્યાં છે. સ્વાભાવીક રીતે જ જનજીવનને અસ્તવ્યસ્ત કરતી અને જનમાનસને નકારાત્મક વલણો તરફ ઢસડી જતી આ સ્થીતીને સમાજ લાંબા સમય સુધી સહી નથી શકતો, તેથી કોમી એકતા તથા શાંતી માટેનાં પરીબળો(આંદોલન) એ સમયે ઉભરી આવે છે. એ પરીબળોનાં આંદોલનની ગતી અને દીશાના આધારે એ સંદર્ભનાં શેરીનાટકો પણ એ સમયે અસ્તીત્વમાં આવી શકે (આપણે ત્યાં ક્યારેક જ આવે છે, કેમ કે આપણે ત્યાં એ દીશાનું આંદોલન (જાગરુક પરીબળો) ખાસ્સી નબળી સ્થીતીમાં છે). જો એ શેરીનાટક સાકાર થાય તો જેમ જેમ રમખાણો ઉગ્ર બને તેમ તેમ એકતાનું આંદોલન પણ તીવ્ર બને અને તેથી એ આંદોલન દ્વારા અસ્તીત્વમાં આવેલું શેરીનાટક પણ ગતીમાન બને અને પછી જેમ જેમ રમખાણો શાંત પડતાં જાય તેમ તેમ આંદોલન પણ ઓસરતું જાય અને શેરીનાટક પણ મંદ પડતું જાય. શેરીનાટકની દીશાને પણ આ જ પરીબળોની દીશા અસરકર્તા બને છે. ઉદાહરણ દ્વારા જોઇએ તો – કોમી તંગદીલીના સમયે એકતા આંદોલનનાં શેરીનાટક વડે રમખાણો ન થવાની દીશાનો સંદેશ આપે, પરંતુ જો રમખાણો ફાટી નીકળે તો શાંતી માટેની દીશા અસ્તીત્વમાં આવે; અને રમખાણો શાંત પડતાં જાય તેમ તેમ કાયમી એકતા માટેની દીશામાં પ્રયત્નો થાય. પરંતુ અહીં નોંધ લઇએ કે – છેલ્લા તબક્કાના પ્રયત્નો શેરીનાટકને વધુ ટકાવી નથી શકતા, કેમ કે, રમખાણોની સાથે સાથે એકતા આંદોલન પણ ઓસરી રહ્યું હોય છે. હા, જો એ સમયે સમાજમાં કાયમી-એકતા માટેનું આંદોલન પ્રબળ હોય તો તે સંદર્ભના શેરીનાટક આંદોલનના આધારે ટકે છે, આગળ વધે છે. (અગાઉ આપણે શેરીનાટકના ઇતીહાસ સંદર્ભે વાત કરી

હતી કે — 1917ની મહાન ક્રાંતી સુધી રશીયામાં શેરીનાટકે 'એજીટ પ્રોપ' — આંદોલનાત્મક પ્રચાર- ક્રાંતી માટેની ઉશ્કેરણીના શસ્ત્રની ભુમીકા ભજવી હતી, પરંતુ ક્રાંતી સફળ થતાં, રશીયાના જનસમુહના હાથમાં સત્તાની બાગડોર આવતાં ક્રાંતીની દીશા પલટાઇ અને એની સાથે સાથે શેરીનાટકની દીશા પણ પલટાઇ અને એ પલટાયેલી દીશાએ 'એજીટ પ્રોપ'ને નવો જ અવતાર આપ્યો.)

શેરીનાટક એક શસ્ત્ર હોવાની સાથે સાથે કલાસ્વરૂપ કે સમાજ સાથે જીવંત-સીધો અને દ્વીપક્ષી સંવાદ સાધવાનું માધ્યમ પણ હોવાને કારણે એ આંદોલનમાંથી ગતી અને દીશા મેળવવાની સાથે સાથે આંદોલનને ગતી અને દીશા આપનારું સાધન પણ બની રહે છે. વધુ સ્પષ્ટ કરીએ તો — એ આંદોલનના હેતુઓ (ચોક્કસ ચેતના)ના પ્રચાર-પ્રસાર માટે, આંદોલન દ્વારા અસ્તીત્વમાં આવેલું માધ્યમ છે. એ જનસમુહ વચ્ચે જઇ, સીધી-સોંસરી ભાષામાં પ્રેક્ષકો સામે આંદોલનના મુદ્દાઓ રજુ કરે છે, એમને આંદોલન સંદર્ભે તત્કાળ આ કે તે પક્ષ લેવા ઉશ્કેરે છે, આંદોલન વીશે ચર્ચા કરવાની ભુમીકા બને છે અને સ્વાભાવીક રીતે જ પ્રેક્ષકો શેરીનાટકને આંદોલન વીશે પોતાના પ્રતીભાવો આપે છે. આ પ્રતીભાવો દ્વારા (અને નાટકની ભજવણી પછી પ્રેક્ષકો સાથેની કાર્યકરોની ચર્ચાઓ દ્વારા) આંદોલનને ગતી અને દીશા મળે છે. આંદોલન જન-પ્રતીભાવોને આધારે પોતાની ગતી અને દીશામાં પરીવર્તનો પણ આણે છે, જેથી સમાજમાં એનો પાયો દ્દઢ બને, સમાજમાં એને વ્યાપકતા મળે અને પોતાની હેતુસીધ્ધી માટેની દીશા વધુ સ્પષ્ટ બને. શેરીનાટકની સાધન તરીકેની આ વીશેષતાને કારણે આંદોલનને શેરીનાટક દ્વારા સક્રીય કાર્યકર્તાઓ (પ્રેક્ષકોમાંથી) સાંપડતા હોય છે.

આ રીતે જોતાં સ્પષ્ટ છે કે — શેરીનાટકને સામાજીક આંદોલન સાથે પરસ્પરનો જીવંત અને સીધો સંબંધ છે. આંદોલનની ગેરહાજરીમાં એનું અસ્તીત્વ શક્ય નથી. જો આ નાટ્યસ્વરુપની આ લાક્ષણીકતાને યોગ્ય રીતે સમજી શકીએ તો જ એનો સાર્થક અને અસરકારક ઉપયોગ કરી શકીએ. મીત્રો, આપણે ત્યાં ખાસ કરીને ગુજરાતમાં શા માટે શેરીનાટકો ઓછાં થાય છે તથા જે થાય છે તે પણ





નોંધપાત્ર અસર કેમ નથી નીપજવી શકતાં, એનાં કારણોનો વીચાર કરતી વખતે, એ નાટ્યસ્વરુપની આ મહત્ત્વની લાક્ષણીકતાને કેન્દ્રમાં રાખીને વીચારી જો જો. ખુબ જરુરી છે.

*(નવગુજરાત ટાઇમ્સ, તા. 30-10-1994)*

**પ્રકરણ-4**

# શેરીનાટક સામેના વર્તમાન પડકારો

## 1. *'પ્રયોગધર્મીઓ' અને 'સમાજધર્મીઓ'નાં કુંડાળાઓ વચ્ચે ઝોલા ખાતું – શેરીનાટક*

તાજેતરમાં જ અમદાવાદના 'હઠીસીંગ વીઝ્યુઅલ આર્ટ સેન્ટરે' એક મીની ઓપન એર થીએટર (સામાન્ય રીતે આપણે જેને 'મુક્તાંગણ' કહીએ છીએ – એ જ પ્રકારનું એક નાનકડું- સો જેટલાં પ્રેક્ષકોને સમાવી શકે તેવડું - ખુલ્લું નાટ્યગૃહ, જેમાં ઉપર ખુલ્લું આકાશ, નીચે મેદાન પર તપ્તો અને તપ્તાની સામે નાનકડી ટેકરી ઉપર લૉન અને લૉન ઉપર પ્રેક્ષકો) ખુલ્લું મુક્યું. થોડા દીવસ પહેલાં જ અમે મીત્રો ત્યાં, આધુનીક પ્રયોગશીલ ગુજરાતી રંગભુમીના અગ્રગણ્ય દીગ્દર્શક ભરત દવે તથા તેમના નાટ્યજુથ 'સપ્તસીંધુ' એ ટૉલ્સટૉયની ટુંકી વાર્તાના આધારે તૈયાર કરેલ નાનકડો નાટ્યખેલ 'ગીલોટીનનો ગોટો' જોવા ગયા હતા. રાજ્ય વ્યવસ્થાની નીતીરીતી તેમજ તેના તંત્રની કાર્યશૈલી ઉપર રમુજી ઢબે તીખો કટાક્ષ કરતો અને જીવંત ગીત-સંગીત તથા ભજવણીની હળવી અને મુક્તશૈલીથી તૈયાર કરાયેલો એ નાટ્યખેલ પુરો થતાં જ, અમારી સાથે પ્રેક્ષાગારમાં બેઠેલ, ગુજરાતી પ્રયોગશીલ રંગભુમી તથા શેરીનાટ્ય પ્રવૃત્તી સાથે સંકળાયેલ એક સક્રીય રંગકર્મીએ સહજ, સ્વાભાવીક આવેશ સાથે કહ્યું : ''આ નાટક તો સ્ટ્રીટમાં (શેરીમાં) ભજવવું જોઇએ'' અને તરત જ મારા મનમાં સવાલ ઉઠયો – 'ભજવી શકાય?'





રજુ થયેલ નાટકનું વીષયવસ્તુ ચોક્કસ આજના સંદર્ભનું છે. (ભરત દવે અને નાટ્યજુથે કથાવસ્તુને આજના સમય સાથે સાંકળવાનો પ્રયત્ન અર્ધદગ્ધ અને અસ્પષ્ટ રીતે કર્યો છે – એ મુદ્દો અલગ છે). આજનું રાજ્યયંત્ર આપણી સાથે - પ્રજા સાથે, એ જ રીતે વર્તે છે, જે રીતે નાટકમાં વર્તતું હતું. શેરીનાટક ભજવવાના સૌથી મહત્ત્વના ઉદ્દેશની દ્દષ્ટીએ જોઇએ તો પ્રજાના દીલમાં રહેલા વર્તમાન રાજ્યસત્તા તરફના અસંતોષને આ પ્રકારના શેરીનાટક વડે અસરકારક રીતે ઉશ્કેરી પણ શકાય. પણ પણ પછી શું? પછી માત્ર આવું શેરીનાટક ભજવ્યાનો સંતોષ કે ગર્વ લેવાનો?! આ લેખમાળામાં અગાઉ આપણે ચર્ચ કરી હતી એ પ્રમાણે – જ્યાં સુધી ક્રાંતીકારી કે પરીવર્તનકામી પરીબળો પ્રજાને થતાં અન્યાયો, પીડાઓ તથા તેની અંદર ઉકળતા અસંતોષને ક્રાંતી કે પરીવર્તનના માર્ગે દોરી જવા માટેની આગેવાની નથી લેતાં કે તે માટેનાં આંદોલનોને અસ્તીત્વમાં નથી લાવતાં ત્યાં સુધી એ વીષયવસ્તુઓ પરનાં શેરીનાટકો માત્ર લાકડાની તલવાર જ પુરવાર થાય છે! હા, એ લાકડાની તલવાર સુંદર કલાકારીગરીવાળી તથા ઉત્તમ કોતરણીવાળી જરૂર હોઇ શકે છે; પણ વાસ્તવમાં બની રહે – માત્ર 'મ્યુઝીયમ પીસ'!

ફરીથી 'ગીલોટીનનો ગોટો' જોયા પછીના પેલા સક્રીય રંગકર્મીના સહજ, સ્વાભાવીક ઉદ્‌ગાર ઉપર આવીએ – 'આ નાટક તો સ્ટ્રીટમાં ભજવવું જોઇએ'. આ ઉદ્‌ગાર પાછળ એ રંગકર્મીની નીષ્ઠા હતી, પણ એની એ નીષ્ઠા નાટકમાંના જીવંત ગીત-સંગીત અને તેની ભજવણીની હળવી તથા મુક્ત શૈલી તરફના આકર્ષણમાંથી નીપજેલી હતી. તેથી એના એ ઉદ્‌ગારો સાંભળીને તરત જ મને શેરીનાટ્ય પ્રવૃત્તી સાથે સંકળાયેલ એના જેવા કેટલાંક રંગકર્મીઓ યાદ આવ્યા; જેમની નીષ્ઠા રંગભુમી સાથે છે, જેમની પ્રતીબધ્ધતા પ્રજા કે ક્રાંતીકારી પરીબળો સાથે નહીં, પરંતુ પ્રયોગશીલ રંગભુમી પ્રત્યે છે. સામાન્ય રીતે આપણે એમને 'પ્રયોગધર્મી' રંગકર્મીઓ માનીએ છીએ. તેઓ આપણે ત્યાં છેલ્લા એકાદ દાયકામાં શેરીનાટકો જરૂર કરતા રહ્યા છે – પણ સામાજીક પરીવર્તન માટે નહીં, પોતાની પ્રયોગધર્મીતા પોષવા માટે, રંગભુમી ક્ષેત્રે કૈંક નવું, કૈં નોખું કર્યાનો સંતોષ મેળવવા માટે!

'ગીલોટીનનો ગોટો' જોયા પછીના બે-ત્રણ દીવસ પછીની જ વાત છે. ગુજરાતના કેટલાંક સ્વૈચ્છીક-સામાજીક સંગઠનોએ સાથે મળીને 'બાળમજુરી વીરોધી સપ્તાહ'ની ઉજવણી શરુ કરી. 14થી 20 નવેમ્બર સુધી અમદાવાદના જુદા જુદા વીસ્તારોમાં 'બાળમજુરી વીરોધી' પ્રદર્શનો અને અન્ય કાર્યક્રમો યોજનાર આ 'સપ્તાહ'ની શરૂઆતમાં કેટલાક સામાજીક કાર્યકરોએ રસ લઇને ઉત્સાહભેર એક 'શેરીનાટક' પણ ભજવ્યું. આ નાટક તૈયાર કરાવનાર તથા રજુ કરનાર કેટલાંક નીષ્ઠાવાન સામાજીક કાર્યકર્તાઓ તથા ઉત્સાહી કીશોર-કીશોરીઓ હતાં (જેમાંના કેટલાંક 'બાળમજુરો'પણ હતા). આ શેરીનાટક સંજોગાવશાત હું ન જોઇ શક્યો, પરંતુ જોનાર મીત્રો પાસેથી જાણવા મળ્યું કે 'નબળું છે', 'નાટકનો સંદેશ અસરકારક રીતે અને સ્પષ્ટતાપુર્વક પ્રેક્ષકો સુધી પહોંચતો નથી', 'ભજવનારાંનો ઉત્સાહ સારો છે, પણ નાટકની તાલીમનો અભાવ જણાય છે'. તરત જ મનમાં થયું કે — સ્વૈચ્છીક સંગઠનો શેરીનાટકો ભજવે છે ત્યારે ઘણું કરીને આવા જ પ્રતીભાવો મળતા હોય છે. (અલબત્ત, અહીં એક સ્પષ્ટતા કરી દઉં કે — તમામ સ્વૈચ્છીક સંગઠનો પરીવર્તનકામી હોય છે — એવા ભ્રમમાં હું નથી. મોટાભાગના સંગઠનો વર્તમાન 'જૈસે થે'ની સ્થીતીને મજબુત કરનારાં જ હોય છે, અને મુઠ્ઠીભર સંગઠનો પરીવર્તનકામી હોય છે, પરંતુ એ પણ મર્યાદીત સંદર્ભમાં. આમ છતાં આ સ્વૈચ્છીક સંગઠનો માટે આપણે એટલું જરૂર સ્વીકારવું જોઇએ કે —એમને સમાજ સાથે નીસ્બત હોય છે. વત્તે ઓછે અંશે એ 'સમાજધર્મી' હોય છે). સ્વૈચ્છીક સંગઠનો અથવા તો આપણા પ્રવર્તમાન 'સમાજધર્મીઓ' દ્વારા ભજવાતાં શેરીનાટકો નીરસ કે બીનઅસરકારક હોવા પાછળનું મુખ્ય કારણ એમની નાટકની ભજવણી પ્રત્યેની બેપરવાઇ તથા અણઆવડત હોય છે. એમને નાટકના મુદ્દામાં જેટલો રસ હોય છે એટલો ભજવણીની કલા કે તૈયારીમાં નથી હોતો. જે રીતે એ લોકો કોઇ એક સામાજીક મુદ્દા પર સુત્રોચ્ચાર કરે છે, સભા-સરઘસ કાઢે છે એ જ રીતે પોસ્ટરો બનાવે છે, ગીતો ગાય છે અને શેરીનાટકો ભજવે છે. આવા શેરીનાટકો દ્વારા એમને મનમાં સંતોષ મળે છે કે 'અમે ફલાણો મુદ્દો શેરીનાટક દ્વારા રજુ કર્યો'! એમના પ્રવૃત્તી હેવાલમાં પણ ગૌરવભેર નોંધાય છે કે 'અમે માત્ર સભા સેમીનારો જ નથી કરતાં કે 'પોસ્ટર પ્રદર્શન' જ નથી કરતાં, શેરીનાટકો પણ કરીએ છીએ!'





છેલ્લા એક દોઢ દાયકાથી આ બંને પ્રકારના 'ધર્મીઓ'નાં કુંડાળાંઓ વચ્ચે જ ઝોલાં ખાતું રહ્યું છે આપણું ગુજરાતનું શેરીનાટક; અને એથી જ એ નાટ્યસ્વરુપ આપણે ત્યાં સાર્થક નથી નીવડી શક્યું. આજે પણ પ્રેક્ષકો - પ્રજાજનો એને 'પ્રાણી સંગ્રહાલય'માંના વીચીત્ર પ્રાણીની માફક જુએ છે, માણે છે. એને જોયા પછી એમના અંતરમાં ઉથલપાથલો કે અંધાધુધી નથી સર્જાતી; એમનું લોહી ઉકળી નથી ઉઠતું; એમને શેરીનાટક ભજવાઇ ચુક્યાં પછી ભજવનારાઓ સાથે ચર્ચા કરવામાં રસ નથી હોતો. ક્યારેક કોઇ પ્રેક્ષક કંઇ પુછે છે તો મોટેભાગે 'બુધ્ધીજીવી'માં ખપવા ખાતર, નહીં તો પછી વડીલની માફક સલાહ-સુચનો આપવા ખાતર.

અલબત્ત, આ વાસ્તવીકતા પાછળ મુખ્ય કારણ તો એ જ છે કે — આપણાં ગુજરાતમાં 'પ્રત્યોગધર્મીઓ' અને 'સમાજધર્મીઓ' ખાસ્સા છે, પણ 'પરીવર્તનધર્મીઓ' ખાસ છે જ નહીં; 'ક્રાંતીધર્મીઓ' ને તો આપણે ઉગવા જ નથી દેતાં. પરંતુ અત્યારનો આપણો સવાલ તો એ છે કે — આપણે ત્યાંની શેરીનાટકોની 'મ્યુઝીયમ પીસ' તરીકેની કે પછી 'પ્રાણી સંગ્રહાલય' નીવાસની અવસ્થા' પાછળ શું આ એક જ કારણ જવાબદાર છે?

આ સંદર્ભના સામાજીક-રાજકીય કારણોની ચર્ચા આ લેખમાળામાં આપણે અગાઉ કરી ચુક્યા છીએ એટલે એના પુનરાવર્તનમાં નથી ઉતરવું, પરંતુ 'શેરીનાટક' એક સક્ષમ અને નક્કર નાટ્યસ્વરુપ છે એ હકીકત રશીયા, ચીન અને યુરોપીય દેશો છેલ્લા સાત-આઠ દાયકામાં પુરાવાર કરી ચુક્યાં છે, એટલે રંગભુમીની દષ્ટીએ આપણે ત્યાંના કારણો ક્યા છે — જેણે એ નાટ્યસ્વરુપને સાર્થક નીવડવા દીધું નથી — એની ચર્ચામાં જરૂર ઉતરવું છે. એ ચર્ચામાંથી જ આપણને મળશે — આપણે ત્યાંનાં શેરીનાટકના સ્વરુપની મર્યાદાઓ અને એમાંથી જ આપણને એક રુપરેખાત્મક અંદાજ મળશે કે — કઇ દીશામાં શું શું કરવાથી આ નાટ્યસ્વરુપને આપણા ઉપયોગનું અને આપણા સમાજ સાથે વધુ નક્કરતાથી તથા અસરકારક રીતે સંવાદ સાધતું માધ્યમ બનાવી શકીએ.

*(નવગુજરાત ટાઇમ્સ, તા. 20-11-1994)*

## 2. તો આવતીકાલે શેરીનાટકનું કલેવર બદાલય, એનો ભુંગીયો જનતાની રગેરગમાં ગર્જી ઉઠે.

ગયા લેખમાં આપણે જોયું કે – ગુજરાતનું શેરીનાટક 'પ્રયોગધર્મીઓ' અને સમાજધર્મીઓ'ના સાંકડા કુંડાળાંઓ વચ્ચે ઝોલાં ખાઇ રહ્યું છે, ઘણેઅંશે પોતાની તીક્ષ્ણતા (અસરકારકતા) ગુમાવી ચુક્યું છે અને એની ભજવણીનું પ્રમાણ પણ ખાસ્સું નહીંવત થઇ ગયું છે. છેલ્લાં પાંચેક વર્ષથી જો કે આખા દેશમાં શેરીનાટકની બાબતમાં આ જ બની રહ્યું છે. ક્રાંતીકારી પ્રતીબધ્ધ નાટ્યજુથોની પ્રવૃત્તિઓ ઘણી મંદ પડી ગઇ છે. 1975ની આસપાસ આધુનીક યુગના સામાજીક – રાજકીય શસ્ત્ર તરીકે શેરીનાટકને પુનર્જીવીત કરનાર સફદર હવે આપણી વચ્ચે નથી, 'નુક્કડ નાટક સમ્રાટ' ગુરશરણસીંહે આ ક્ષેત્રમાંથી લગભગ નીવૃત્તી લઇ લીધી છે – પરંતુ માત્ર આ જ કારણો નથી શેરીનાટકના વરવા વર્તમાન પાછળ. વળી એને માટે જવાબદાર સામાજીક – રાજકીય કારણોની ચર્ચા આપણે અગાઉ કરી ચુક્યાં છીએ એટલે હવે બાકી રહે છે – રંગભુમીગત કારણો અને શેરીનાટ્યનાં સ્વરુપગત કારણો.

છેલ્લાં થોડાં વર્ષથી આપણી રંગભુમી કટોકટીભર્યા કાળમાંથી પસાર થઇ રહી છે. ટી.વી. કેબલના આ યુગમાં પોતાનું અસ્તીત્વ ટકાવવાના સફળ રસ્તા હજી સુધી એ શોધી શકી નથી. અને આ સંજોગોમાં સ્વાભાવીક રીતે જ એને ગતી આપનારી તથા પ્રોત્સાહન આપનારી આનુષાંગીક પ્રવૃત્તીઓમાં પણ ખાસ્સી ઓટ આવી છે. શેરીનાટક ક્ષેત્રે પણ આ જ હકીકત અવરોધરુપ બની રહી છે. થોડી માંડીને વાત કરીએ તો - ભૌગોલીક દષ્ટીએ ભારત જેવા વીશાળ દેશના અલગ અલગ વીસ્તારોમાં પોતપોતાની રીતે મથતાં શેરીનાટ્ય જુથો વચ્ચે આજ સુધી કોઇ કડી પ્રસ્થાપીત થઇ નથી. આ પ્રકારની કડી બની શકે એવા 'કોમન પ્લેટફોર્મ'ની એ સૌને તાતી જરુર છે – જેથી એમને નીષ્ક્રીયતા તરફ દોરી જતી એમની એકલતા દુર થાય, પરસ્પરના 'સંવાદ'ની શક્યતા ઉભી થાય, પ્રવૃત્તી સમાચારો તથા અનુભવોનું આદાન - પ્રદાન શક્ય બને, પ્રવૃત્તીનો વ્યાપ તેમજ શેરીનાટકના સ્વરુપની ક્ષીતીજોને વીકસાવવા માટે જરૂરી ચર્ચા-વીચારણાઓ





કરવા માટેની ભુમીકા પ્રાપ્ત થાય.

શક્ય છે કે, દેશવ્યાપી સ્તરનું 'કૉમન પ્લેટફોર્મ' બનાવવું એ કદાચ હાલ તુરત ગજા બહારનું કામ લાગે. પરંતુ પાંચ-સાત સક્રીય જુથો એની શરુઆત તો જરૂર કરી શકે. આવી જ એક બીજી ઉણપ એ છે કે – શેરીનાટ્ય પ્રવૃત્તી અને સ્વરુપને કેન્દ્રમાં રાખીને આપણે ત્યાં એકાદ નાની સરખી પત્રીકા પણ નીયમીત રીતે ચાલતી નથી. અગાઉ આ માટે છુટક પ્રયત્નો થયા છે, પણ વ્યવસ્થીતતા કે નીયમીતતાનો હંમેશા અભાવ રહ્યો છે. સમગ્ર રંગભુમીને લગતી બે ત્રણ પત્રીકાઓ પ્રમાણમાં ઠીક ઠીક ચાલે છે, પરંતુ મોટેભાગે શેરીનાટક પ્રત્યે એ સૌ આભડછેટભર્યું વર્તન દાખવે છે. શેરીનાટક જે મુળભુત ઉદ્દેશ સાથે અસ્તીત્વમાં આવ્યું છે એ સમાજ પરીવર્તનના ઉદ્દેશથી ચાલતી પત્રીકાઓએ હજુ સુધી આપણા 'શેરીનાટક'ને સમાજ પરીવર્તનના અસરકારક શસ્ત્ર તરીકે સ્વીકાર્યું નથી; વળી એવી પત્રીકાઓમાં એક્કેય એવી નથી જે આખાયે દેશના પરીવર્તનકામીઓ સુધી પહોંચતી હોય. રાષ્ટ્રીય કક્ષાના અખબારો તથા પોપ્યુલર પત્રીકાઓને શેરીનાટકમાંથી કદીક જ 'ધમધમાટ મસાલો' મળે છે. (હા, મળે છે, ત્યારે એ લોકો એનો 'વેપલો' કરી લે છે.)

ગંભીર વીવેચન, અવલોકન અને ચર્ચા-વીચારણા કરતી પત્રીકાની જેમ જ આપણે ત્યાં શેરીનાટક અને એના નાટ્યસ્વરુપ વીશે સમજ આપનારાં, એને લગતી માહીતી અને અનુભવોનું પ્રસારણ કરનારાં પુસ્તકો પણ ભાગ્યે જ હાથમાં આવે છે. છેલ્લા દોઢ પોણા બે દાયકામાં શેરીનાટકના હજારો પ્રયોગો ભજવનાર નાટ્યજુથોના ખુબ થોડાં શેરીનાટકો સંગ્રહના સ્વરુપમાં પ્રકાશીત થયાં છે. આ પણ આ નાટ્યસ્વરુપ પ્રત્યેની આપણી ઉદાસીનતાને જ સ્પષ્ટ કરનારી વાસ્તવીકતા છે. એ જ રીતે છેલ્લાં પાંચેક વર્ષથી દેશના અલગ અલગ વીસ્તારોમાં સક્રીય રહેલાં શેરીનાટ્ય જુથો અરસપરસ વર્ષમાં એકાદવાર પણ મળી શકે, પોતાના અનુભવો અને પ્રતીભાવોનું આદાન-પ્રદાન કરી શકે, પોતાને નડતી સમસ્યાઓ વીશે ચર્ચાઓ કરી શકે, એના ઉપાયો ખોળી શકે, એકમેકનાં શેરીનાટકો જોઇ શકે – ચર્ચી શકે, એવા મેળાવડાઓ, સંમેલનો, સેમીનારો પણ આપણે ત્યાં બીલકુલ બંધ થઇ ગયાં છે. (અગાઉ વાત કરી હતી એમ - ગયા દાયકામાં ચારેકવાર

'નાટ્યજાત્રા'ના ઉપક્રમે પ્રમાણમાં સફળતાપુર્વક આવા પ્રયત્નો થયા હતા). આ પ્રકારનાં કાર્યક્રમો શેરીનાટકને વીકસાવવા અને ગતી આપવા માટે અત્યંત જરુરી છે.

શેરીનાટકને કેન્દ્રમાં રાખીને આ પ્રકારના રંગભુમીગત પ્રયત્નો જો થાય તો એના કેટલાક આડફાયદા પણ ચોક્કસ થાય. ખાસ કરીને મોટા ગજાનાં 'સ્થાપીત' રંગકર્મીઓને શેરીનાટકો તરફ આકર્ષી શકાય. અલબત્ત, આવા કલાકારો હોય તો જ શેરીનાટક અસરકારક બને એવું બીલકુલ નથી. પરંતુ નાટ્ય સ્વરુપ તરીકે એને, આવા કલાકારો નવતર દીશાઓ ચોક્કસ ચીંધી શકે. જો કે બીજી તરફ 'કલા ખાતર કલા'ની ભ્રમણમાં રાચનારાં અને 'કલા'ને વેચાણની 'વસ્તુ' સમજનારાં 'સ્થાપીતો' એને ખાસ્સું નુકશાન પણ પહોંચાડી શકે — એ પણ એક નીર્વીવાદ હકીકત છે; છતાં 'સામાજીક નીસ્બત' ધરાવતા જે 'સ્થાપીત' રંગકર્મીઓ શેરીનાટકો તરફ હજુ સુધી ખાસ વળ્યા નથી, એમને આ નાટ્યસ્વરુપ તરફ વાળવા આજના સમય માટે ચોક્કસ જરૂરી છે.

હવે એક નજર નાંખીએ — શેરીનાટકના ગતીવીહીન, દીશાહીન વર્તમાન પાછળના એનાં સ્વરુપગત કારણો ઉપર. આપણે ત્યાં પ્રચલીત બનેલ શેરીનાટકોનું સ્વરુપ મુખ્યત્વે આપણે પશ્ચીમી દેશોમાંથી આયાત કરેલું છે. જો કે સાવ એવું ન કહી શકાય કે — આપણે ત્યાંનાં મુળગત નાટ્યસ્વરુપો - ખાસ કરીને પરંપરાગત રીતે ચાલતા આવેલાં લોકનાટ્ય સ્વરુપોની વીશીષ્ટતાઓ, લાક્ષણીકતાઓ, ટેકનીક્સ અને શૈલીઓને એના સ્વરુપમાં ભેળવવાનો આપણે કોઈ પ્રયત્ન જ નથી કર્યા. ઉસ્તાદ અને જંબુરીયો, સુત્રધાર, રંગલો-રંગલી જેવાં આપણાં સમાજમાં સ્વીકૃત થયેલ પાત્રો, પ્રચલીત લોકઢાળોના આધારે તૈયાર કરાતાં ગીતો, જીવંત સંગીત વગેરેનો આપણા શેરીનાટકોમાં ભરપુર ઉપયોગ થયો છે. આ ઉપરાંત, સદીઓથી શીષ્ટ અને લોક રંગભુમીમાં પ્રસ્થાપીત થયેલ પ્રતીકાત્મક ભજવણીની શૈલીઓ તથા ટેકનીક્સનો આપણા પ્રતીબધ્ધ રંગકર્મીઓએ નોંધપાત્ર રીતે શેરીનાટકના સ્વરુપમાં સમાવેશ કર્યો છે. આમ છતાં, આપણા દેશની પાંસઠથી સીત્તેર ટકા ગ્રામીણ જનતા માટે આ નાટ્યસ્વરુપ એકદમ પોતીકું અને એને





હચમચાવી નાંખનારું નથી બન્યું — એ પણ એક નક્કર વાસ્તવીકતા છે. મોટાભાગના ગામડાંઓમાં આમજનતા શેરીનાટકને 'નવતર મનોરંજક પ્રાણી' તરીકે જ જુએ છે. આથી શેરીનાટકના સ્વરુપ વીશે સજાગ બનીને પ્રતીબધ્ધ નાટ્યજુથોએ ઘણું પાયાગત 'ગ્રાઉન્ડ વર્ક' કરવાની જરુર છે.

સૌથી પહેલાં તો આપણાં પ્રચલીત લોકનાટ્યસ્વરુપોના દસ્તાવેજીકરણની તથા તેની લાક્ષણીકતાઓ, ટેકનીક્સ અને શૈલીઓ વીશેના વીગતવાર અભ્યાસો કરવાની તાતી જરૂર છે. આપણે ત્યાં લોકગીતો, લોકસંગીત, લોકકથાઓ, પરંપરાગત ચીત્ર શૈલીઓ વગેરે કલા અને સાહીત્ય સ્વરુપોનું જેટલું દસ્તાવેજીકરણ અને એ વીશેના અભ્યાસો થયા છે એના પ્રમાણમાં લોકનાટ્ય સ્વરુપોના સંદર્ભે એ કાર્યો ઘણાં ઓછા પ્રમાણમાં થયાં છે. વળી આવાં કાર્યો પાછળ મોટેભાગે 'બજારની રુખ' વધારે કારણભુત રહેતી હોય છે. જો વ્યવસ્થીત રીતે, ગંભીરતાથી લોકનાટ્યસ્વરુપોનું દસ્તાવેજીકરણ તથા તેના વીગતવાર અભ્યાસો થાય તો શેરીનાટ્ય સ્વરુપ માટે ઉપયોગી તેમજ દેશની સામાન્ય જનતા સાથે વધારે અસરકારક 'સંવાદ' સાધનારી એની શૈલીઓ, લાક્ષણીકતાઓ, ટેકનીક્સને ક્રાંતીકારી તથા પરીવર્તનકામી ઉદ્દેશો માટે જરુરી પ્રમાણમાં રુપાંતરીત કરીને એનો શેરીનાટ્યસ્વરુપમાં સમાવેશ કરી શકાય. ગુજરાતનાં જે મીત્રોએ આંધ્રપ્રદેશના ક્રાંતીકારી કર્મશીલ 'ગદ્દર'નાં ગીત, સંગીત નૃત્યના કાર્યક્રમો જોયા છે, એમને આ વાત સરળતાથી સમજાશે. ગદ્દરે આંધ્રપ્રદેશમાં પ્રચલીત વીવીધ 'કથા સ્વરુપો' (ગીત-સંગીત-નૃત્ય સાથે ભજવાતું લોકકલાનું સ્વરુપ એટલે 'કથા')-ને ક્રાંતીના ઉદ્દેશથી રુપાંતરીત કરી, અત્યંત અસરકારક રીતે એની રજુઆતો કરી છે. દેશભરમાં પ્રચલીત બનેલા એમના કાર્યક્રમોમાં દરવખતે હજારો-લાખ્ખોની મેદની ઉપસ્થીત રહે છે — અને ક્રાંતીનો એમનો સંદેશ પ્રત્યેક પ્રેક્ષકને સમુળગો હચમચાવી નાંખે છે. ગદ્દરે અમદાવાદમાં ત્રણ જાહેર કાર્યક્રમો તથા બે 'વર્કશોપ્સ' કરી છે. સુરતમાં ચારેક વર્ષ પહેલાં એક મજુર વીસ્તારમાં જાહેર કાર્યક્રમ કર્યો હતો — જેને માણવા પચ્ચીસ હજારથી વધુ શ્રમજીવીઓએ પાંચ-છ કલાક સુધી એક જાહેર માર્ગને બંધ કરી દીધો હતો).

પ્રચલીત લોકશૈલીઓને રુપાંતરીત કરીને પોતાનો હેતુ સાર્થક રીતે સીધ્ધ કરવાના ઉત્તમ ઉદાહરણ તરીકે આપણે આજકાલ લોકજીભે રમતા થયેલા હીન્દી ફીલ્મોના ‘દ્વીઅર્થી’ ગીતોને પણ જોઇ શકીએ. ધંધાદારી ફીલ્મનીર્માતાઓ તથા સંગીતકારો એ રીતે અઢળક કમાય છે; કેમ કે - લોકગીતો કે લોકઢાળોમાં જનતાનાં દીલો-દીમાગ સુધી તરત જ પહોંચવાની સહજ, સ્વરુપગત તાકાત છે. એ જ તાકાત લોકનાટ્ય સ્વરુપોમાં પણ છે. શેરીનાટ્ય જુથોએ એ તાકાતને પોતાના હેતુઓ માટે રૂપાંતરીત કરીને અપનાવવાની જરુર છે. અને એ તો જ શક્ય બનશે જો - લોકનાટ્ય સ્વરુપોનું દસ્તાવેજીકરણ થાય અને એનાં વીગતવાર અભ્યાસો પણ થાય. અને હા, એ પછી બીજી એક બાબત પણ એટલી જ અગત્યની છે કે — એ રીતે પ્રાપ્ત થયેલી સામગ્રી તથા તેનાં તારણો દેશભરના પ્રતીબધ્ધ રંગકર્મીઓને સરળતાપુર્વક ઉપલબ્ધ બને.

જો શેરીનાટક માટે અવરોધરુપ બનતી રંગભુમીગત અને સ્વરુપગત આ ખામીઓ-ઉણપો દુર કરવાની દીશામાં સંનીષ્ઠ પ્રયાસો થાય તો આવતીકાલે આપણાં શેરીનાટકોનું કલેવર ચોક્કસ બદલાય અને એનો બુંગીયો જનતાની રગેરગમાં ગર્જી ઉઠે.

*(નવગુજરાત ટાઇમ્સ, તા. 27-11-1994)*





**પ્રકરણ-5**

# સમાપન અને સંદર્ભો

## 1. *‘શેરીનાટક’ માં રસ ધરાવતા કર્મશીલો, રંગકર્મીઓ અને યુવામીત્રોને સાદર...*

છેલ્લા ત્રણેક મહીનાથી આ ‘કૉલમ’ના માધ્યમ દ્વારા આપણે ‘શેરીનાટક’ વીશે ચર્ચા કરી રહ્યાં છીએ. ‘શેરીનાટક એટલે શું?’ — થી શરુ થયેલી આ લેખમાળા ઉપર આજના આ લેખ પછી આપણે પર્દો પાડીએ છીએ. અલબત્ત, ‘શેરી’ ઉપર પર્દો ન પાડી શકાય; ‘શેરીનાટક’માં પણ પર્દા જેવું કાંઇ હોતું જ નથી, હોઇ જ ન શકે; બીજી રીતે જોઇએ તો આપણે ‘શેરીનાટકની શેરી’ની એકએક ગલીકુંચીઓ અને ઓટલા, ચોતરા, ઇમારતો, ચબૂતરાની વીગતવાર ચર્ચા પણ નથી કરી; આમ છતાં આજના સંજોગોના સંદર્ભમાં જરુરી લાગી — એટલી ચર્ચા કરી છે; આ નાટ્યસ્વરુપનો ઇતીહાસ, એનું નીર્માણ એની ચડતી-પડતી એની નોંધપાત્ર લાક્ષણીકતાઓ, રંગભુમીની બીજી શેરીઓ કરતાં એનું અલગપણું તથા એની ખુબીઓ તેમજ મર્યાદાઓની પણ આપણે જરુરી ચર્ચાઓ કરી છે; તેમ જ છેલ્લે ‘એની આવતીકાલને ઉજ્જવળ બનાવવા શું શું કરવું જોઇએ?’ —એ વીશે તારણો તારવવાનો પ્રયાસ પણ કર્યો છે. એટલે લાગે છે કે હાલ પુરતો આ ‘શેરી’ ઉપર પર્દો પાડી દઇએ.

આપણે અગાઉ વાત કરી હતી એ મુજબ — 'શેરીનાટક' એક એવું નાટ્યસ્વરુપ છે, જેના વીશે આપણે ત્યાં ખાસ કોઇ અભ્યાસ સામગ્રી કે સંદર્ભ ગ્રંથો પ્રાપ્ય નથી. એના વીશે ચર્ચા-વીચારણાઓ કે એના મહોત્સવો પણ આપણે ત્યાં થતા નથી. અન્ય દેશો-પ્રદેશોમાં થયેલ એની પ્રવૃત્તીઓ, અભ્યાસો કે તારણોની માહીતી તથા લેખો-પુસ્તકો પણ આપણે ત્યાં પ્રાપ્ય નથી. આ બધી દૃષ્ટીએ જોતાં — આ લેખમાળામાં કેટલીક ત્રુટીઓ જરૂર રહી ગઇ છે. જો કે, આ બધી બાબતનો લેખમાળા શરુ કરતાં પહેલાં જ ખ્યાલ હતો, છતાં શરુ કરી; કેમ કે — આ 'સામાજીક-રાજકીય શસ્ત્ર- આજના સમયમાં આપણી આમજનતા માટે તદ્દન હાથવગું અને અનન્ય શસ્ત્ર પુરવાર થવાની તમામ ક્ષમતા ધરાવે છે. આજની આપણા સૌની 'સામાજીક-રાજકીય' હાલત તથા 'સમાજનું દર્પણ' ગણાતી આપણી રંગભુમીની હાલત કરુણાજનક જ નહીં શરમજનક છે; આજની યુવાપેઢીએ પુરી તાકાતથી આ બંને ક્ષેત્રોને પડકારવાં જ રહ્યાં. અને એ પડકારનો એક બુલંદ બુંગીયો 'શેરીનાટક' જરુર બની શકે.

ઈબ્સનના 'ડોલ્સ હાઉસ'ની નૉરાએ તખ્તા પર 'બારણું પછાડ્યું' અને વીશ્વમાં 'આધુનીક રંગભુમી'નો પર્દો ખુલ્યો; એ પછડાયેલા બારણાનો ધણધણાટ આજેય રંગભુમી પર પડઘાય છે; એ સામે બેઠેલા પ્રેક્ષકને ઉભો કરી દે છે, હચમચાવી નાખે છે, ઉશ્કેરે છે, વીચારતો કરી દે છે; વળી હવે તો એ આધુનીક રંગભુમી તખ્તો, સેટ, પર્દો બધું છોડીને સાવ આપણી લગોલગ, આપણી 'શેરી'ની વચ્ચોવચ્ચ આવી ગઇ છે; આપણે હાથ લંબાવીને એને સ્પર્શી શકીએ, મુઠ્ઠીમાં જકડી શકીએ, ઉગામી શકીએ અને સમય આવ્યે દુશ્મનની છાતીમાં હુલાવી દઇ શકીએ — એટલી એ હાથવગી બની ગઇ છે. અને છતાં આપણે એ રંગભુમી સુધી નથી પહોંચતાં. આપણી આ સ્થીતીને પલટી શકાય, એના સુધી પહોંચવાની શરુઆત થાય — એ આશયથી જ આપણે આ 'શેરીનાટકની શેરી'ને ઓળખવાનો પ્રયત્ન કર્યો છે.

જે મીત્રોને આ લેખમાળમાં રસ પડ્યો હોય અને 'શેરીનાટક'ને વધારે વીગતે ઓળખવાનું-સમજવાનું કુતુહલ જાગ્યું હોય, એમને માટે કેટલાંક પુસ્તકો-લેખોની





વીગતો નીચે પ્રમાણે છે. આ યાદીમાં સમાવાયેલ પુસ્તકો-લેખો આ લેખમાળા માટે ઉપયોગમાં લેવાયેલ સંદર્ભ સામગ્રી પણ છે.

1. **'નુક્કડ નુક્કડ આંગન આંગન'**

(મહીલા આંદોલન કે દૌરાન ઉભરે નુક્કડ નાટકોં કા સંકલન) (હીન્દી)

**પ્રકાશન વર્ષ : 1988, સંકલન : પ્રકાશન : પ્રાપ્તીસ્થાન :**
'જાગોરી'
બી-5, હાઉસીંગ કૉ-આપરેટીવ સોસાયટી,
સાઉથ એક્સ્ટેન્શન, ભાગ-1
કોટલા રોડ પાસે,
નવી દીલ્હી — 110049

(આ પુસ્તકની પ્રસ્તાવનામાં રજુ થયેલ સુશ્રી રતી બાર્થોલોમ્યોનો લેખઃ ''નુક્કડ નાટકની ઐતીહાસીક પૃષ્ઠભુમી'' : આ લેખમાળામાં સંદર્ભ સામગ્રી તરીકે ઉપયોગમાં લેવાયેલ છે)

**2. ''ચૌક ચૌક પર ગલી ગલી મેં'' ભાગ-1 તથા 2**

(જન નાટ્ય મંચ કે નુક્કડ નાટક) (હીન્દી)
પ્રકાશન વર્ષ : 1990
**સંકલન : પ્રકાશન : પ્રાપ્તીસ્થાનઃ**
'સહમત' - સફદર હાશ્મી મેમોરીયલ ટ્રસ્ટ-
8, વીઠ્ઠલભાઇ પટેલ હાઉસ, રફી માર્ગ,
નવી દીલ્હી. 110 001

(આ પુસ્તકોના પહેલા ભાગમાં પ્રસ્તાવના સ્વરુપે નીચે મુજબના બે લેખો આ લેખમાળામાં સંદર્ભ સામગ્રી તરીકે ઉપયોગમાં લેવાયેલ છે)

-''વીરોધી ધારા કા થીએટર'' - શ્રી હબીબ તન્વીર

-''નુક્કડ નાટક- 'જનમ'કે અનુભવ''- સફદર હાશ્મીના કેટલાક લેખોના આધારે 'જનમ'ના સાથીઓ દ્વારા સંકલીત કરાયેલ લેખ.''

3. **''ધી રાઈટ ટુ પરફોર્મ''**

(સીલેક્ટેડ રાઈટીંગ્સ ઑફ સફદર હાશ્મી) (અંગ્રેજી)

પ્રકાશન વર્ષ : 1989

**સંકલન : પ્રકાશનઃ**

સફદર હાશ્મી મેમોરીયલ ટ્રસ્ટ વતી માલાશ્રી હાશ્મી.

**પ્રાપ્તીસ્થાનઃ** પુસ્તક-2 મુજબ.

(આ લેખમાળાની સંદર્ભ સામગ્રી તરીકે આ પુસ્તકમાંના નીચેના લેખો ઉપયોગમાં લેવાયેલા)

- ધી ટ્રેડીશન ઑફ સ્ટ્રીટ થીયેટર' - શ્રી સફદર હાશ્મી

- 'જન નાટ્ય મંચ' (શેરીનાટકનાં પ્રથમ દસ વર્ષ — 1978 થી 1988) —સફદર હાશ્મી.

'એન ઈન્ટરવ્યુ વીથ સફદર હાશ્મી'— યુજીન વૉન ઇરવીન દ્વારા લેવાયેલ સફદરનો ઈન્ટરવ્યુ.

4. **'સ્ટ્રીટ'**

સ્ટ્રીટ થીએટર રીસર્ચ એન્ડ એક્સ્પરીમેન્ટેશન એન્ડ એજ્યુકેશન ટ્રુપ — 'સ્ટ્રીટ' દ્વારા તૈયાર કરાયેલ - 'વર્લ્ડ થીએટર ડે સોવીનીયર' -પ્રકાશનઃ 27 માર્ચ, 1989 (અંગ્રેજી) હાલ અપ્રાપ્ય.

(5 હીરેન ગાંધીનો લેખ ''ધી પોલીટીકલ ઈથોઝ ઓફ સ્ટ્રીટ થીએટર'' (મુળ ગુજરાતી લેખનો અંગ્રેજી અનુવાદ) આ લેખમાળાની સંદર્ભ સામગ્રી તરીકે ઉપયોગમાં લેવાયેલ છે).





આ લેખની ગુજરાતી નકલ માટેનું **પ્રાપ્તીસ્થાન :**

**હીરેન ગાંધી**

9, રુપેશ સોસાયટી, વસ્ત્રાપુર સ્ટેશન રોડ,
જીવરાજ પાર્ક વીસ્તાર, અમદાવાદ-380051

5. **''ધી ઈકોનોમીક ટાઈમ્સ''** (અમદાવાદ આવૃત્તી, અખબાર)(અંગ્રેજી) 23 જુલાઇ, 1994

(આ અખબારમાં પ્રસ્તુત થયેલ શ્રી ચમન આહુજાએ લીધેલ શ્રી ગુરશરણસીંહની મુલાકાત — આ લેખમાળાની સંદર્ભ સામગ્રીમાં સામેલ છે).

અને છેલ્લે 1990 અને 1991માં બે યુવાન મીત્રોએ પોતાની પોસ્ટ ગ્રેજ્યુએશનની ડીગ્રી માટે 'શેરીનાટક'ને વીષય બનાવીને તૈયાર કરેલ અભ્યાસ નીબંધોની નોંધ પણ આપણે લેવી જ જોઇએ. એ બંને મીત્રોનો ટુંકમાં પરીચય આપું તો — બંનેમાંથી એક પણ મીત્ર મુળ ગુજરાતના વતની નથી. ગુજરાતી એમની માતૃભાષા નથી. અને છતાં છેલ્લા દાયકા દરમીયાન ગુજરાતમાં થયેલ 'શેરીનાટક'ની પ્રવૃત્તીને મુખ્યત્વે કેન્દ્રમાં રાખીને એમણે પોતાના અભ્યાસ નીબંધો તૈયાર કર્યા છે. બંનેની મહત્ત્વની વીશેષતા એ પણ છે કે — તેઓ રંગભુમી વીષયક અભ્યાસક્રમના વીદ્યાર્થી નહોતા કે રંગકર્મ એમનો 'ધર્મ' પણ નથી. અલબત્ત, બંનેને રંગભુમી - ખાસ કરીને સામાજીક, રાજકીય નીસ્બત ધરાવતી રંગભુમીમાં ઉંડો રસ છે. બંને રંગભુમીને સામાજીક જાગૃતી તથા પરીવર્તન માટેનું સક્ષમ માધ્યમ માને છે. એમણે પોતાના સ્વયંભુ રસથી જ અને લગભગ જાતે જ સંપર્ક તથા ફીલ્ડવર્ક કરીને અભ્યાસ નીબંધો તૈયાર કર્યા છે.

1990માં ગુજરાત વીદ્યાપીઠમાંથી ગુજરાતીના વીષય સાથે એમ.એ.ની ડીગ્રી મેળવવા માટે ''શેરીનાટકનું સ્વરુપ અને તેની વર્તમાન સમયમાં પ્રસ્તુતતા'' શીર્ષક હેઠળનો ગુજરાતી અભ્યાસ નીબંધ તૈયાર કરના મીત્ર છે — ફાધર અમ્બ્રોસ વેદમ્ (એસ.જે.) તેમના માર્ગદર્શક હતા શ્રી ચન્દ્રકાન્ત શેઠ. રસ ધરાવતા મીત્રોને

આ અભ્યાસ નીબંધની નકલ ગુજરાત વીદ્યાપીઠના ગ્રંથાલયમાં વાંચવા મળી શકે.

1991માં ગુજરાત યુનીવર્સીટી સંચાલીત 'માસ્ટર ઓફ ડેવલપમેન્ટલ કોમ્યુનીકેશન' –એમ.ડી.સી.ની ડીગ્રી મેળવાના હેતુથી 'સ્ટ્રીટ થીએટર- ઍઝ પર્સીવ્ડ બાય ઇટ્સ વ્યુઅર્સ એન્ડ પરફોર્મર્સ' –વીષયનો અંગ્રેજી અભ્યાસ નીબંધ તૈયાર કરનાર મીત્ર છે–સ્ટાલીન કે. 'ઇસરો'ના સીનીયર પ્રોડ્યુસર શ્રી. વી.એન. રૈના એમના માર્ગદર્શક હતા. આ અભ્યાસ નીબંધની નકલ ગુજરાત યુનીવર્સીટી ગ્રંથાલય તથા ગુજરાત યુનીવર્સીટીના 'સેન્ટર ફોર ડેવલપમેન્ટલ કૉમ્યુનીકેશન' –સી.ડી.સી. વીભાગમાં જોવા મળી શકે.

*(નવગુજરાત ટાઈમ્સ, તા. 4-12-1994)*





**પ્રકરણ-6**

# કેટલાંક શેરીનાટક જુથો-રંગકર્મીઓ

## 1. *પંજાબના ઇતીહાસ અને સંસ્કૃતીની સીંહગર્જના અને "પંજાબ દા ખમીર" નો નાડીધબકાર એટલે "પલ્સ" મંચ*

1 મે, 1995.

સાંજના સાતેકનો સુમાર.

લુધીયાણામાંના 'પંજાબી ભવન'ના વીશાળ પ્રાંગણની વચ્ચોવચ કૈંક અંશે ગ્રીક થીએટરની શૈલીમાં ખડું કરાયેલું 'ઑપન એર થીએટર' અથવા તો કહો કે – મીની સ્ટેડીયમ.

સ્ટેડીયમના તખ્તા પરથી બુલંદ સ્વરે લહેરાતું 'હાકલ ગીત' અને ગીતનું ગર્જન સાંભળી ઉતાવળા થતા અમારા પગ.

સ્ટેડીયમની બહાર હંગામી ધોરણે ઉભી કરાયેલ ક્રાંતીકારી સાહીત્ય, પત્રીકાઓ, પૉસ્ટર્સ, ઑડીયો કેસેટ્સ વગેરેની હાટડીઓ આગળ જમા થયેલી ભીડમાંથી ઉતાવળે ડગલે રસ્તો કરતાં અમે સ્ટેડીયમની અંદર પહોંચ્યાં.

ખરેખર ખાસ્સાં મોડાં હતાં. વળી 'હાકલ ગીત' પણ પુરું થઇ ગયું હતું. બીજી એક કલાકાર મંડળી – ડફ, ઢોલક, હારમોનીયમ સાથે તખ્તા પરથી ગગનભેદી સુરે 'ક્રાંતી ગીત' લલકારી રહી હતી અને આખાયે સ્ટેડીયમને ધ્રુજાવતા નાદે, દેશના કીસાન-મજદુરોને 'લાલ ક્રાંતી' માટે પડકાર આપી રહી હતી.

અમારી નસેનસમાંથી ઉત્તેજનાનું એક વીજળીક લખલખું પસાર થઇ ગયું; અને રોમેરોમમાં આંધ્રના લોકલાડીલા ક્રાંતીકારી કલાકાર 'ગદર'ના ગીત-સંગીત-નૃત્ય અને 'કથા'ઓની બુલંદી ઝણઝણી ઉઠી.

બેએક હજાર પ્રેક્ષકોની ક્ષમતાવાળું સ્ટેડીયમ ખાસ્સું ભરાઇ ચુક્યું હતું. સાથે આવેલ સ્થાનીક સાથીઓ અમને પ્રેક્ષાગારના જમણા ખુણે તખ્તાની નજીક, આછા અંધકારમાં બેસીને 'આંતર્રાષ્ટ્રીય મજદુર દીન' નીમીત્તેના એ આખાયે કાર્યક્રમની વ્યવસ્થા અને સંચાલનના સુત્રો સંભાળી રહેલ 'પંજાબ લોક સભ્યાચારક મંચ' – 'પલ્સ' મંચ★[12] -ના અધ્યક્ષ તથા આજના સમયના આપણા દેશના 'નુક્કડ નાટક સમ્રાટ' ગુરશરણસીંહ પાસે લઇ ગયા. ખુબ જ વ્યસ્ત હોવા છતાં ઉષ્માભેર તેઓ અમને મળ્યા.

પછી-અમે પ્રેક્ષાગારમાં ગોઠવાયા. આખાયે પંજાબમાંથી આવેલી 'કલા મંડળીઓ' વારાફરતી તખ્તા પર આવી, લોકગીતોની શૈલીમાં ઢાળેલાં ક્રાંતીગીતો, 'એક્શન સોંગ્સ (જીવંત સંગીત, અભીનય તથા નૃત્યના માધ્યમથી રજુ થતાં ગીતો) અને લોકનાટ્ય તથા શેરીનાટકની શૈલીઓના યથાર્થ સમન્વય વડે તૈયાર કરેલ 'ક્રાંતી નાટકો' રજુ કર્યો જતી હતી.

લગભગ દોઢસોથી વધુ કલાકારો, કોઇપણ પ્રકારના વળતરની અપેક્ષા વીના પોતાની કલા જેને સમર્પીત કરી દીધી છે એવી 'ક્રાંતી'ની મશાલને અવીરત જલતી રાખવાના ઉદ્દેશ્યથી, સ્વેચ્છાએ ગાંઠના પૈસા ખર્ચીને, એ કાર્યક્રમમાં સામેલ થયા હતા. તો બીજી તરફ લગભગ બીજા એટલા જ અને એવા જ કલાકારોને સમયના અભાવે 'પલ્સ' મંચ કાર્યક્રમમાં સામેલ કરી શક્યો નહોતો.





સમયના અભાવે? આપણા જેવાને નવાઇ લાગે એવી વાત હતી. કેમ કે – સાંજે છ વાગે શરૂ થયેલો આ કાર્યક્રમ બીજા દીવસની સવારના છ વાગ્યા સુધી સતત, અવીરત (કોઇપણ પ્રકારના બ્રેક કે ઇન્ટરવેલ વીના) ચાલવાનો હતો. પણ 'પલ્સ' મંચના સાથીઓએ કહ્યું કે, ''આખાયે પંજાબના પાંત્રીસ જેટલાં ક્રાંતીકારી નાટ્યજુથો અને સેંકડો કલાકારો, નાની-મોટી 'કલા મંડળીઓ' અમારી સાથે જોડાયેલાં છે. માત્ર બાર કલાકના કાર્યક્રમમાં દરેકને કઇ રીતે સમાવાય? એટલે અમારી કાર્યક્રમ સમીતી દર વર્ષે 'મંચ'ના ઉદ્દેશ્ય અને રજુઆતની ગુણવત્તાના આધારે કલા મંચો, કલાકારો, મંડળીઓની પસંદગી કરે છે''.

એ દીવસે-પોણોથી એક કલાકના સાત ક્રાંતી નાટકો તથા પચાસેક જેટલાં ક્રાંતીગીતો અને એક્શન સોંગ્સ રજુ થયાં. દરમીયાનમાં આયોજકો દ્વારા પંજાબના પ્રતીબધ્ધ, જનવાદી કલાકારો, કવીઓ, નાટ્યકારોના, ભભકા વીનાના પણ ક્રાંતીકારી સલામ સાથેના પ્રતીકાત્મક સન્માનો પણ થયાં. પણ બધું જ શીસ્તબધ્ધ રીતે, જરુર પુરતું, દેખાડા વીનાનું.

સવારે છ વાગ્યા સુધી પ્રેક્ષાગાર ભરચક રહ્યું. વચ્ચે ચા-બીડી પીવા ઉઠો તો જગ્યા જાય એટલું ભરચક. સ્ટેડીયમના પ્રાંગણમાં પણ એટલી જ ભીડ અને ક્રાંતીકારી સાહીત્ય તથા પત્રીકાઓ ખરીદવા માટે પણ સતત એટલી જ પડાપડી.

સતત બાર કલાક સુધી કાર્યક્રમની બુલંદી, હાકલ અને લલકાર તો એવાં કે – સવારે સ્ટેડીયમની બહાર નીકળતી વખતે આપણાં રોમેરોમમાં ક્રાંતીની જ્વાળા જ ભભુકતી હોય; આખાયે અસ્તીત્વમાં એક જ ગુંજ પડઘાતી હોય – 'શોષણ અને અન્યાયના પાયા ઉપર ખડી થયેલી આ આજની સમાજ વ્યવસ્થાને દઇ દઉં ભડાકે!

'દઇ દઉં ભડાકે'નો ખમીરવંતો ઇતીહાસ પંજાબની ધરતી સદીઓથી સર્જતી આવી છે; પછી એ ગુરુ ગોવીંદસીંહનો સમય હોય કે મહારાજા રણજીતસીંહનો; માત્ર વર્તમાન સદીની વાત કરીએ તો પણ – એ અંગ્રેજો સામે બગાવત પોકારનાર 'ગદર પાર્ટી' નો ઇતીહાસ હોય કે ડાબેરી વીચારધારા પ્રત્યેની પ્રતીબધ્ધતા સાથે

શહીદ ભગતસીંહ અને સાથીઓએ સ્થાપેલ ‘નવજવાન ભારત સભા’ તથા ‘એચ.એસ.આર.એ.’ (હીન્દુસ્તાન સોશ્યાલીસ્ટ રેવોલ્યુશનરી આર્મી) નો ઈતીહાસ હોય. આજે પણ માર્કસવાદી-લેનીનવાદી વીચારધારા સાથે પ્રતીબધ્ધ ક્રાંતીકારી જુથો (પંજાબમાં તેમને ‘નક્સલબારી જુથો’ તરીકે ઓળખવામાં આવે છે). ખાસ્સાં સક્રીય છે. આપણે જેની વાત કરી રહ્યાં છીએ એ ‘પલ્સ મંચ‘ની 1984માં સ્થાપના કરનાર પણ આ જ જુથો હતાં અને આજે પણ એની ધુરા મુખ્યત્વે આ જુથોના હાથમાં છે.

આજે—દસ જ વર્ષના ગાળામાં ‘પલ્સ મંચ‘ અને પંજાબનું ખમીર જાણે એકમેકના પર્યાય બની ચુક્યાં છે. ગયા દાયકા દરમીયાન આખાયે પંજાબને ભીંસમાં લેનાર ‘આતંકવાદ’ના સમયની વાત કરીએ તો—આપણાં છાપાં, મેગેઝીનોએ કે દુરદર્શને ભલે એની બીલકુલ નોંધ ન લીધી હોય, પરંતુ આતંકવાદીઓ અને લશ્કરી દળો તથા પોલીસ દળોના અત્યાચારો તેમજ આતંક સામે સૌથી નક્કર અને બુલંદ અવાજ ‘પલ્સ મંચ’ સાથે સંકળાયેલ કલાકારો, કવીઓ, સાહીત્યકારો તથા કાર્યકતાઓએ ઉઠાવ્યો હતો. એમાંના સેંકડો ખુલ્લી છાતીએ શહીદીને પણ વર્યા. શહીદી વહોરનાર એ સેંકડો ક્રાંતીકારીઓમાંથી આપણા સુધી તો અમૃતસર સ્કુલ ઑફ ડ્રામાના કલાકાર સુખદેવ કે ઉત્કૃષ્ટ જનવાદી કવી પાશ જેવાં માત્ર બે — ચાર નામ જ પહોંચ્યાં છે. આતંકવાદ ચરમસીમા પર હતો ત્યારે ‘પલ્સ મંચ’ ના સાથીઓ પાસે સ્વરક્ષા માટે પુરતાં હથીયારો પણ નહોતાં, છતાં ‘મંચ’ના કાર્યક્રમો સતત, અવીરત ચાલુ જ રહ્યા હતા.

‘પલ્સ મંચ‘ની પ્રવૃત્તીઓની વાત કરીએ તો સ્વાભાવીક રીતે જ આપણને કેરાલાની ‘કેરાલા શાસ્ત્ર સાહીત્ય પરીષદ’ યાદ આવી જાય. અલબત્ત, કેરાલા શાસ્ત્ર સાહીત્ય પરીષદ — કે.એસ.એસ.પી. વીજ્ઞાન અને વૈજ્ઞાનીક દૃષ્ટીકોણના પ્રચાર-પ્રસાર માટે મથતું સંગઠન છે. જ્યારે ‘પલ્સ મંચ‘ ક્રાંતીકારી સંસ્કૃતી અને ઈતીહાસના પ્રચાર-પ્રસાર માટે તેમજ ક્રાંતીની જ્વાળાને પ્રજ્વલીત કરવાના ઉદ્દેશ સાથે પ્રવૃત્તીઓ કરતો મંચ છે. ‘પલ્સ મંચ‘ દર વર્ષે નીયમીત રીતે ‘આંતર્રાષ્ટ્રીય મજદુર દીને’ તથા 25 જાન્યુઆરીએ લુધીયાણા તથા જલંધરમાં રાતભરના





સાંસ્કૃતીક કાર્યક્રમો કરે છે. આ ઉપરાંત દર વર્ષે આખા માર્ચ મહીના દરમીયાન પંજાબના ગામડે ગામડે અનેકવીધ સાંસ્કૃતીક મેળાઓ-કાર્યક્રમો યોજે છે. (શહીદ ભગતસીંહની શહીદીની તારીખ 23 માર્ચ હોવાથી આખાયે પંજાબમાં આ મહીનાનું મહત્ત્વ આગવું છે). ‘પલ્સ મંચ’ના નેજા નીચે પ્રવૃત્તીઓ કરતાં પાંત્રીસેક જેટલાં ‘કલા મંચો’- એ માર્ચ મહીના દરમીયાન પંજાબના ત્રણસો ગામોમાં ચારસોથી વધુ નાટ્યપ્રયોગો તથા બીજા અન્ય સાંસ્કૃતીક કાર્યક્રમો કર્યા હતા. ગીતો,નાટકોની રજુઆતો ઉપરાંત આ મંચ - ક્રાંતીકારી સાહીત્યના પ્રકાશનોનું તથા ક્રાંતીગીતોની ઓડીયો કેસેટ્સના નીર્માણનું કાર્ય પણ ખુબ જ વ્યાપક રીતે અને મોટા પ્રમાણમાં કરે છે. અને આપણને ગુજરાતીઓને જાણીને આશ્ચર્ય થાય કે ‘પલ્સ મંચ‘ પોતાની કોઈપણ પ્રવૃત્તી માટે સરકાર, ધનીકો કે વીદેશી ‘ફંડીંગ એજન્સી’ પાસેથી કોઈપણ પ્રકારનું અનુદાન સ્વીકારતું નથી. આમજનતા સામે હાથ લાંબો કરીને પોતાના ખર્ચજોગી રકમ મેળવી લે છે. શરુઆતમાં જે રાતભરના કાર્યક્રમનો ઉલ્લેખ કર્યો તેમાં પણ કોઈ ટીકીટ કે પ્રવેશપત્ર નહોતું. સવારે પાંચેક વાગે મંચના કલાકારો શીસ્તબધ્ધ રીતે ચાદરો લઈને પ્રેક્ષાગાર તથા પ્રાંગણમાં ફર્યા અને સ્વૈચ્છીક ફાળો એકઠો કર્યો હતો. જો કે, બીજી દૃષ્ટીએ જોઈએ તો પંજાબની જનતા ‘પલ્સ મંચ‘ ને ઉદાર દીલે ફાળો આપે છે. કેમ કે —‘પલ્સ મંચ‘ એમના દીલની વાત કરે છે, એમનાં સ્વપ્નાંને સાકાર કરવા પ્રતીબધ્ધતાપૂર્વક મથે છે.

પંજાબની ખમીરવંતી જનતાના ક્રાંતીકારી નાડી ધબકારને સતત ધબકતો રાખતા આ ‘પલ્સ મંચ‘ને, આપણે ‘ હૃદયકુંજની છત્રછાયામાં ઉછરેલાં’ (મારાં સાથી સરૂપબેને લુધીયાણામાં પોતાની જાતને, મને અને આપણને સૌને આપેલું વીશેષણ) ગુજરાતીઓ જમણા હાથની મુઠ્ઠી ભીડી — કોણીમાંથી હાથ વાળી — ઉંચો કરી ‘ક્રાંતીકારી સલામ‘ કરી શકીયે તોયે ઘણું!

બાકી મારા અને સરુપબેનના દીલો-દીમાગમાં તો ‘પલ્સ મંચ’નાં આ ગીતો જ આજે ય વાવંટોળ બનીને ઘુમરાતાં રહે છે.

*“હર દીલ મેં બગાવત કે શોલોં કો જગા દેંગે,*
*હમ જંગે અવામી સે કોહરામ મચા દેંગે.”*

*"હમેં મંજુર નહીં, નઝ્મે — ગુલીસ્તાં બદલો,*
*દમ ઘુટા જાતા હૈ, કાનુને — શબીસ્તાં બદલો".*

*"મશાલાં બાળકે ચલણા, જદોં તક રાત બાકી હૈ"*
*"અય લાલ ફરેરે ; તેરી કસમ ; ....ઇસ ખુન કા બદલા હમ લેંગે;"*

*(નયા માર્ગ, તા. 16-7-1995)*
*(નવગુજરાત ટાઈમ્સ, તા. 3-6-1995)*

## 2. *"સાંપ્રત નાટ્યવસ્તુ, રસપુર્ણ કથા અને તેજાબી ભાષા-નાટક કરવા મારે આટલું જ જોઇએ."*

તમે ગુરશરણસીંહનું નામ સાંભળ્યું છે?

ના, કોણ છે એ ?

સાચી વાત છે. આપણામાંથી ગણ્યાગાંઠ્યાઓએ એમનું નામ પણ કદીક, ક્યાંક સાંભળ્યું છે.

જો કે, એમાં વાંક માત્ર આપણો જ નથી. આપણાં આજનાં છાપાં, મેગેઝીનો, ટી.વી. જેવાં સમુહ માધ્યમોની એ 'કમાલ' અને 'કારીગરી' પણ છે.

પણ આ વાસ્તવીકતામાં દોષ માત્ર સમુહ માધ્યમોનો જ શા માટે કાઢવો? આપણી આંધળી — બહેરી થઇ ગયેલી સામાજીક — રાજકીય નીસ્બતનો તથા નફા-તોટાના હીસાબ પુરતી સીમીત થઇ ગયેલી સાંસ્કૃતીક નીસ્બતનો દોષ પણ એમાં ક્યાં ઓછો છે?

ખેર, ચાલો આપણે ગુરશરણસીંહના પરીચયની શરુઆત કરીએ. પણ થોભો! 'હીરોવર્શીપ' યાને કે 'વીરપુજા' — વારસાગત રીતે આપણી રગેરગમાં વીસ્તરી ચુકેલા એ રાજરોગ સામે પહેલાં લાલબત્તી ધરી દો. કેમ કે — એક દષ્ટીએ જોતાં ગુરશરણસીંહ 'હીરો' છે. પણ જો એ દષ્ટીએ જ એમની ઓળખાણ મેળવશો તો





એમના જેવા ક્રાંતીકારીને મોટો અન્યાય કરી બેસશો. એમને પોતાને પણ 'હીરોવર્શીપ' પ્રત્યે ભારોભાર તીરસ્કાર છે. થોડા સમય પહેલાં એક મુલાકાતમાં એમણે કહ્યું હતું કે, "એક વાર ગેલીલીયોએ કહેલું કે — 'જે રાષ્ટ્ર પાસે નાયક(હીરોઝ) નથી, તે કમનીસીબ છે', પણ હું તો માનું છું કે — 'જે રાષ્ટ્રને નાયકો(હીરોઝ)ની જરુર છે, તે કમનસીબ છે."

પ્રૌઢાવસ્થા વટાવી ચુકેલ અને છતાં કોઈપણ યુવાનને શરમાવે એટલો તરવરાટ દાખવનાર પંજાબના આ નાટ્યલેખક, દીગ્દર્શક, અભીનેતા આધુનીક ભારતના 'નુક્કડ નાટક સામ્રાટ' (આ સન્માન એમને 1983માં ભોપાલના 'ભારત ભવન' ખાતે યોજાયેલ 'શેરી નાટક મહોત્સવ'માં આપવામાં આવ્યું હતું) છે. નાટ્યકાર તરીકે દીલ્હીની કેન્દ્રીય સંગીત-નાટક અકાદમીનો 1994ના વર્ષનો એવોર્ડ મેળવનાર તેઓ સૌ પ્રથમ પંજાબી રંગકર્મી હતા. આજ સુધીમાં એમણે 135થી વધુ નાટકો લખ્યાં છે (જેમાંના 70 થી વધુ પ્રકાશીત થઇ ચુક્યાં છે અને કેટલાંક તો ભારતની અનેક ભાષાઓમાં અનુવાદીત-રુપાંતરીત થઇ ચુક્યાં છે). અત્યાર સુધીમાં 3500થી વધુ નાટ્યપ્રયોગો કરી ચુકેલ આ નાટ્યકર્મી આજે પણ દર વર્ષે સરેરાશ 20 જેટલા નાટ્યપ્રયોગો ભજવતા રહે છે.

દેશના કીસાન-મજદુરોને અને શોષીત પીડીત જનતાને પોતાની તમામ કલા સમર્પીત કરી દેનાર આ 'પ્રાજી' ('પ્રાજી' એટલે 'મોટાભાઈ', પંજાબના ક્રાંતીકારીઓ, રંગકર્મીઓ, એમને માટે આ સંબોધન જ વાપરે છે) ના નાટ્યપ્રયોગોનો પુરેપુરો રેકોર્ડ મેળવવો તો અશક્ય છે, કેમ કે દેશભરના સામાજીક-રાજકીય નીસ્બત ધરાવતાં નાટ્યજુથો એમનાં નાટકો સતત ભજવતાં રહે છે; એમનાં કેટલાંક નાટકોના હજારથી વધુ પ્રયોગો થઇ ચુક્યા છે.

એમનાં નોંધપાત્ર નાટકોમાં — 'ઇન્કલાબ ઝીન્દાબાદ' (શહીદ ભગતસીંહના જીવન ઉપર આધારીત નાટક), 'તમાશા-એ-હીન્દુસ્તાન'(ભારતીય જીવનની વીડંબનાઓ વીશેનું નાટક), 'ભાઇ મન્નાસીંગ', 'ધમક નગારે દી', 'હોરે વી ઉત્સી મર્દ કા ચેલા' (ક્રાંતીકારી નાટકો) 'બાબા બોલદા હૈ' (ઇન્દીરા ગાંધીની

હત્યા પછી દીલ્હીમાં અને અન્યત્ર થયેલી શીખોની હત્યાઓ વીશેનું નાટક), ‘ચંદીગર પૌરે દી જર્‌ર’ (ચંદીગઢ માટે પંજાબ અને હરીયાણા વચ્ચે સર્જાયેલ વૈમનસ્ય વીશેનું નાટક), ‘સીસ તલ્લી તે’ (બબ્બર અકાલી આદોલન વીશેનું નાટક), ‘ચાંદની ચોક તોં સરહીન્દ તક – બંદ કમરે’ (કટોકટી સમયના બુદ્ધીજીવીઓના વલણો વીશેનું નાટક), ‘જદોં રોશની હોંદી હૈ’ (સાર્ત્રના ‘ફલાઇઝ’ ઉપર આધારીત નાટક), ‘ઉદાસ લોક’, ‘સભેં કીચ્છ હોતે ઉપાય’, ‘તોઆ’ (’ગઢ્ઢા’ના નામે દેશભરમાં ભજવાયેલું ક્રીશ્નચંદ્રની વાર્તા ઉપર આધારીત શેરીનાટક. ગુજરાતમાં પણ ‘ખાડો’ નામના આ શેરીનાટકના એક નાટ્યસંસ્થાએ કેટલાક પ્રયોગો કર્યા છે), વગેરેને ગણાવી શકાય.

તાજેતરમાં એમણે લખેલ - ભજવેલ નાટકોમાં ‘ઔરત’ (તસલીમા નસરીન વીશેનું નાટક તથા ‘પત્તરકાર’ (મુંબઇના ‘મહાનગર’ અખબારના તંત્રી શ્રી નીખીલ વાગલે સાથે ઘટેલ ઘટનાઓ વીશેનું નાટક) ખાસ્સાં ધ્યાનપાત્ર બન્યાં છે.

આ યાદી ઉપર નજર ફેરવાતાં જ ખ્યાલ આવી જાય કે – ગુરશરણસીંહ સાંપ્રત નાટ્યકાર છે; જો કે, એનો અર્થ એ નથી કે, એમનાં નાટકો સનાતન નથી. એમનાં કેટલાંક નાટકો તો જરુર આજની આપણી મુડીવાદી સમાજવ્યવસ્થા ખતમ નહીં થાય ત્યાં સુધી સતત જીવતાં રહેશે, ભજવાતાં રહેશે. વળી કહેવાની જરુર નથી કે, આ તમામ નાટકોનું સ્વરુપ ‘શેરીનાટક’નું છે. અલબત્ત, એમણે વીકસાવેલું શેરીનાટ્ય સ્વરુપ આપણે સામાન્ય રીતે જે શેરીનાટકો જોઇએ છીએ એના કરતાં ઘણે અંશે અલગ છે; કેમ કે આપણે શહેરી વીસ્તારોમાં શેરીનાટકો જોઇએ છીએ, ભજવીએ છીએ; જ્યારે તેઓ ગામડે-ગામડે શેરીનાટકો ભજવે છે અને એને જોવા સેંકડો, ક્યારેક તો હજારો પ્રેક્ષકો આવે છે. આથી એમણે શેરીનાટક અને લોકનાટ્યની શૈલીઓનો સમન્વય સાધીને આગવું શેરીનાટ્ય સ્વરુપ વીકસાવ્યું છે.

ચાર દાયકાથી નાટક, ગીત-સંગીત અને ‘એક્શન સોંગ્સ’ (અભીનય ગીતો) ને જ પોતાનાં હથીયાર બનાવી ‘લાલ ક્રાંતી’ માટે ઝઝુમી રહેલ આ યોધ્ધાને નાટક કૌટુંબીક વારસામાં નથી મળ્યું કે નથી તો એમણે એને માટે કોઇ વીધીસરની





તાલીમ લીધી. હા, બાળપણથી એમને સાહીત્યમાં રસ હતો! પણ એય ટોલ્સ્ટોય, ગોર્કી, દોસ્તોયવસ્કી, પ્રેમચંદ વગેરેને વાંચવા પુરતો. બાકી અભ્યાસની દૃષ્ટીએ તો – ‘ટેકનીકલ કેમેસ્ટ્રી’માં ‘માસ્ટર્સ ડીગ્રી’ મેળવીને ભાખરાનાંગલ ડેમ સાઇટ ઉપર એન્જીનીયર તરીકે જોડાયેલા. 1954માં એક અકસ્માત એમને નાટ્યક્ષેત્રે લઇ આવ્યો.

બન્યું એવું કે – પંજાબના લોકપ્રીય ઉત્સવ ‘લોહરી’ની ઉજવણી માટે ડેમસાઇટના મજુરોએ એક દીવસની છુટ્ટી માંગી. માલીક-સરકારે ના આપી. બંને પક્ષ જીદે ચઢ્યાં, વાત વણસી અને ત્રણ દીવસની હડતાલ પડી. ગુરશરણસીંહનું સંવેદનતંત્ર હચમચી ઉઠ્યું. એમણે પોતાનો ઉભરો ઠાલવવા, આકસ્મીક રીતે જ ‘લોહરી દી હરતાલ’ નામનું નાટક લખી નાંખ્યું અને ડેમસાઇટ પરના થોડા મિત્રોનો સાથે લઇ ભજવ્યું. એમના આશ્ચર્ય વચ્ચે, નાટક જોયા પછી, મજુરો અને માલીકો- બંનેએ પોતાની અકડાઇ છોડી અને ભુલો સ્વીકારી. આ બનાવ વીશે ગુરશરણસીંહ કહે છે કે, ‘‘આકસ્મીક રીતે જ, પહેલીવાર મને રંગભુમીની તાકાતનો પરચો મળ્યો અને હું એના ભણી વળ્યો.’’

1962માં અમૃતસર પરત આવીને એમણે ‘અમૃતસર નાટક કલા કેન્દર’ (અમૃતસર સ્કુલ ઑફ ડ્રામા – એ.એસ.ડી.) ની સ્થાપના કરી અને નાટ્યપ્રવૃત્તી વેગવાન બનાવી. અલબત્ત, એ પછી પણ તેઓ તમામ પ્રકારનાં નાટકો કરતાં; ખાસ કરીને ‘વેસ્ટર્ન ક્લાસીકલ’ નાટકો તરફ એમનો ઝોક વધુ હતો. પરંતુ સૌથી નાની વયે ‘કોમ્યુનીસ્ટ પાર્ટી’ના ‘કાર્ડ હોલ્ડર’ બનવાનું સન્માન ધરાવતા આ નાટ્યકર્મી સાથે જે બનવું જોઇએ જ બન્યું – 1966માં ‘પાર્ટી મેમ્બર’ હોવાના નાતે ‘ઇપ્ટા’ સાથે સક્રીય સંબંધ ધરાવતા ગુરશરણસીંહ 1966માં સ્વ.બલરાજ સહાનીના સીધા સંપર્કમાં આવ્યા; અને બલરાજજીએ એમની નાટ્યપ્રવૃત્તીના સુકાનને વધુ નક્કર અને સંઘર્ષની દીશા ચીંધી. ત્યારથી ગુરશરણસીંહ ક્રાંતીકારી રંગકર્મી બન્યા. તેમની નાટ્યપ્રવૃત્તીમાં આવેલ આ કાયમી વળાંક વીશે તેઓ કહે છે કે:

"રંગભુમી —એ મારા માટે વ્યવસાય નથી, 'સ્વ'ની કારકીર્દી ઘડવાનું સાધન નથી કે નથી તો સૌંદર્યશાસ્ત્રના નીયમોની કલાત્મક આંટીઘુંટી. મારા માટે તો એ — મારા વીચારોને લોકો સુધી, એમાંય ખાસ કરીને આમજનતા સુધી પહોંચાડવાનું માધ્યમ છે. મારે તો, મારે જે કહેવું છે એના ઉપર જ ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ, નહીં કે રંગભુમીના 'કલાત્મક અને ટેક્નીકલ પાસાંઓ ઉપર. ખર્ચાળ રંગભુમી મને પોસાય એમ નહોતી, તેથી મેં 'પ્રોસેનીયમ'ને તીલાંજલી આપી દીધી અને 'પ્રોસેનીયમ' જતાં જ રંગભુમી સાથે વળગેલી બધી જ 'ગીમીક્સ' મારાં નાટકોમાંથી અદષ્ય થઈ ગઈ. પછી તો મારે જરુર હતી — ફક્ત એક 'પ્લેટફોર્મ'ની, જે કોઈ પણ જગ્યાએ ઉભું થઈ શકે. બસ, એવા એ પ્લેટફોર્મે મારા નાટકનું સ્વરુપ નીશ્ચીત કરી દીધું. હવે તો નાટક કરવા માટે મારે માત્ર — સાંપ્રત નાટ્યવસ્તુ (થીમ), રસપુર્ણ કથા અને તેજાબી ભાષા — આટલું જ જોઈતું હતું. ત્યારથી માંડીને આજ સુધી મારા નાટ્યકર્મને હું આ ત્રણ આધારો ઉપર જ વીકસાવતો આવ્યો છું."

હવે તમને કોઈ પુછે કે — તમે ગુરશરણસીંહને ઓળખો છો?

તો ઉતાવળા થઈને — "હા હા, બરાબ્બર!" એવું ન કહી બેસતા. હજુ એમનો પરીચય અધુરો છે. આવતી વખતે એમનો પરીચય આગળ વધારીશું.

*(નવગુજરાત ટાઈમ્સ, તા. 12-6-995)*

## 3. *મારાં નાટકોનો સંદેશ છે – પઘડી સંભાલ જટ્ટા....*

***ગુરશરણ સીંહ.***

ગઈ વખતે ગુરશરણસીંહનો પરીચય ત્યાં સુધી આવ્યો હતો કે — 1966 માં તેઓ 'ઈપ્ટા'ના ક્રાંતીકારી રંગકર્મી સ્વ.બલરાજ સહાનીના સંપર્કમાં આવ્યા. અને એમની રંગભુમી સાથેની નીસ્બતની દીશા પલટાઈ ગઈ. તેઓ ક્રાંતીકારી જનવાદી રંગભુમી પ્રત્યે પ્રતીબધ્ધ થયા.





બસ, પછી તો એમના જીવનમાં પણ એ જ ઘટનાક્રમ આકારીત થવા માંડયો, જે પરાપુર્વથી કોઈપણ ક્રાંતીકારીના જીવનમાં ઘટતો આવ્યો છે. 1975માં ઈન્દીરા ગાંધીએ દેશમાં 'કટોકટી' જાહેર કરી અને ગુરશરણસીંહ જેલમાં ગયા. જેલમાંથી છુટ્યા પછી પણ ભાખરાનાંગલ ડેમ પરની નોકરીનું સસ્પેન્શન તો 1977 સુધી ચાલુ જ રહ્યું.

જો કે સામે પક્ષે, ક્રાંતીકારીઓ પણ પરાપુર્વથી, સ્થાપીત વ્યવસ્થાના આવાં આક્રમણો હસતે મુખે આવકારતાં રહ્યા છે અને જીંદગીના આવા કસોટીકાળને ક્રાંતીની આગના ઈંધણમાં પરીવર્તીત કરતા રહ્યા છે. પ્રાજી ગુરશરણસીંહે પણ એ જ કર્યું. આ સસ્પેન્શનના સમયગાળાની 'મુક્તી'નો લાભ લઈ એમણે આખાયે પંજાબમાં ચાળીસ જેટલાં ક્રાંતીરંગી જનપક્ષી નાટ્યજુથો અસ્તીત્વમાં આણી દીધાં અને એ જુથોએ પંજાબની ખમીરવંતી ધરાને ધમરોળવા માંડી.

આનાથી તો પ્રાજીને નવું જ બળ મળ્યું અને 1981માં એમણે નોકરીમાંથી 'સ્વૈચ્છીક નીવૃત્તી' લઈ લીધી અને પોતાનું સંપુર્ણ જીવન સમર્પીત કરી દીધું ક્રાંતીને. 1984માં એમણે, પંજાબની આમજનતા સાથે ઓતપ્રોત થઈને 'લાલ ક્રાંતી' માટે મથી રહેલ કેટલાંક માર્ક્સીસ્ટ-લેનીનીસ્ટ જુથો સાથે સહયોગ સાધીને 'પંજાબ લોકસભ્યાચારક મંચ' (પલ્સ મંચ')ની સ્થાપના કરી. (આ મંચ વીશે અગાઉ આપણે વીગતે વાત કરી છે.)

'પલ્સ મંચ'ના નેજા નીચે એમણે સ્થાપીત વ્યવસ્થાની સાથે સાથે પંજાબમાં વકરી રહેલ 'આતંકવાદ'નો પણ ખુલ્લા અવાજે, ખુલ્લી છાતીએ, ખુલ્લા મેદાનોમાં વીરોધ કરવા માંડ્યો. આમ તો એમનો આ વીરોધ સ્થાપીત વ્યવસ્થાતંત્રના લાભમાં હતો! પણ તંત્રની જડ જડસુ પોલીસ કાંઈ એ થોડું સમજે? 1984માં એણે આ 'સરદારજી'ની 'આતંકવાદી' સમજીને ધરપકડ કરી.

ખરેખર બન્યું હતું એવું કે — આખાયે દેશના કેટલાંક ક્રાંતીકારી નાટ્યજુથોએ દર વર્ષે કોઈ એક નીશ્ચીત શહેરમાં, નીશ્ચીત સમસ્યા વીશે 'શેરી નાટકો'નો મહોત્સવ 'નાટ્યજાત્રા'ના નામે યોજવાનો નીર્ણય કર્યો હતો. પહેલી જ નાટ્યજાત્રા 1984માં મુંબઈ ખાતે યોજાઈ. નાટ્યજાત્રા શરુ થવાના આગળના દીવસે દેશના ખુણે ખુણેથી

ક્રાંતીકારી નાટ્યજુથો મુંબઇ આવી પહોંચ્યા. ગુરશરણસીંહ પણ પંજાબથી ‘અમૃતસર કલા કેન્દર’નાં સાથીઓ સાથે આવ્યા. સૌને દાદર વીસ્તારની એક શાળાના મકાનમાં ઉતારો અપાયો હતો. અને ત્યાં જ એ જ દીવસે, દીલ્હીમાં ઇન્દીરા ગાંધીની એમના શીખ અંગરક્ષકોએ હત્યા કરી. દેશભરમાં ઠેર ઠેર ‘શીખ વીરોધી’ રમખાણો ફાટી નીકળ્યાં.

દાદર અને આસપાસના વીસ્તારનું એક ટોળું પેલી શાળાના મકાનમાં ‘શીખો’ને જોઇને ધસી આવ્યું. મામલો તંગ થઇ ગયો. પાંચ-છ કલાક સુધી આયોજકોએ ખાસ્સી માથાકુટ કરી માંડ પરીસ્થીતી થાળે પાડી. સ્વાભાવીક રીતે જ ઇન્દીરા ગાંધીની હત્યાના કારણે ‘નાટ્યજાત્રા’ના જાહેર કાર્યક્રમો રદ થઇ ગયા હતા. આયોજકોએ આ ‘નવરાશ’નો સદુપયોગ કરવા પ્રાજી અને સાથીઓના ક્રાંતીકારી ગીતોની ઑડીયો કેસેટ રેકોર્ડ કરવાનું નક્કી કર્યું.

હવે જ ખરી મઝા શરુ થઇ. ગુરશરણસીંહ અને સાથીઓનું દેશભરમાં સૌથી વધારે પ્રસીધ્ધી પામેલું ક્રાંતીગીત છે — અય લાલ ફરેરે તેરી કસમ… ઇસ ખુનકા બદલા હમ લેંગે… 1935માં પંજાબના ક્રાંતીકારી કવી જગમોહન જોષીએ ક્રાંતીકારી શહીદોને અંજલી આપવા લખેલા આ ગીતના શબ્દો, 1984માં એ ગીતના રેકોર્ડીંગ વખતે, ખબર નહીં કઇ રીતે… પણ મુંબઇની પોલીસના કાન સુધી પહોંચી ગયા. અને એમની ‘સરકારી અક્કલ’માં ‘ખુન કા બદલા’ એટલે ‘ઑપરેશન બ્લ્યુ સ્ટારનો બદલો’ એવું ઠસી ગયું. એ તો લેફ્ટ-રાઇટ કરતી પહોંચી ગઇ - પ્રાજીના ઉતારે અને એમની ધરપકડ કરી લીધી.

ધરપકડ પછી શરુ થયું ‘ઇન્ટરોગેશન’. પણ જેમ જેમ ‘ઇન્ટરોગેશન’ આગળ વધતું ગયું એમ એમ પોલીસની બુધ્ધી બહેર મારતી ગઇ. એમને સમજાવા માંડ્યું કે આ ‘સરદારજી’ તો ‘આતંકવાદીઓ’ના એમનાથીયે મોટા દુશ્મન છે. છેવટે એમને છોડી મુક્યા. ગુરશરણસીંહ આજેય પોલીસની આ મુર્ખામીનો આભાર માનતા કહે છે કેઃ “મારી ધરપકડ અને ‘ઇન્ટરોગેશન’ને કારણે અમારાં નાટ્યજુથોની વીચારધારાને અને અમારી ‘આતંકવાદ વીરોધી’ પ્રવૃત્તીઓને દેશભરમાં ખાસ્સી પ્રસીધ્ધી મળી”.





આ ‘નુક્કડ નાટક સમ્રાટ’ ફક્ત આપણા દેશમાં જ નહીં, વીદેશમાં વસતાં ભારતીઓ સુધી પણ અવારનવાર ક્રાંતીનો સંદેશ પહોંચાડતા રહે છે. અત્યારે, આ દીવસોમાં પણ તેઓ એમના નાટ્યજુથ સાથે કેનેડાની શેરીઓમાં શેરીનાટકો ભજવી રહ્યા છે, ક્રાંતીગીતો લલકારી રહ્યા છે.

1981માં તેઓ આ જ હેતુ સાથે ઇન્ગ્લેન્ડ ગયા હતા અને એ દરમીયાન ત્યાંના બર્મીંગહામમાં એમનું નીવડેલું શેરીનાટક ‘તોઆ’(‘ખાડો’) ભજવી રહ્યાં હતા. એ નાટક જોઇને ત્યાંના ‘માંચેસ્ટર ગાર્ડીયન’ નામના અખબારના નાટ્યવીવેચક તો સડક જ થઇ ગયા. એમણે એમની કોલમમાં લખ્યું કે, “માત્ર અર્ધા કલાકમાં મારી આંખ સામે, ભારતની સ્થાપીત વ્યવસ્થાના લીરેલીરા ઉડી ગયા”.

સ્થાપીત વ્યવસ્થાના આ રીતે આજીવન લીરેલીરા ઉડાડનાર આ ક્રાંતીકારીએ જ્યારે પંજાબની સંગીત નાટક અકાદમીનું અધ્યક્ષપદ સ્વીકાર્યું ત્યારે ઘણાંને આશ્ચર્યું થયું. એ જ રીતે એમણે દીલ્હીની કેન્દ્રીય સંગીત-નાટક અકાદમીનું સભ્યપદ પણ સ્વીકાર્યું અને ગયા વર્ષે જ અકાદમી દ્વારા અપાયેલ રાષ્ટ્રીય એવોર્ડ પણ સ્વીકાર્યો. આપણે સંમત થઇએ કે ન થઇએ, પણ એમના વ્યક્તીત્વનો આ પણ એક રંગ છે, એ હકીકત છે.

જો કે — આ બધાંને કારણે એમની અંદરનો ક્રાંતીકારી ખતમ થઇ ગયો છે અથવા ‘ખરીદાઇ’ ગયો છે, એવું માનવાની ભુલ ના કરતા. એ ક્રાંતીકારી તો આજે પણ બુલંદ સ્વરે ધબકે છે; અને એટલે જ તો રશીયામાંની સમાજવાદની નીષ્ફળતાઓને આજે જ્યારે દુનીયાભરનાં મુડીવાદી રાજ્યતંત્રો ગાઇ વગાડીને ‘સામ્યવાદના મૃત્યુ’ તરીકે ગજવી રહ્યાં છે, ત્યારે આ પ્રાજી બુલંદ અવાજે કહે છે કે : ક્રાંતી ક્યારેય ખતમ થતી નથી. સંઘર્ષ ચાલુ જ છે અને ચાલુ જ રહેશે. હું આજે પણ એ જ સત્ય ઉપર અડગ છું, જે હું ભાખરાનાંગલ ડેમ ઉપર શીખ્યો હતો. એ સત્ય એવું હતું કે — જો જનતાની ઇચ્છાશક્તી વીજ્ઞાન સાથે હાથ મીલાવી, ધસમસતી નદીનાં વ્હેણની દીશા પલટી શકે છે, તો તે એ જ રીતે સમાજની ગતીની દીશાને કેમ ના પલટી શકે?!

દોસ્તો, મારે માટે તો આ જ ગુરશરણસીંહની સાચી ઓળખ છે, કેમ કે — એમનાં નાટકો હંમેશા આપણને કહેતાં રહ્યાં છે કે — ''તમારી આસપાસ જ્યારે આટઆટલું ચાલી રહ્યું હોય, ત્યારે તમને ઉંઘ કઇ રીતે આવી શકે?'' અને એમનું જીવનકાર્ય તો એથીયે આગળ વધીને આપણને કહે છે કે — ''માત્ર જાગ્રત હોવું પુરતું નથી, જે ચાલી રહ્યું છે એ વીશે વીચારતાં રહેવું પણ પુરતું નથી, સંગઠીત થઇને આ બધું બદલવા કૈંક કરવું — એ જ ખરેખર તો આજની તાતી જરુરીયાત છે''.

આ જ વાતને એમની એક મુલાકાતમાં એમણે સચોટ શબ્દોમાં મુકી હતીઃ ''મારાં નાટકોનો સંદેશ છે — આઝાદીના સંગ્રામ વખતે લોકજીભે રમતું થયેલું પેલું ક્રાંતીગીત -'પઘડી સંભાલ જટ્ટા....''

*(નવગુજરાત ટાઇમ્સ, તા. 26-6-1995)*

## 4. .... સૌથી ખતરનાક હોય છે- નીષ્પ્રાણ શાંતીથી ભરાઇ જવું ...

શાળા-કોલેજોમાં ભણાવવામાં આવતો કે પછી ટી.વી., ફીલ્મો, મેગઝીનો, અખબારો, સાહીત્ય, રંગભુમી જેવાં સમુહ માધ્યમો દ્વારા આપણા સુધી પહોંચાડવામાં આવતો ઈતીહાસ હંમેશા પુર્વગ્રયુક્ત, અર્ધદગ્ધ અને સ્થાપીતહીત પ્રેરીત રહ્યો છે. આ વીધાન તમને આત્યંતીક અને એકપક્ષી લાગશે. પણ આ હકીકત છે. આજની કહેવાતી લોકશાહીની નઠોર-કઠોર વાસ્તવીકતા છે.

આ વીધાનને ચકાસવું હોય તો — કોઇપણ શીક્ષીત વ્યક્તીને આ સદીમાં આપણા દેશમાં થઇ ગયેલા દસ શહીદોના નામ પુછો. ભગતસીંહ, સુખદેવ, રાજગુરુ કે પછી સાવરકર, બે - ચાર નામ આપતા આપતામાં તો એ થાકી જશે. એમાંયે પછી જો તમે એમ પુછો — એમણે શહીદી કેમ વ્હોરી? તો ભાગ્યે જ તમને ચોક્કસ જવાબ મળશે.

ચાલો, આખી સદીની વાત જવા દો. છેલ્લા એકાદ-બે દાયકામાં પોતાની જનવાદી ક્રાંતી પ્રત્યેની પ્રતીબધ્ધતા ખાતર આપણા દેશમાં કોણે કોણે શહીદી વ્હોરી —





એવું પુછશો તો એકાદ નામ પણ અકસ્માતે જ તમને સાંભળવા મળશે.

હવે બધાં શીક્ષીતોની વાત પણ બાજુ પર મુકો. સાહીત્ય કે કલાનાં ક્ષેત્રોમાં માન, મોભો, પ્રતીષ્ઠા અને ઈનામો-અકરામો — એવોર્ડો મેળવનાર સ્થાપીત સાહીત્યકારો-કલાકારોને એમના ક્ષેત્રોમાં પોતાની જનવાદી પ્રતીબધ્ધતા ખાતર શહીદી વ્હોરનારનાં નામ પુછો. કદાચ સફદર હાશ્મીનું નામ જવાબમાં મળે. પણ એથી આગળ કાંઇ જ નહીં. ત્યાર પછી જો તેમને એમ પુછો કે આંધ્રના ક્રાંતીકારી કવી ચેરાબંડા રાજુનું નામ સાંભળ્યું છે? કેરળના પ્રતીબધ્ધ રંગકર્મી રાજન વીશે જાણો છો? પંજાબના જનવાદી કવી અવતારસીંહ 'પાશ'ની કવીતાઓ વાંચી છે? કે પછી એમના જ સમકાલીન સાથી જયમલ પદ્દાની કવીતાઓ? — આ બધા જ છેલ્લા એક-દોઢ દાયકામાં પોતાની પ્રતીબધ્ધતા ખાતર સામી છાતીએ, હસતે મુખે શહીદી વ્હોરનાર સાહીત્યકારો-કલાકારો છે. પણ આપણાં સ્થાપીતો કદાચ એમનામાંથી કોઇ એકાદના નામ કે કામથી થોડાંઘણાં જાણકાર હશે. પરંતુ એમની શહીદી કે શહીદીનાં કારણોથી વાકેફ નહીં હોય.

અહીં જ ઘડીક અટકીને આ લેખની શરુઆતના વીધાન વીશે ફેરવીચારણા કરો. હજુયે આત્યંતીક કે એકપક્ષી લાગે છે? આજે આપણે એક એવા જ રંગકર્મી, સાંસ્કૃતીકકર્મી શહીદ વીશે થોડી વાત કરવાનાં છીએ. 1966માં એક મજહબી શીખ પરીવારમાં જન્મ પામનાર સુખદેવ — 16 વર્ષની ઉંમરે જ અમૃતસરમાંના તેના ઘરની પડોશમાં રહેતા ક્રાંતીકારી રંગકર્મી ગુરશરણસીંહની વીચારધારા અને જનવાદી પ્રવૃત્તીઓથી પ્રભાવીત થયો અને એમના રાજનૈતીક સાંસ્કૃતીક આંદોલન સાથે જોડાઇ ગયો. જોતજોતામાં આ નવયુવાને 'અમૃતસર નાટક કલા કેન્દર'ની મહત્ત્વની જવાબદારીઓ પોતાના મજબુત ખભા ઉપર ઉપાડી લીધી.

ભગતસીંહની જેમ નાની ઉંમરે જ પોતાની ધાર્મીક ઓળખ સમાન લાંબા વાળ અને દાઢીને તીલાંજલી આપનાર સુખદેવને માત્ર 'ધર્મ નામના અફીણ' સામે જ વીરોધ નહોતો; શોષણ અને અન્યાયના પાયા ઉપર ઉભી રહેલી આજની આખીયે મુડીવાદી વ્યવસ્થા સામે એનો વીરોધ હતો, એનો વીદ્રોહ હતો. આ વ્યવસ્થા

સામે એના દીલમાં જે આગ ભભુકી રહી હતી, એનો ખરો અંદાજ તો તમને તો જ આવે, જો તમે એને ચોકમાં, ગલીઓમાં, કારખાનાઓના દરવાજે કે ગીચ બસ્તીઓની વચ્ચેની નાનકડી ખુલ્લી જગ્યાઓમાં બુલંદ સ્વરે અને આંખોમાં ધસી આવતા લોહી સાથે ક્રાંતીગીતો લલકારતો, નાચતો, ક્રાંતીરંગી નાટકો ભજવતો જોયો હોય. એનું સૌથી પ્રીય ગીત હતું – ''હર દીલમેં બગાવત કે શોલોં કો જગા દેંગે... '' (ક્રાંતીગીતોની ઑડીયો કેસેટમાં પણ આ ગીતમાં મુખ્ય સ્વર એણે જ આપેલ છે.) આ ગીત ગાતાં ગાતાં નાચતા સુખદેવને તમે જોયો હોત તો અચુક એમ લાગત કે કોઇ કલાકાર રમણભુમી પર નહીં, પણ યોધ્ધો રણમેદાનમાં ઘુમી રહ્યો છે.

પ્રત્યેક દીલમાં 'બગાવતની આગ' ભડકાવવા સતત મથતો રહેનાર સુખદેવસીંહ 'પ્રીત' ગીતો ગાવા અને નાટકોમાં અભીનય-દીગ્દર્શન કરવા ઉપરાંત 'પ્રીત'ના નામે પંજાબીમાં ક્રાંતીકારી કવીતાઓ તથા વાર્તાઓ પણ લખતો. પરંતુ આ બધા કરતાં સૌથી મહત્ત્વની વાત એ હતી કે – પોતાની વીચારધારા અને પ્રતીબધ્ધતા આગળ પોતાની જીંદગીની એને કોઇ પરવા નહોતી; એથી જ તો એ – એક તરફથી સ્થાપીત વ્યવસ્થાના લશ્કરી, અર્ધ લશ્કરી, અને પોલીસ દળોની ચાંપતી નજર તથા બીજી તરફથી ધાર્મીક ઉન્માદને કારણે ગેરમાર્ગે દોરાયેલા શીખ આતંકવાદીઓની ધમકીઓની વચ્ચે પણ, ખુલ્લેઆમ, ખુલ્લા તખ્તા પર ખુલ્લી છાતીએ પોતાના સાથીઓ સાથે આખાયે પંજાબમાં સાંસ્કૃતીક કાર્યક્રમો સતત રજુ કર્યે રાખતો.

માત્ર પંજાબમાં જ નહીં, આપણા દેશના અનેક વીસ્તારોમાં અને વીદેશોમાં પણ ક્રાંતીની મશાલ લઇને ઘુમનાર આ કલાકાર 1986માં 'કોમવાદ વીરોધી નાટ્યજાત્રા'માં સામેલ થવા અમદાવાદ અને 1987માં 'કોમવાદ વીરોધી શેરીનાટ્ય મહોત્સવ'માં સામેલ થવા વડોદરા પણ આવ્યો હતો. 'અમૃતસર નાટક કલા કેન્દર'ના સાથીઓ સાથે એ બંને વખતે તે એક એક અઠવાડીયું રોકાયો હતો. એણે અને એના સાથીઓએ તો બંને શહેરોના 'સંવેદનશીલ વીસ્તારો' અને મજુર બસ્તીઓમાં જે ગીતો અને નાટકો કર્યાં હતાં એનો સીંહનાદ અને





એની ગુંજ આજેય એ વીસ્તારના રહીશોના દીલમાં પડઘાઇ રહી છે.

તમામ વ્યસ્તતા વચ્ચે 1991માં સુખદેવે ખુરમનીયા ગામની રંજીતા કૌર સાથે લગ્ન કર્યાં. લગ્નના થોડા જ સમય પછી એ બંને ખુરમનીયા ગયાં હતાં. કેટલાંયે સમયથી સુખદેવનું પગેરું દબાવી રહેલ આતંકવાદીઓને તક મળી ગઇ. રાત્રે આઠેકના સુમારે ગામમાં પ્હોંચી સુખદેવના શ્વસુરગૃહને ઘેરી લીધું. સુખદેવ સંતાઇ કે છટકી જવાને બદલે ખુલ્લી છાતીએ એમની સામે પહોંચી ગયો. કેટલાંક ગામલોકો પણ એકઠા થઇ ગયાં. સુખદેવની ક્રાંતીકારી વીચારધારા અને સાંસ્કૃતીક રજુઆતો વીશે આતંકવાદીઓએ ખાસ્સી હોહા કરી. તેમણે ફરમાન કર્યું કે સુખદેવ જાહેરમાં માફી માંગે અને હવે પછી આવાં કાર્યક્રમો કરવાનું બંધ કરે. સુખદેવે સ્વસ્થતાપુર્વક એમની સાથે ચર્ચા કરી, મક્કમતાપુર્વક એમના ફરમાનને સ્વીકારવાની ના પાડી. છેવટે આતંકવાદીઓએ બંદુકો અને આધુનીક રાયફલોના નાળચે ગામલોકોને વીખેરી નાખ્યાં. સુખદેવ ત્યાં જ અડગ પહાડ બનીને ઉભો રહ્યો. તેઓ એને લઇ જવા માંડ્યા. ત્યાં જ રંજીતાએ એમને અટકાવીને કહ્યું – હું પણ સુખદેવની વીચારધારામાં દૃઢ શ્રધ્ધા ધરાવું છે. તમારા ધાર્મીક ઉન્માદની સામે મનેય નફરત છે. આતંકવાદીઓ એને પણ લઇ ગયા. (ખુરમનીયામાં જે સ્થળે આ બન્યું – એની બરાબર સામે, થોડા ફુટના અંતરે જ પોલીસથાણું હતું અને એ ચુપચાપ આ 'તમાશો' માણી રહ્યું હતું). બીજા દીવસે સવારે ખુરમનીયાના પાદરેથી સુખદેવ-રંજીતાની લાશો મળી.

આ ઉત્કૃષ્ટ ક્રાંતીરંગી યુવા કલાકાર અને એની નવોઢાની ઉદાહરણરુપ શહીદી વીશે પંજાબ પોલીસની જેમ જ દેશભરનાં અખબારો, ન્યુઝ એજન્સીઓ અને અન્ય જાહેર માધ્યમોએ ધીટતાભરી ચુપકીદી સેવી. 10 ઓક્ટોબર, 1991ની રાત્રીના આ બનાવની સૌ પ્રથમ નોંધ 24 નવેમ્બર, 1991ના રોજ દીલ્હીના હીન્દી, અંગ્રેજી અખબારોમાં પ્રગટ થઇ; અને એ પણ ક્રાંતીકારી સાંસ્કૃતીકકર્મીઓની ખાસ્સી દોડધામ પછી. દીલ્હીના 'નીશાંત નાટ્યમંચ'ના સુત્રધાર અને જનવાદી કલાકાર શમ્સુલ ઇસ્લામે એ અખબારી નોંધ તૈયાર કરી હતી. ત્યાર પછી તો સુખદેવની શહીદીના સમાચાર વાયુવેગે દેશભરના ક્રાંતીકારી

કલાકારો સુધી પહોંચી ગયા. એમણે પોતાના વીસ્તારોમાં એને શ્રધ્ધાંજલી અર્પતાં કેટલાક કાર્યક્રમો પણ કર્યા. પણ એની ખાસ નોંધ ન લેવાઇ, કેમ કે — સુખદેવની જેમ જ એ કલાકારો પણ 'સ્થાપીત' નથી! ગરીબોનાં-શોષીતોનાં સર્જકો-કલાકારો છે'.

અંતે, એ કહેવાની જરુર ખરી કે — સુખદેવ અને એના જેવા કૈંકની શહીદીએ દેશભરના ક્રાંતીરંગી કલાકારો-સર્જકોને પોતાની શહીદી વડે અનોખું પ્રોત્સાહન આપ્યું છે, જનવાદી કલા-સાહીત્યને અનેરી બુલંદી બક્ષી છે. સુખદેવથી પહેલાં પણ એની જેમ જ 23 માર્ચ, 1988ના રોજ શહીદી વ્હોરનાર પંજાબના ક્રાંતીકારી કવી 'પાશ'ની સૌથી છેલ્લી છપાયેલ એક કવીતામાં એમણે જે આહ્વાન આપ્યું છે તે આજના આપણા 'સાંસ્કૃતીક અંધકાર'ના સમયમાં એકેએક સંવેદનશીલ કલાકાર-સર્જકે ઝીલવા જેવું છે. (અહીં એ કાવ્યનો એક અંશ જ રજુ કર્યો છે).

*"... સૌથી ખતરનાક હોય છે-*

*નીષ્પ્રાણ શાંતીથી ભરાઇ જવું!*

*તરફડાટનું ન હોવું!*

*બધું સહન કરી લેવું!*

*ઘેરથી જવું કામ પર*

*ને કામેથી પરવારી પાછાં ઘેર આવવું.*

*સૌથી ખતરનાક હોય છે-*

*આપણાં સ્વપ્નોનું મરી જવું..."*

*(નવગુજરાત ટાઇમ્સ, તા. અપ્રાપ્ય)*





## 5. *તેર વર્ષ-ત્રીસ નાટક-પંદરસો પ્રયોગ*

કોઇ એક અવેતન નાટ્યસંસ્થા તેર વર્ષ ટકે, તેર વર્ષમાં ત્રીસ નાટકો તૈયાર કરે અને એ નાટકોના પંદરસોથી વધુ પ્રયોગો કરે — એ હકીકત, વર્તમાન ગુજરાતી રંગભુમીના સંદર્ભમાં, ખરેખર એક ઉત્સાહપ્રેરક ઘટના છે. વળી એથીયે મોટી વાત એ છે કે — એ ત્રીસેત્રીસ શેરીનાટકો છે! અને એ સંસ્થા સ્થાપનાર, ચલાવનાર તેમજ નાટકોમાં કામ કરનાર તમામેતમામ કલાકારો અમદાવાદના મજુર વર્ગના યુવાનો તથા વીદ્યાર્થીઓ છે. હવે આ બધી હકીકતોને ધ્યાનમાં લેતાં 'તેર વર્ષ - ત્રીસ નાટક — પંદરસો પ્રયોગ'' નું મહત્ત્વ આપણા માટે — ગુજરાત માટે- ગુજરાતી રંગભુમી માટે અદકેરું બની જાય છે.

એપ્રીલની તેરમી તારીખે, અમદાવાદના ''આપના બજાર''ની સામેના સરદાર ચોકમાં એ મીત્રોના નવા શેરીનાટકનો બીજો પ્રયોગ રજુ થયો. નાટક હતું ''માથા વીનાનો ખવી(યાને ડંકેલ ડ્રાફ્ટ)'' નાટક તો ખુબ જ અસરકાર અને સુંદર રીતે રજુ થયું પરંતુ આજે આપણે એ નાટક વીશે વાત નથી કરવી. આપણે વાત કરવી છે — મજુર વર્ગના એ યુવાનો, વીદ્યાર્થીઓ, કામદારો બેરોજગારોની રંગભુમી પ્રત્યેની નીષ્ઠાની; એમની સામાજીક-રાજકીય નીસ્બતની.

1980ની વાત છે. પુર્વ અમદાવાદની મજુર ચાલીઓમાં રહેતા કેટલાંક વીદ્યાર્થીઓની મીત્રમંડળીના દીલમાં નાટક કરવાનો અભરખો જાગ્યો, પણ કરવું કઇ રીતે? નાટકનો અનુભવ કે તાલીમ તો કોઇની પાસે હતાં જ નહીં. વળી સ્કુલ-કોલેજની ફી ભરવાના જ જ્યાં સાંસાં હોય ત્યાં નાટક કરવાના પૈસા ક્યાંથી લાવવા? પણ એમને નાટક કરવું જ હતું અને એ પણ સામાજીક-રાજકીય પ્રશ્નોને લગતું નાટક. સંપર્કો શોધવા માંડ્યા. અને એમને મળી ગયા 'કેરળ કલા મંડળમ્'નામની સાંસ્કૃતીક સંસ્થાના કાર્યકર્તા-મીત્ર. એમણે પ્રેમચંદજીની વાર્તા પર આધારીત 'પરીવર્તન' નામના હીન્દી નાટકમાં એ મીત્રોને તક આપી. મીત્રોએ બારેય હાથે તક ઝડપી લીધી અને નાટક ભજવ્યું. હવે થોડો આત્મવીશ્વાસ પણ વધ્યો.

એ જ અરસામાં મુંબઈના મીલ-કામદારોની ઐતીહાસીક હડતાલ શરુ થઈ. મીત્રોને થયું — કોઈપણ ભોગે એ હડતાલને કેન્દ્રમાં રાખી નાટક કરવું જોઈએ અને એના દ્વારા અમદાવાદના મીલકામદારોમાં એ વીશે જાગૃતી આણવી જોઈએ. એમણે હીંમત કરીને જાતે જ નાટક લખ્યું અને તૈયાર કર્યું. નાટક હતું — ''કાલા કાનુન''. કામદારોના નાગરીક અધીકારને છીનવતા અને એમને સંગઠીત થઈને આંદોલન કરતા અટકાવતા ''એસ્મા''('આવશ્યક સેવા ધારો') નામના કાયદા વીરુદ્ધના એ નાટકને પ્રોત્સાહક પ્રતીભાવ મળ્યો. જો કે મહત્ત્વ પ્રતીભાવ કરતાં એ નાટકની પ્રકીયાનું વધારે હતું! કેમ કે — એ 'શેરીનાટક' હતું. 'શેરીનાટક' એટલે શું, એ કેવી રીતે તૈયાર થાય — એની એ મીત્રોને ખાસ ખબર નહોતી. એમણે શેરીનાટકો જોયાં પણ નહોતાં. આપણા દેશના સંદર્ભમાં જોઈએ તો, આઝાદી પછીના તબક્કામાં શેરીનાટકોનો નવો દોર, લગભગ આઠમા દાયકાથી જ શરુ થયો; અને ગુજરાતમાં તો લગભગ એ મીત્રોએ શરુ કર્યું એ અરસાથી જ). હા, એમનામાંના એક-બે મીત્રો ટ્રેડ યુનીયન(કામદાર સંગઠનો) સાથે સંકળાયેલા હતા એટલે એમણે આધુનીક યુગની કામદાર ચળવળોનું અનન્ય શસ્ત્ર ગણાતા 'શેરીનાટક' (જેને પશ્ચીમી દેશો 'એજીટ પ્રોપ' (એજીટેશનલ પ્રોપગન્ડા)ના નામે ઓળખે છે એ વીશે થોડુંઘણું સાંભળેલું. બસ, એ સાંભળેલી વાતોના આધારે જ એમણે 'કાલા કાનુન' તૈયાર કર્યું અને ભજવ્યું.

ત્યાં જ એક સુખદ અકસ્માત સર્જાયો. 'જન નાટ્ય મંચ'ની —દીલ્હી ના સુત્રધાર સફદર હાશમી મુંબઈના કામદારોને મળીને દીલ્હી પરત જઈ રહ્યા હતા. તેઓ વચ્ચે અમદાવાદમાં કોઈ અંગત કામ માટે બે-ત્રણ દીવસ રોકાયાં. પેલા કલાકાર મીત્રોને એ સમાચાર મળ્યા. એમનામાંનાં કેટલાંક સફદરની પ્રવૃત્તીઓથી પરીચીત હતા, એટલે એ લોકો તો પહોંચી ગયા સીધા સફદર પાસે અને કહ્યું — અમને નાટક કરાવો. અમને શેરીનાટક કરવામાં અને શીખવામાં રસ છે. અમે એને માટે સંસ્થા પણ બનાવવા માંગીએ છીએ. સફદરને આશ્ચર્ય અને આનંદ બંને થયાં. એમણે એમના ઉત્સાહને પણ પારખ્યો અને પોતાનું અંગત સામાજીક કામ બાજુ પર મુકી, માત્ર બે જ દીવસમાં એ મીત્રો પાસે 'જન નાટ્ય મંચ'નું અત્યંત વખણાયેલું નાટક 'નારી' તૈયાર કરાવ્યું. નાટકના દીગ્દર્શનની સાથે સાથે એમણે





એમાં મુખ્ય ભુમીકા નીભાવી. ત્રીજે દીવસે એ નાટકનો પ્રથમ પ્રયોગ ભજવાયો અને એ જ દીવસથી આ કલાકાર મીત્રોની સંસ્થા અસ્તીત્વમાં આવી- જેનું નામ એ મીત્રો અને સફદરે સાથે મળીને આપ્યું — ''લોક કલા મંચ''★12

આ રીતે 1980થી ''લોક કલા મંચ''ના શેરીનાટકોની યાત્રા શરુ થઈ જે સતત આજ સુધી એ જ ઉત્સાહ અને નીષ્ઠા સાથે ચાલતી રહી છે. આટલા વર્ષમાં 'કલા મંચે' એક તરફ દુષ્કાળ, ચુંટણી, એસ.ટી.નો ભાડાં વધારો, કોમી રમખાણો, ડંકેલ ડ્રાફ્ટ જેવી તત્કાલીન ઉભરી આવતી જનસામાન્યને સ્પર્શતી સમસ્યાઓ વીશે નાટકો ભજવ્યાં છે. બીજી તરફ — બેરોજગારી, મોંઘવારી, નારીમુક્તી, દલીત અત્યાચારો, શીક્ષણવ્યવસ્થા જેવી કાયમી સામાજીક-આર્થીક-રાજકીય સમસ્યાઓને કેન્દ્રમાં રાખી નાટકો ભજવ્યાં છે. આ ઉપરાંત અંધશ્રધ્ધા, દહેજનું દુષણ, નીરક્ષરતા જેવી બદીઓ સામે પણ નાટકો દ્વારા અવાજ ઉઠાવ્યો છે અને શહીદ ભગતસીંહની જીવની, મે-દીનનો ઈતીહાસ, માનવજાતનો ઈતીહાસ વગેરે જેવાં માહીતીપ્રદ અને વૈજ્ઞાનીક જાગૃતી પ્રસરાવતાં શેરીનાટકો પણ કર્યા છે. સફદરની શહીદી પછી એના જન્મ દીવસ 12 એપ્રીલને 'રાષ્ટ્રીય શેરીનાટ્ય દીન' તરીકે જાહેર કરાયો છે. 'લોક કલા મંચ' દર વર્ષે અમદાવાદની અન્ય શેરીનાટ્ય સંસ્થાઓ સાથે સહકાર સાધીને એ દીવસે અચુક 'શેરીનાટકો'નો વીશીષ્ટ કાર્યક્રમ આયોજીત કરીને સફદરને હૃદયપુર્વક અંજલી આપે છે. ગયા વર્ષે તો 'મંચે' આખા એક સપ્તાહ સુધી 'સફદરનાદ' કાર્યક્રમનું આયોજન કરીને અમદાવાદમાં ઠેર ઠેર અનેક શેરીનાટકો ભજવ્યાં હતાં અને છેલ્લે દીવસે 'શેરીનાટક'ના ઈતીહાસ અને સ્વરુપ વીશે જાહેર ચર્ચા રાખી હતી. આ વર્ષે એણે 'માથા વીનાનો ખવી' નો પ્રથમ પ્રયોગ 12 એપ્રીલે જ રજુ કર્યો હતો.

'લોક કલા મંચ'ના અગ્રણી મીત્રો ડાબેરી વીચારધારામાં આસ્થા ધરાવે છે, પરંતુ તેઓ કોઈ રાજકીય પક્ષ કે સંગઠન સાથે સીધી રીતે જોડાયેલ નથી. આ હકીકત એમના નાટકના કાર્યને કેટલીકવાર અત્યંત કપરું બનાવી દે છે; કેમ કે — 'શેરીનાટક' એ અનીવાર્યપણે એક રાજકીય હથીયાર છે. હવે જો કોઈપણ પ્રકારના પીઠબળ વીના આપણે હથીયાર લઈને દુશ્મન(સ્થપીત હીતો-શસક વર્ગ) સામે ખુલ્લેઆમ શેરીમાં ઉતરી પડીએ તો શી સ્થીતી થાય? એવી જ સ્થીતી 'મંચ'ની થઈ છે, થઈ રહી છે.

રાજકીય પક્ષ કે સંગઠનનું પીઠબળ આ સીવાય પણ 'શેરીનાટક'ની પ્રવૃત્તીને બીજી ઘણી રીતે દીશા અને વેગ આપનારું હોય છે. હકીકતમાં 'શેરીનાટક'નો જન્મ જ ગઈ સદીમાં પશ્ચીમી દેશોમાં મજુર સંગઠનો અને એમની ચળવળોના પ્રચાર-પ્રસારના હેતુથી થયો હતો.

જો કે 'મંચ'ની સાતત્યપુર્ણ પ્રવૃત્તીઓને કારણે એને ક્યારેય કલાકારોની ખોટ નથી પડી. ઉત્સાહી યુવાનો-કીશોરો એમને સામેથી આવી મળતાં હોય છે. 'મંચ'ના અગ્રણીઓ એમને કલાકાર બનાવવાની જહેમત પણ ઉઠાવતા હોય છે. પરંતુ બીજી બાજુ, રીહર્સલ ક્યાં કરવું? (ગીચ વસ્તી ધરાવતી મજુર ચાલીઓમાં આંગણું કે ધાબુંયે ક્યાંથી મળે!?) ક્યા સમયે કરવું? કોઈને દીવસ પાળી હોય તો કોઈને રાત પાળી; વગેરે ઘણા નાટકને લગતા પાયાના પ્રશ્નો એમને હંમેશા નડે છે. થોડા સમય પહેલાં એક અત્યંત ગંભીર આર્થીક સમસ્યા પણ 'મંચ'ને બેબાકળો બનાવી ગઈ. પરંતુ, 'મંચ'ના કલાકારોએ આજ સુધી તમામ સમસ્યાઓનો હીંમતપુર્વક સામનો કર્યો છે. અને પોતાની નીષ્ઠા તથા સંઘભાવના વડે એના ઉકેલો પણ વખતોવખત શોધી લીધા છે.

અંતમાં, આપણે સૌએ એટલું તો જરુર સ્વીકારવું રહ્યું કે—સાતત્યપુર્ણ નાટ્યપ્રવૃત્તી કરનાર ગુજરાતનું આ એકમાત્ર નાટ્યજુથ, ગુજરાતી રંગભુમી માટે આજે દીવાદાંડી સમાન છે. અને આપણી ઉજ્જવળ આવતીકાલ માટેની એક અદકેરી આશા!

**નોંધ:** શેરીનાટકો આપણા ગુજરાતમાં રડ્યાંખડ્યાં થાય છે અને જે થાય છે એની યોગ્ય રીતે નોંધ પણ નથી લેવાતી. એ માધ્યમ વીશેની જાણકારી તથા માહીતી પણ આપણા કલાકારો પાસે નહીંવત્ છે. હા, એના વીશે જાતભાતની ગેરસમજો અને સુગ ખાસ્સી છે. પરંતુ આધુનીક વીશ્વના વીકસીત દેશોમાં - ખાસ કરીને રશીયા, જર્મની, ઈન્ગ્લેન્ડ, અમેરીકામાં એણે છેલ્લી સવા સદીમાં શું-શું ઉથલપાથલો મચાવી અને કઈ કઈ ઉથલપાથલો માટે એ સશક્ત માધ્યમ બન્યું-એની વીગતવાર વાતો ફરીથી ક્યારેક આ જ સ્તંભમાં કરીશું.

*(નવગુજરાત ટાઈમ્સ, તા. 1-5-1994)*





## 6. *લોકનીષ્ઠ રંગકર્મીઓનું અનન્ય હથીયાર : શેરીનાટક*

હજારો વર્ષથી ગળે બંધાયેલી સામંતશાહીની ધુંસરી અને બસો વર્ષની વીદેશી ગુલામીની બેડીઓ આપણે આજથી આડત્રીસ વર્ષ પહેલાં ફગાવી તો દીધી. પણ પછી શું? લોકશાહીના નામે આપણામાંના જ મુઠ્ઠીભર લોકો સત્તાધીશો બન્યા અને પેલી બેડીઓ સોનાના ઢોળ સાથે અને પેલી ધુંસરી ઘુઘરીઓના રણકાર સાથે પાછી આપણા હાથે,પગે અને ગળે આવીને પડી. કારણ? અધુંરુ, અપુરતું અને ઉપરચોટીયું શીક્ષણ અને પાંખી જનજાગૃતી. આ મર્યાદાઓ વટાવવા અને પેલાં બંધનોમાંથી મુક્ત થવા આપણે જરુર છે સબળ લોકમાધ્યમની. રંગભુમી આવું લોકમાધ્યમ બનવાની સંપુર્ણ ક્ષમતા ધરાવે છે. જરુર છે તેનો સચોટ ઉપયોગ કરી શકે એવાં રંગકર્મીઓની.

લગભગ એકાદ મહીના પહેલાં ગુજરાતમાં એક શેરીનાટ્ય જુથ આવ્યું હતું. ફક્ત અમદાવાદમાં જ તેમણે પાંચ શેરીનાટકોના બાર-તેર પ્રયોગ કર્યા. ગુજરાતમાં અન્ય શહેરો અને ગામડાઓમાં કરેલ પ્રયોગો અલગ. આ શેરીનાટકો જોનાર પ્રેક્ષકોને કેટલીક વીશીષ્ટતાઓ ખાસ આકર્ષી ગઈ. નાટ્યજુથના કલાકારોની શીસ્તબદ્ધતા, શેરીનાટકોની વીષયવસ્તુઓ, તેની સરળ અને ચોટદાર રજુઆત અને ખાસ તો કેરાલીયન કલાકારો દ્વારા બોલાતું શુદ્ધ ગુજરાતી. હા, આ નાટ્યમંડળીનો એકેએક કલાકાર કેરાલીયન હતો, પણ તે નાટકમાં શુદ્ધ ગુજરાતી ભાષા બોલતો હતો. આજ હકીકત પુરવાર કરે છે કે તે કલાકારો અને જુથની આમ આદમી પ્રત્યેની નીષ્ઠા કેટલી ઉંડી હતી; આ જુથ માત્ર ગુજરાતના પ્રવાસે જ નહીં સમગ્ર ભારતનાં જુદાં જુદાં રાજ્યોના પ્રવાસે આટલી જ સજ્જતા સાથે જાય છે. આ નાટ્યજુથ એ 'કેરાલા શાસ્ત્ર સાહીત્ય પરીષદ'ની એક શાખા છે.

'કેરાલા શાસ્ત્ર સાહીત્ય પરીષદ' એ ભાષાવીક્રેતાઓની કે આમજનતા સાથે સ્નાનસુતકનોય સંબંધ ન ધરાવતી સાહીત્ય પરીષદ કે અકાદમી નથી. એથી સાવ ઉલટું સમાજના છેક નીચલા સ્તરના છેલ્લા માણસ સાથે તાદત્મ્ય સાધી, લોકજાગૃતી દ્વારા સમાજ પરીવર્તન ઝંખતું એક વીશાળ વટવૃક્ષ છે. 'સામાજીક ક્રાંતી માટે

વીજ્ઞાન'નું સુત્ર ધરાવતી આ સ્વૈચ્છીક સંસ્થાની સભ્યસંખ્યા સોળ હજારથીયે વધુ છે. લોકો વૈજ્ઞાનીક દૃષ્ટીકોણ અપનાવી સામાજીક પરીવર્તન સીદ્ધ કરે એ માટે આ સંસ્થા નાટ્યપ્રવૃત્તી ઉપરાંત પુસ્તક અને સામાયીક પ્રકાશનો, પર્યાવરણ જાગૃતી, વ્યક્તીગત અને સામાજીક આરોગ્યનું શીક્ષણ, ઔપચારીક અને અનૌપચારીક શીક્ષણ પ્રવૃત્તી, કલા અને વીજ્ઞાનનો વીકાસ, બાળવીકાસ, ગ્રામવીજ્ઞાન વીકાસ વગેરે અનેક ક્ષેત્રોની પ્રવૃત્તીઓમાં કાર્યરત છે. સમાજના છેક નીચલા થર સુધી મજબુત મુળીયાં ધરાવતી આ સંસ્થાના જુદાં જુદાં સામાયીકોની ગ્રાહકસંખ્યા પાંચ હજારથી માંડીને પચાસ હજાર સુધીની છે. અને પાંચસોથી વધુ પ્રકાશીત પુસ્તકોની વેચાણ સંખ્યા બે હજારથી બાર હજાર સુધીની છે. આ આંકડા પ્રાસ મેળવવા નથી લખ્યા. એ નક્કર વાસ્તવીકતા છે. અને આ હકીકતો સંસ્થાની લોકનીષ્ઠા સીદ્ધ કરવા પુરતી છે. આવી ભેખધારી સંસ્થાનાં કલાકારો અહીં આવ્યાં ત્યારે ઘડીક એમ થઇ ગયું કે ગુજરાત પાસે પણ આવી સંનીષ્ઠ લોકસંસ્થા હોય તો!?

ચાલો, નાનકડા શેરીનાટક જુથથી એનાં બીજ વાવીએ અને તેને વીશાળ વટવૃક્ષ બનાવવા પ્રતીબદ્ધ થઇએ. કાર્ય અઘરું છે પણ અશક્ય નથી. ગુજરાતની અનેક નાનીનાની સંસ્થાઓ શેરીનાટકો કરે છે. ફક્ત અમદાવાદની જ વાત કરીએ તો 'ઘુર્જટી'★[14], 'સંવેદન નાટ્ય સંકુલ'★[15] અને 'ગેરેજ સ્ટુડીયો'★[16] જેવાં લોકનીષ્ઠ નાટ્યજુથો ઉપરાંત 'ચીનગારી' અને 'અવાજ'★[17] જેવી સ્ત્રી સંસ્થાઓ પણ ક્યારેક ક્યારેક શેરીનાટકો કરે છે. પરંતુ આ પ્રયત્નો છુટાછવાયા અને બીન-અસરકારક છે. કોઇ પણ પ્રવૃત્તી ત્યારે જ અસરકારક બની શકે જ્યારે તે સંનીષ્ઠાથી અને સાતત્યપુર્ણ રીતે થતી હોય, વળી એક મહત્ત્વની મર્યાદા એ છે કે ગણ્યાગાંઠ્યા લોકનીષ્ઠ કલાકારો અલગ અલગ નાટ્યજુથોમાં વહેંચાઇ ગયા છે. જો આ કલાકારો સાથે મળી એક મજબુત શેરીનાટ્યજુથ ખડું કરે તો પ્રવૃત્તીને બુલંદી મળે અને એમનો સંગઠીત બળુકો અવાજ આમજનતામાં ધાર્યા આંદોલનો જગાવી શકે.

આધુનીક રંગભવન (થીએટર), ભવ્ય સંનીવેષ, કલાત્મક રંગભુષા, આકર્ષક વેશભુષા અને રંગરંગીન પ્રકાશ આયોજન વીનાનું શેરીનાટક કહેવાતા કલાકારોને





મન નીરસ અને 'અર્થહીન' પ્રવૃત્તી છે, પરંતુ લોકનીષ્ઠ રંગકર્મીઓને મન એક અનન્ય હથીયાર છે. આમઆદમીને મન સાવ પોતીકું સ્વજન છે. ખર્ચાળ અને ભવ્ય રંગભવનોમાં ભજવાતાં નાટક કરતાં તદ્દન બીનખર્ચાળ શેરીનાટક વધુ લોકોને વધુ ઉંડાણથી સ્પર્શી શકે છે. કેમ કે, શેરીનાટકોનાં કલાકારો અને પ્રેક્ષકો વચ્ચે કોઇ પર્દો નથી, અંતર નથી.

તો ચાલો, શેરીનાટ્યજુથનાં બીજ વાવીએ. આવતીકાલે ગુજરાતમાં 'કેરાલા શાસ્ત્ર સાહીત્ય પરીષદ'થી અદકું વટવૃક્ષ અડીખમ ઉભું હશે.

*(સમભાવ, તા. 7-6-1986)*

***પરીશીષ્ટ-1***

# રંગકર્મી પરીચય

## 1. *સફદર હાશ્મી*

**Safdar Hashmi**



- **જન્મ** : 12, એપ્રીલ, 1954. દીલ્હી
- **મૃત્યુ** : 2 જાન્યુઆરી, 1989. ગાઝીયાબાદ (ઉત્તર પ્રદેશ)
- **નાટ્ય જુથ**: જન નાટ્ય મંચ (જનમ)

- **વ્યવસાય** : 1. કમ્યુનીસ્ટ પાર્ટી ઓફ ઈન્ડીયા (માર્ક્સીસ્ટ)ના સભ્ય.
  2. સામ્યવાદી નાટ્યલેખક, દીગ્દર્શક, અભીનેતા, ગીતકાર.
  3. નાટ્ય સીધ્ધાંતકાર અને તાલીમકર્તા.
- **પ્રદાન** : 1. ઈન્ડીયન પીપલ્સ થીએટર એસોસીએશન(ઈપ્ટા)માંથી ઉદ્ભવેલા જન નાટ્ય મંચ(પીપલ્સ થીએટર ફ્રન્ટ)ની 1973માં સ્થાપના.
  2. અનેક શેરીનાટકોનું લેખન અને ભજવણી.
  3. શેરીનાટકો વીશે અભ્યાસલેખો તથા સીધ્ધાંત વીશ્લેષણો.





  4. શેરીનાટક તાલીમો.
  5. તપ્પાના બે મહત્વનાં નાટકોનું રૂપાંતર અને રજુઆત
     મક્સીમ ગોર્કીનું એનીમીઝ (1983)
     મોટેરામ કા સત્યાગ્રહ (1988) (હબીબ તન્વીર સાથે)

આ ઉપરાંત અનેક ગીતો, કવીતાઓ, ટેલીવીઝન શ્રેણીનું લેખન, દસ્તાવેજી ફિલ્મો.

- **શહીદી** : દીલ્હી પાસેના ગાઝીયાબાદમાં 'હલ્લા બોલ' શેરીનાટકની ભજવણી દરમીયાન કેટલાંક રાજકીય ગુંડાતત્વો દ્વારા ભરદીવસે એમની ક્રુર હત્યા કરાઈ. (હુમલો, જાન્યુઆરી, મૃત્યુ 2 જાન્યુઆરી 1989)
- **સફદર હાશ્મીને સત્તા સામેના ડાબેરીઓના સાંસ્કૃતીક પ્રતીરોધના પ્રતીક તરીકે ઓળખવામાં આવે છે.**
- **સફદરના જન્મદીવસને 'રાષ્ટ્રીય શેરીનાટક દીવસ' તરીકે ઉજવવામાં આવે છે. (12 એપ્રીલ)**
- **1989માં મૃત્યુ બાદ શહીદ સફદરને કલકત્તા યુનીવર્સીટી દ્વારા ડી.લીટની પદવી અપાયેલ.**

• • •

***પરીશીષ્ટ-1***

# રંગકર્મી પરીચય

## 1. *સફદર હાશ્મી*

**Safdar Hashmi**



- **જન્મ** : 12, એપ્રીલ, 1954. દીલ્હી
- **મૃત્યુ** : 2 જાન્યુઆરી, 1989. ગાઝીયાબાદ (ઉત્તર પ્રદેશ)
- **નાટ્ય જુથ** : જન નાટ્ય મંચ (જનમ)

- **વ્યવસાય** :
  1. કમ્યુનીસ્ટ પાર્ટી ઓફ ઈન્ડીયા (માર્ક્સીસ્ટ)ના સભ્ય.
  2. સામ્યવાદી નાટ્યલેખક, દીગ્દર્શક, અભીનેતા, ગીતકાર.
  3. નાટ્ય સીધ્ધાંતકાર અને તાલીમકર્તા.
- **પ્રદાન** :
  1. ઈન્ડીયન પીપલ્સ થીએટર એસોસીએશન(ઈપ્ટા)માંથી ઉદ્ભવેલા જન નાટ્ય મંચ(પીપલ્સ થીએટર ફ્રન્ટ)ની 1973માં સ્થાપના.
  2. અનેક શેરીનાટકોનું લેખન અને ભજવણી.
  3. શેરીનાટકો વીશે અભ્યાસલેખો તથા સીધ્ધાંત વીશ્લેષણો.



શેરીનાટકનું સ્વરુપ અને રાજનૈતીક સંસ્કૃતી

  4. શેરીનાટક તાલીમો.
  5. તપ્નાના બે મહત્વનાં નાટકોનું રૂપાંતર અને રજુઆત
     મક્સીમ ગોર્કીનું એનીમીઝ (1983)
     મોટેરામ કા સત્યાગ્રહ (1988) (હબીબ તન્વીર સાથે)

આ ઉપરાંત અનેક ગીતો, કવીતાઓ, ટેલીવીઝન શ્રેણીનું લેખન, દસ્તાવેજી ફિલ્મો.

- **શહીદી** : દીલ્હી પાસેના ગાઝીયાબાદમાં ‘હલ્લા બોલ’ શેરીનાટકની ભજવણી દરમીયાન કેટલાંક રાજકીય ગુંડાતત્વો દ્વારા ભરદીવસે એમની ક્રુર હત્યા કરાઈ. (હુમલો, જાન્યુઆરી, મૃત્યુ 2 જાન્યુઆરી 1989)
- **સફદર હાશ્મીને સત્તા સામેના ડાબેરીઓના સાંસ્કૃતીક પ્રતીરોધના પ્રતીક તરીકે ઓળખવામાં આવે છે.**
- **સફદરના જન્મદીવસને ‘રાષ્ટ્રીય શેરીનાટક દીવસ’ તરીકે ઉજવવામાં આવે છે. (12 એપ્રીલ)**
- **1989માં મૃત્યુ બાદ શહીદ સફદરને કલકત્તા યુનીવર્સીટી દ્વારા ડી.લીટની પદવી અપાયેલ.**

• • •



## 2. *હબીબ તન્વીર*
## Habib Tanvir

- **જન્મ** : 1 સપ્ટેમ્બર, 1923 રાયપુર, છત્તીસગઢ
- **મૃત્યુ** : 8 જુન, 2008 ભોપાલ, મધ્યપ્રદેશ
- **નાટ્ય જુથ :** નયા થીએટર

**પ્રવૃત્તી અને પ્રદાનઃ** ‘ઈપ્ટા’થી રંગભુમી ક્ષેત્રે પદાર્પણ કરનાર હબીબજીએ 1959માં પોતાની નાટ્યમંડળી ‘નયા થીએટર’ની શરૂઆત કરી. તેમાં એમણે મુખ્યત્વે તળપદી લોક કલાઓના કલાકારો, ખેલૈયાઓને નાટ્ય કલાકારો તરીકે તૈયાર કર્યા, સામેલ કર્યા. ‘નાચા’ જેવા તળપદા, પરંપરાગત ભજવણીના સ્વરૂપને રંગભુમીની નવી ભાષા તરીકે વીકસાવી દુનીયાભરમાં નાટકો રજુ કર્યા.

**નોંધપાત્ર નાટકો :**
- ★ ચરણદાસ ચોર (1975)
- ★ આગ્રા બજાર (1954)
- ★ મીટ્ટી કી ગાડી(1958)
- ★ ગાંવ કા નાંવ સસુરાલ મોર નાંવ દામાદ(1973)
- ★ પોંગા પંડીત (1960)
- ★ જીસને લાહોર નંઈ દેખ્યા (1990)
- ★ કામદેવ કા અપના, બસંત રુતુ કા સપના(1993)
- ★ ઝહરીલી હવા (2002)





**પુરસ્કારો – પારીતોષીકો :**
- સંગીત નાટક અકાદમી એવોર્ડ -1969
- ફ્રીંજ ફર્સ્ટ એવોર્ડ, એડીનબરો ફેસ્ટીવલ-1982
- પદ્મશ્રી -1983
- કાલીદાસ સમ્માન -1990
- સંગીત નાટક અકાદમી ફેલોશીપ -1996
- પદ્મભુષણ -2002
- રાજ્યસભાના નીમાયેલા સભ્ય (1972 – 1978)

● ● ●



### 3. વ્સ્વેવોલોદ મેયરહોલ્દ

**Vsevolod Emilevich Meyerhold**

- **જન્મ** : 9 ફેબ્રુઆરી, 1874 – પેન્ઝા (રશીયા)
- **મૃત્યુ** : 2 ફેબ્રુઆરી, 1940 – મોસ્કો (રશીયા)
- **નાટ્યજુથ** : મેયરહોલ્દ થીએટર (1920 – 1938)

**પ્રવૃત્તી અને પ્રદાન:**
1. મોસ્કો ફીલહાર્મોનીક ડ્રામેટીક સ્કુલ સાથે 1896માં જોડાણ.
2. મોસ્કો આર્ટ થીએટર સાથે જોડાણ.
3. પ્રયોગલક્ષી ભજવણીની પધ્ધતીઓના પુરસ્કર્તા.
4. રંગભુમીમાં પ્રતીકવાદના હીમાયતી.
5. 'કંડીશનલ થીએટર'ના સીધ્ધાંતો, ખ્યાલો અને પ્રયોગોના પુરસ્કર્તા.
6. 1918માં બોલ્શેવીક પાર્ટીના સક્રીય સભ્ય.
7. રંગભુમીમાં 'સીનીક કન્સ્ટ્રક્ટવીઝમ' અને 'સર્કસ' શૈલીના પ્રારંભકર્તા.

1918માં રશીયન ક્રાંતીની પ્રથમ વર્ષગાંઠ નીમીત્તે એમણે ભજવેલ વ્લાદીમીર માયકોવ્સ્કીનું 'મીસ્ટરી બુફે' ખુલ્લાં મેદાનમાં સર્કસ શૈલીમાં રજુ થયું, જેને આધુનીક શેરીનાટકની શૈલીનું પ્રસ્થાનકર્તા માનવામાં આવે છે.





**ધરપકડ અને મૃત્યુ** : 20 જુન 1939માં લેનીનગ્રાદ ખાતે તેમની ધરપકડ થઈ. 1938માં તેમના નાટ્યજુથને બાન કરવામાં આવેલું. એમની ધરપકડ પછી 15, જુલાઇ 1938ના રોજ એમના પત્ની ઝીનાઇદા રીશની હત્યા કરાઇ.

જેલમાં એમના ઉપર અમાનવીય અત્યાચાર ગુજારાયા. એમની પાસે જાપાન અને બ્રીટનના જાસુસ હોવાની કબૂલાત કરાવાઇ અને છેવટે 2 ફેબ્રુઆરી, 1940ના રોજ ગોળીથી વીંધી દેવાયા. 1955માં રશીયન સરકારે એમને નીર્દોષ જાહેર કર્યા.

• • •



## 4. શાંતા ગાંધી
## Shanta Gandhi

- **જન્મ** : 20 ડીસેમ્બર, 1917
- **મૃત્યુ** : 6 મે, 2002

- **નાટ્યજુથ :** ઈન્ડીયન પીપલ્સ થીએટર (ઈપ્ટા)
  અવેહી (નૃત્ય નાટીકા જૂથ) (શીક્ષણ સંસાધન કેન્દ્ર)

**પ્રવૃત્તી અને પ્રદાન:**
1. નાટ્ય લેખીકા, દીગ્દર્શક, નૃત્યકાર, નાટ્યશીક્ષક.
2. સંસ્કૃતનાટકો અને લોકનાટ્યોને આધુનીક રંગભુમીમાં ઢાળવામાં મહત્ત્વનું પ્રદાન.
2. બાળ રંગભુમીને વીકસાવવામાં મહત્ત્વનું યોગદાન.
3. રઝીયા સુલતાન અને જસમા ઓડણ જેવાં નાટકોનું લેખન અને દીગ્દર્શન.
4. જસમા ઓડણ જેવી ભવાઇ દ્વારા ભવાઇના આધુનીક સ્વરૂપને વીકસાવવામાં પાયાનું યોગદાન આપ્યું.
5. ઈપ્ટાના નૃત્યનાટીકા જુથ દ્વારા ઈન્ડીયા, ઈમ્મોર્ટલ, મેન એન્ડ મશીન જેવી નૃત્યનાટીકાઓનું નીર્માણ.
6. કાલીદાસ, ભાસ, વીશાખદત્ત અને ભવભુતીનાં સંસ્કૃત નાટકોને આધુનીક રંગભુમીમાં પુનઃજીવીત કર્યાં.
7. બાલભવન – દિલ્હી-અધ્યક્ષ (1982 – 1984)
8. નેશનલ ચીલ્ડ્રન્સ મ્યુઝીયમ - અધ્યક્ષ (1982 – 1984)
9. નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા – અધ્યક્ષ (1982 – 1984)

- **સીધ્ધી :**
  1. પદ્મશ્રી (1984)
  2. દીગ્દર્શક તરીકે નેશનલ સંગીત, નાટક, નૃત્ય અકાદમી એવોર્ડ (2001)

• • •



શેરીનાટકનું સ્વરુપ અને રાજનૈતીક સંસ્કૃતી



## 5. બલરાજ સહાની
## Balraj Sahni

- **મૂળનામ** : યુધીષ્ઠર સહાની.
- **જન્મ** : 1 મે, 1913 (પંજાબ – પાકીસ્તાન)
- **મૃત્યુ** : 13 એપ્રીલ, 1973

- **નાટ્યજુથ** : ઈન્ડીયન પીપલ્સ થીએટર – ઈપ્ટા.
- **ટૂંક પરીચય** :
  1. અભીનેતા, લેખક, કર્મશીલ.
  2. કમ્યુનીસ્ટ પાર્ટી ઓફ ઈન્ડીયા (સી.પી.આઈ.) ના આજીવન સક્રીય સભ્ય.
  3. ઓલ ઈન્ડીયા યુથ ફેડરેશન (એ.આઈ.વાય.એફ) સી.પી.આઈ.ની યુવા પાંખના મહત્ત્વના સ્થાપક અને પ્રથમ પ્રમુખ.
  4. વીશ્વભારતી યુનીવર્સીટી (શાંતીનીકેતન)માં અંગ્રેજી અને હીન્દીના અધ્યાપક.
  5. બી.બી.સી. (લંડન) માં ઉદ્ઘોષક
- **સ્થાપક** :
  1. ઓલ ઈન્ડીયા આર્ટીસ્ટ એસોસીએશન
  2. પંજાબી કલા કેન્દર (1973) (મુંબઇ)

**ફીલ્મક્ષેત્રે અભીનયમાં પ્રદાન :**
1. ઈન્સાફ (1946)
2. ધરતી કે લાલ (1946)
3. દૂર ચલેં (1946)
4. દો બીઘા જમીન (1953)

5. કાબુલીવાલા (1961)
6. વક્ત (1965)
7. ગરમ હવા (1974) વગેરે.

**લેખનક્ષેત્રે પ્રદાન :**
1. મેરા પાકીસ્તાની સફર (1960)
2. મેરા રુસી સફરનામા (1969)
3. મેરી ફીલ્મી આત્મકથા


ઉપરાંત અનેક વાર્તાઓ, કવીતાઓ (પંજાબી – ઉર્દુ અને હીન્દીમાં).

- **સીધ્ધીઓ :**
1. સોવીયેત લેન્ડ નેહરુ એવોર્ડ (1969)
2. પદ્મશ્રી (1969)

• • •







## 6. *ઉત્પલ દત્ત*

**Utpal Dutta**

- **જન્મ** : 29 માર્ચ, 1929
- **મૃત્યું** : 19 ઓગસ્ટ, 1993
- **નાટ્યજુથ :** લીટલ થીએટર ગ્રુપ

- **ટૂંક પરીચયઃ**
1. અભીનેતા, દીગ્દર્શક, લેખક, નાટ્યલેખક, માર્ક્સવાદી વીચારધારાના હીમાયતી.
2. 1947માં લીટલ થીએટર ગ્રુપની સ્થાપના.
3. આધુનીક ભારતીય રંગભૂમી અને રાજનૈતીક રંગભૂમીના પુરસ્કર્તા.

**નોંધપાત્ર નાટકો :**
1. કલ્લોલ (1965)
2. માનુષેર અધીકાર (1964)
3. લોહ માનબ (1964) મહાબીદ્રોહ.

**ફીલ્મ અભીનેતા તરીકે નોંધપાત્ર પ્રદાન :**
1. ભુવન શોમ (1969 - મૃણાલ સેન) (હીન્દી)
2. આગંતુક (1991 - સત્યજીત રાય) (બંગાળી)
3. પદ્મા નદીર માઝી - (1993 - ગૌતમ ઘોષ) (બંગાળી)

- **સીધ્ધીઓ :**
1. સંગીત, નાટક અકાદમી ફેલોશીપ (રંગભૂમી ક્ષેત્રે પ્રદાન બદલ) (1990)
2. શ્રેષ્ઠ અભીનેતા તરીકે નેશનલ ફીલ્મ એવોર્ડ (1970)
3. ત્રણ વાર શ્રેષ્ઠ કોમેડી અભીનય માટે ફીલ્મફેર એવોર્ડ.

• • •



## 7. ગુરશરણ સીંહ

## Gursharan Singh

- **જન્મ** : 16 સપ્ટેમ્બર, 1929 (મુલતાન — પંજાબ)
- **મૃત્યુ** : 27 સપ્ટેમ્બર, 2011 (ચંદીગઢ — પંજાબ)
- **નાટ્યજુથ** : 1. અમૃતસર સ્કૂલ ઓફ ડ્રામા (અમૃતસર કલા કેન્દર)
  2. પંજાબ લોકસભ્યાચારક મંચ (પલ્સ મંચ)
- **ટૂંક પરીચય** : 1. દીગ્દર્શક, લેખક, અભીનેતા, સંગીતકાર, તાલીમકર્તા.
  2. પંજાબમાં પ્લેટફોર્મ (થર્ડા) થીએટરના પ્રણેતા. આ થીએટર એટલે શેરીનાટક.
  3. લગભગ પાંચસોથી વધુ શેરીનાટકોના લેખક, દીગ્દર્શક.
  4. લગભગ 50 થી વધુ પંજાબી શેરીનાટ્ય જુથોના પ્રેરક અને પ્રણેતા.

**નોંધપાત્ર શેરીનાટકો** : 1. 'કીવ કુર્યે તૂટ્ટે પાલ' (1970માં પંજાબમાં નક્સલવાદી આંદોલન દરમીયાન પોલીસ દ્વારા કરાતા બનાવટી એન્કાઉન્ટરો વીશે).
2. 'બંદ કમરે' (કટોકટીકાળ માટે) (કટોકટી દરમીયાન એમણે જેલવાસ પણ ભોગવેલો).
3. 'હીટ લીસ્ટ ઈન અમૃતસર- (પંજાબમાં ખાલીસ્તાની આતંકવાદીઓના વીરોધમાં)
4. રંગભૂમીક્ષેત્રે એમણે બર્તોલ્ત બ્રેખ્થ અને સેમ્યુઅલ બેકેટના કેટલાંક નોંધપાત્ર નાટકો પંજાબીમાં ભજવેલ.

આ પુસ્તીકામાં એમના વીચારો વીશે બે લેખાંક છેલ્લા પ્રકરણમાં છે.

● ● ●







## 8. શમ્સુલ ઇસ્લામ

## Shamsul Islam

- **અભ્યાસ** : એમ. એ. (રાજનીતી વીજ્ઞાન) - પીએચ.ડી.
- **વ્યવસાય** : એસોસીએટ પ્રોફેસર - રાજનીતી વીજ્ઞાન, સત્યવતી કોલેજ (દીલ્હી યુનીવર્સીટી)
- **નાટ્યજુથ** : નીશાંત નાટ્ય મંચ (સ્થાપક સભ્ય)
- **ટૂંક પરીચય** : 1. 1971 થી નીશાંત નાટ્ય મંચ સાથે સક્રીય. 20 થી વધુ શેરીનાટકોનું લેખન, 6000 થી વધુ નાટ્ય પ્રયોગો ભારત, નેપાળ, પાકીસ્તાન, ભુતાન, ફીલીપીન્સ, ઇન્ગ્લેન્ડ અને ઓસ્ટ્રેલીયામાં રજૂ કર્યાં છે.
  2.100થી વધુ નાટ્ય/ સાંસ્કૃતીક તાલીમોનું સંચાલન કર્યું છે. આ તાલીમો ભારતીય ઉપખંડ ઉપરાંત યુરોપ અને દક્ષીણ-પુર્વના એશીયાઇ દેશોમાં આયોજીત કરાઇ છે.
  3.એમનાં 700 થી વધુ સામાજીક, રાજનૈતીક, સાંસ્કૃતીક અને થીએટર વીશેના લેખો અખબારો, જર્નલોમાં પ્રકાશીત થયેલ છે.
  4. તેમણે 20 થી વધુ પુસ્તીકાઓ દલીતો, સાંપ્રદાયીકતા અને હીન્દુત્વ વીશે લખેલ છે, જે ભારતની વીવીધ ભાષાઓમાં પ્રકાશીત થઇ છે.

● ● ●



## 9. રતી બાર્થોલોમ્યો
## Rati Bartholomew

- **નાટ્યજુથ :** યાત્રીક (સંસ્થાપક સભ્ય) – દીશાન્તર – થીએટર યુનીયન
- **વ્યવસાય :** રાજનૈતીક થીએટર કાર્યકર્તા - અભીનેત્રી - દીગ્દર્શક - લેખીકા - નાટ્ય તાલીમકર્તા - શીક્ષીકા.

- **ટૂંક પરીચય :**
  1. ઈન્દ્રપ્રસ્થ કોલેજ (દીલ્હી) અને દીલ્હી યુનીવર્સીટી, અંગ્રેજીનાં અધ્યાપીકા.
  2. 1980થી પૂર્ણસમયનાં થીએટર કાર્યકર્તા.
  3. નેશનલ સ્કુલ ઓફ ડ્રામા તથા તેની રેપર્ટરી કંપનીનાં વીદ્યાર્થીઓ – કલાકારો સાથે નાટકોની ભજવણી.
  4. ભારત – બંગ્લાદેશ – પાકીસ્તાનમાં નાટ્ય તાલીમો અને નાટકોની ભજવણી.
  5. શેરીનાટકોની ભજવણી તથા સીધ્ધાંતકર્તા.

**મુખ્ય શેરીનાટકો :** મુલ્ગી ઝાલી હો – મેયે દીલો શાજીએ.


**મુખ્ય નાટકો :** હાઉસ ઓફ બર્નાડા આલ્વા
- ખૌફ - એન્ટીગન - તાશેર દેશ - બ્લડ વેડીંગ
- અક્સ પહેલી-કાઠ કી ગાડી
- જાકોવ લીંડ - રાજ દર્પણ (થીએટર સેન્સરશીપ વીશે –અનામીકા હક્સર સાથે)
- બહુ - ઝલ્લી કીત્થે જાવેં (પાકીસ્તાનના 'અજોકા' નાટ્યજુથ માટે)

**મુખ્ય નાટ્ય તાલીમો :** દીલ્હી – હીમાચલ પ્રદેશ – કેરાલા – બાંગ્લાદેશની 'નીજેરા કોરી' સંસ્થા સાથે.

• • •







## 10. જશવંત ઠાકર
## Jashwant Thakar

- **જન્મ :** મહેળાવ (ખેડા જીલ્લો) (ગુજરાત)
- **મૃત્યુ :** 25-12-1990

- **નાટ્યજુથ :** 'ઈપ્ટા' ભરત નાટ્યપીઠ; ; નટમંડળ.
- **નાટ્ય વીદ્યા વીભાગો :**
  1. એમ.એસ. યુનીવર્સીટી નાટ્ય વીદ્યા વીભાગ (અધ્યક્ષ)
  2. રાજકોટમાં રાષ્ટ્રીય શાળામાં નાટ્ય વીદ્યા વીભાગના સંસ્થાપક.
  3. નાટ્ય વીદ્યા વીભાગ (એચ.કે. કોલેજ - અમદાવાદ)
  4. નાટ્ય વીદ્યા વીભાગ (ગુજરાત કોલેજ અમદાવાદ)
- **નાટ્ય પ્રવાસો (વીદેશમાં) :**

  1. ઈસ્ટ આફ્રીકા 2. ગ્રીસ 3. રશીયા
  4. દક્ષીણ આફ્રીકા 5. ઈન્ગ્લેન્ડ 6. તુર્કસ્તાન વગેરે

(મુખ્યત્વે નાટ્ય અભ્યાસ, ચર્ચા પરીષદો અને સેમીનારોમાં વક્તવ્યો માટે)

- **મૌલીક અને રુપાંતરીત કરેલ મુખ્ય નાટકો :**

| | | | |
|---|---|---|---|
| 1. | સ્વપ્નદષ્ટા અને બીજાં નાટકો | 2. | કલ્યાણી (રુપાંતરણ) |
| 3. | વીરાટ જાગે છે | 4. | ભગતની સમાધી |
| 5. | છેડે આવ્યું છીંડુ (રુપાંતર) | 6. | સુપ્રીયા(રૂપાંતર) |
| 7. | રઝીયા સુલતાન | 8. | યુ.એચ.એચ. |
| 9. | શકુંતલા (અનુવાદ) | 10. | રીચર્ડ ત્રીજો (અનુવાદ) |

11. સાબદા થાઓ 12. માટીમાંથી સોનું

13. માજીનું મંદીર (રૂપાંતર) 14. ચેરીની વાડી(અનુવાદ)

15. વનમાલીનું મોત (રૂપાંતર) 16. શ્રુતીપતી (રૂપાંતર) વગેરે

- **પત્રીકાઓનું સંપદન :**

1. નાટક (પાક્ષીક)
2. પ્રજાશક્તી (સાપ્તાહીક)
3. હાકલ (સાપ્તાહીક) વગેરે

- **લેખ સંગ્રહો :**

1. માર્ક્સીઝમ એન્ડ હીસ્ટોરીકલ મટીરીયાલીઝમ.
2. ગુજરાતનો ક્રાંતીપથ.
3. અધ્યાત્મીકતા ક્યાં?
4. સમયનાં સ્ફુલ્લીંગ.

(આ ઉપરાંત એમની નવલકથાઓ કાવ્યસંગ્રહો પણ પ્રકાશીત થયાં છે)

- **દીગ્દર્શીત કરેલ મુખ્ય નાટકો:**

1. આણલ દે 2. આગગાડી 3. અલ્લાબેલી 4. મૃચ્છકટીક 5. મા 6. સીતા 7. ઢીંગલી ઘર 8. વીરાટ જાગે છે 9. ઉંડા અંધારેથી 10. બીંદુનો કીકો 11. લતીફ ક્યાં છે 12. શાહજહાં 13. હેમ્લેટ

14. મુદ્રારાક્ષસ 15. બ્રહ્મચર્યાશ્રમ 16. અચલાયતન 17. પૂજારીણી 18. સાયબાન કે નીચે 19. માણેક ચોક 20. ભગવદ્ અજ્જુકીયમ

21. સાગર ઘેલી 22. રણછોડ લાલ 23. રક્ત કરબી 24. પહેલો કલાલ 25. ધરાગુર્જરી 26. હોહોલીકા 27. કર્ણભાર

28. દૂતવાક્ય 29. ઓથેલો 30. કચદેવયાની 31. ગુરુ ગોવીંદસીંહ 32. મુક્તધારા 33. મેકબેથ 34. કાશીનાથ 35. સાબદા થાઓ





36. રાયગઢ જ્યારે જાગે છે 37. પરીત્રાણ 38. રાઈનો પર્વત 39. અજગર ભરડો 40. રામલો રોબીનહુડ 41. એવમ ઈન્દ્રજીત

42. અંતરનો અપરાધી 43. બાણશૈયા 44. નટસમ્રાટ 45. શર્વીલક 46. સીકંદર સાની 47. શકુંતલા વગેરે.

- **સીધ્ધીઓ - પારીતોષીકો :**

1. સંગીત - નાટક રાષ્ટ્રીય અકાદમીનો એવોર્ડ (1968)
2. ગુજરાત રાજ્ય સંગીત - નૃત્ય - નાટક અકાદમી એવોર્ડ (1979)
3. રણજીતરામ સુવર્ણ ચંદ્રક (1979)

જશવંત ઠાકરનો આ અત્યંત આછો પરીચય છે. અનેકવાર જેલવાસ, ભુગર્ભ પત્રીકાઓ, સામ્યવાદી પક્ષ તથા સંગઠનો સાથેની સક્રીયતા વગેરેનો સમાવેશ અહીં નથી કર્યો.

• • •

## 11. *સુખદેવ સીંહ 'પ્રીત'*

- **જન્મ :** 20 મે, 1996 (અમૃતસર)
- **શહીદી :** 10 ઓક્ટોબર, 1991.
- **નાટ્યજુથ :** અમૃતસર નાટક કલા કેન્દર (અમૃતસર સ્કુલ ઓફ ડ્રામા)
- **ટૂંક પરીચય:** એસ.એસ.સી. સુધી અભ્યસ પછી પુર્ણ સમય માટે અમૃતસર સ્કુલ ઓફ ડ્રામામાં પ્રતીબધ્ધ કલાકાર તરીકે શહીદી સુધી જોડાયેલ રહ્યો. નટ, ગાયક, નૃત્યકાર, દીગ્દર્શન ઉપરાંત પ્રતીબધ્ધ જનવાદી કવી. અમૃતસર સ્કુલ ઓફ ડ્રામામાં પ્રવેશ પછી તેનાં તમામ નાટકોમાં સક્રીય હતો. આ પુસ્તીકામાં તેના વીશે એક લેખમાં વધુ વીગતો છે. ગુરશરણ સીંહ તથા અમૃતસર નાટક કલા કેન્દરના પરીચયમાં મહત્ત્વનાં નાટકો વીશે વીગતો છે.
- તેની શહીદી પછી આજે પંજાબમાં તેની સ્મૃતીમાં દર વર્ષે ત્રણ દીવસનો શેરીનાટ્ય મહોત્સવ મનાવાય છે. તેના નામનો એક એવોર્ડ પણ દર વર્ષે એક પ્રતીબધ્ધ જનવાદી કલાકારને અર્પણ કરાય છે.

• • •





**પરીશીષ્ટ : 2**

# શેરીનાટક સંબંધીત પુસ્તીકામાં ઉલ્લેખીત સંસ્થા – સંગઠનોનો ટુંક પરીચય

## 1. *જન નાટ્ય મંચ (પીપલ્સ થીએટર ફ્રન્ટ) (જનમ)*

- 1973માં, નવી દીલ્હી ખાતે આ રાજનૈતીક થીએટર ગ્રુપની શરૂઆત ડાબેરી અને ક્રાંતીકારી વીચારધારાને વરેલા કલાકારો – કર્મશીલોએ કરી હતી. સફદર હાશ્મી પણ એમાં સામેલ હતા. આ ગ્રુપ ઈન્ડીયન પીપલ્સ થીએટર (ઈપ્ટા)થી પ્રેરીત થઈને શરૂ થયું હતું. ભારતમાં સ્વતંત્રતા પછી શેરીનાટકના આધુનીક આંદોલનને પ્રસારીત કરવામાં 'જનમે' પાયાની ભુમીકા ભજવી હતી.
- 'જનમ' તેના નાટકના પ્રત્યેક પ્રયોગ પછી લોકફાળો ઉઘરાવી તેના વડે જ પોતાની પ્રવૃત્તીઓ કરતું. તેણે અપનાવેલા સીધ્ધાંત મુજબ રાજ્ય (સરકાર) તરફથી, કંપનીઓ કે કોર્પોરેટ સેક્ટર તરફથી કે ગેર સરકારી સંગઠનો તરફથી કોઈ અનુદાનોનો સ્વીકાર કરતું નહીં. તેણે શેરીનાટકો ઉપરાંત તખ્તાનાં રાજનૈતીક નાટકો પણ થીએટર હોલ અથવા ઓપન એક થીએટરમાં ભજવ્યાં છે. આજે પણ ભજવે છે. નાટકો ઉપરાંત તે રાજનૈતીક રંગભુમી વીશે વર્તાલાપો, ચર્ચાસભાઓ, નાટ્યશીબીરો, પ્રદર્શનો, ફીલ્મ પ્રદર્શનો વગેરેનું આયોજન પણ કરતું રહે છે.

- ‘જનમ’ની શેરી નાટકની સફર 1975માં ‘કુર્સી’ નાટક વડે કટોકટીના પ્રારંભકાળમાં થઇ. (જેનો ઉલ્લેખ આ પુસ્તીકાના એક લેખમાં કર્યો છે). પરંતુ કટોકટી પછી ફરી એકવાર ઓક્ટોબર, 1978માં ‘મશીન’ નામના શેરીનાટકથી શરુઆત કરી. ત્યાર પછી તો એણે, કોમવાદ, આર્થીક નીતીઓ, બેરોજગારી, મજૂર સંગઠનોના અધીકારો, વૈશ્વીકરણ, મહીલા અધીકારો, શીક્ષણ વ્યવસ્થા વગેરે વીશે ‘હત્યારે’, ‘સમરથ કો નહીં દોષ ગોંસાંઇ’, ‘ઔરતે’, ‘રાજા કા બાજા’, ‘અપહરણ ભાઇચારે કા’, ‘હલ્લા બોલ’, ‘મત બાંટો ઇન્સાન કો’, ‘સંઘર્ષ કરેંગે, જીતેંગે’, ‘અંધેરા આફતાબ માંગેગા’, ‘જીન્હેં યકીન નહીં થા’, ‘અંતરનાદ’, ‘રાહુલ બોક્સર’, ‘નહીં કુબુલ’, ‘વો બોલ ઉઠી’, ‘યે દીલ માંગે મોર ગુરુજી’ જેવાં અનેક શેરીનાટકો દેશભરમાં ભજવ્યાં છે. જનમે અત્યાર સુધીમાં 80થી વધુ શેરીનાટકો અને 16 થી વધુ તખ્તાનાં નાટકો ભારતના લગભગ 140 થી વધુ ભારતનાં શહેરો-નગરોમોં ભજવ્યાં છે. લગભગ 8,500થી વધુ અવેતન કલાકારો ‘જનમ’ની આ સફરમાં સામેલ થયાં છે. 2007માં આ જુથે અમેરીકાનો પ્રવાસ કર્યો હતો અને ત્યાં નાટકોની ભજવણીઓ ઉપરાંત રંગભૂમી વીશે વક્તવ્યો, નાટ્યશીબીરોનું પણ કેટલીક યુનીવર્સીટીઓ, કોલેજોમાં આયોજન કર્યું હતું.
- ‘જનમે’ પૃથ્વી થીએટર (મુંબઇ), નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (દીલ્હી), સાહીત્ય કલા પરીષદ (નવી દીલ્હી), નટરંગ પ્રતીષ્ઠાન (નવી દીલ્હી), સંગીત, નાટક અકાદમી (કેરાલા), નાટ્ય અકાદમી (પશ્ચીમ બંગાળ) જેવી સંસ્થાઓ દ્વારા આયોજીત નાટ્ય મહોત્સવોમાં પોતાનાં નાટકો રજૂ કર્યાં છે.
- ‘જનમ’ દ્વારા ભજવાયેલ મહત્વના તખ્તાનાં નાટકોમાં- ‘મોટેરામ કા સત્યાગ્રહ’, ‘વરૂણ કે બેટે’, ‘હમ યહીં રહેંગે’, ‘આઝાદીને જબ દસ્તક દી’, ‘બુશ કા મતલબ ઝાડી’, ‘ઉલ્ટે હોર ઝમાને આયે’ વગેરેનો સમાવેશ થાય છે.





- 1997માં ‘જનમે’ એક મોબાઇલ, ફોલ્ડીંગ થીએટર તૈયાર કર્યું. આ થીએટરને તેઓ મજુર વીસ્તારમાં લઇ જઇ તખ્તો અને પ્રેક્ષાગાર ખડો કરી દેતાં. તખ્તાના નાટકો માટે જરૂરી લાઇટ, સાઉન્ડનાં સાધનો સાથે 600 થી 700 પ્રેક્ષકો પણ તેમાં સમાઇ શકતાં. આ રીતે તેઓ કોઇપણ સ્થળે તખ્તાનાં નાટકો રજુ કરી શકતાં.
- 2012માં ‘જનમે’ પોતાનું આગવું થીએટર ‘સ્ટુડીઓ સફદર’ નવી દીલ્હીના શાદી ખામપુર વીસ્તારમાં નીર્મીત કર્યું છે. એમાં બ્લેકબોક્સ થીએટર, રીહર્સલ્સ માટે ખુલ્લી અગાસી, ‘જનમ’નું કાર્યાલય, ગ્રંથાલય, વર્કશોપ વગેરેનો સમાવેશ થાય છે. ત્યાં ‘લેફટ વર્લ્ડ’નાં પુસ્તકોનું વેચાણ અને કોફીશોપ પણ છે.

## 2. *નીશાંત નાટ્યમંચ*

1971માં નવી દીલ્હી ખાતે શરુ થયેલ ‘નીશાંત નાટ્યમંચ’ શેરીનાટ્ય જુથ હોવાની સાથે સાથે એક સાંસ્કૃતીક સવાંદનું જુથ પણ છે. લગભગ 100 જેટલાં પ્રતીબધ્ધ કર્મશીલો એની સાથે સંકળાયેલા છે. તેઓ હીન્દી, ઉર્દુ, હરીયાણવી, ભોજપુરી, નેપાલી, પંજાબી અને તેલુગુ ભાષાઓમાં શેરીનાટકો ભજવે છે. તેમનાં નાટકો મુખ્યત્વે મહીલા અત્યાચારો, જ્ઞાતીગત અસમાનતાઓ, સાંપ્રદાયીક અસહીષ્ણુતા, કહેવાતું વૈશ્વીકરણ, ભ્રષ્ટાચાર, લુંટ, શોષણ જેવાં મુદ્દાઓ વીશે હોય છે. આટલાં વર્ષમાં લગભગમાં 50 જેટલાં શેરીનાટકોનાં 5000 થી વધુ પ્રયોગો એણે દેશભરમાં પ્રસ્તુત કર્યાં છે.

શમ્સુલ ઇસ્લામ અને નીલીમાજીના નેતૃત્વમાં ચાલતા આ જુથે પોતાનાં નાટકો, જાગૃતી ગીતોની ઓડીયો તથા વીડીયો કેસેટ્સ તથા સીડી, ડીવીડીઓ પણ તૈયાર કરેલ છે. તેઓ યુવાઓ માટે નાટ્ય તથા સાંસ્કૃતીક શીબીરોનું આયોજન પણ કરે છે. તે સામાજીક-રાજનૈતીક મુદ્દાઓ ઉપર પુસ્તીકાઓ પણ પ્રકાશીત અને વીતરીત કરે છે. નીશાંત કોઇપણ પ્રકારની ધંધાદારી કરારો સ્વીકારતું નથી કે સરકારી, કોર્પોરેટ સેક્ટર કે વીદેશી અનુદાનો પણ સ્વીકારતું નથી. તેની પ્રવૃત્તીઓ તેમના પ્રેક્ષકો, શુભેચ્છકોના ફાળા વડે જ ચાલે છે.

## 3. પરીવર્તન

- છેલ્લાં ચાળીસેક વર્ષથી ગુજરાતના વડોદરામાં રંગભૂમી અને સાંસ્કૃતીક ક્ષેત્રે સક્રીય આ ગ્રુપ સામાજીક-રાજનૈતીક દષ્ટીએ પ્રતીબધ્ધ જુથ છે. તખ્તાનાં નાટકોથી શરૂ થયેલ આ જુથ 1978 થી શેરીનાટકો ક્ષેત્રે પણ સક્રીય રહ્યું છે. છેલ્લાં પંદરેક વર્ષથી આ જુથે અગસ્તો બાઉલ દ્વારા વીકસીત 'શોષીતોની રંગભૂમી'ના સ્વરૂપોમાં પણ નાટ્ય પ્રસ્તુતીઓ કરી છે.
- તેના મહત્વના શેરીનાટકોમા 'ચાલો કર્ફયુ કર્ફયુ રમીએ' (1974), 'હથેલીમાં ચાંદ' (1978), 'ઈન્ડીયા-1981', 'ઈન્ડીયા-1982', 'ઈન્ડીયા -1983' 'શાસન બત્રીસી' વગેરેને ગણાવી શકાય.
- આ જુથે 1975 થી 1977 દરમીયાન રાષ્ટ્રીયસ્તરની નાટ્યસ્પર્ધાઓનું વડોદરામાં આયોજન કર્યું હતું.
- રાષ્ટ્રીય સ્તરે 1984થી શરુ થયેલ શેરીનાટક મહોત્સવ 'નાટ્યજાત્રા'નું પરીવર્તન અને વડોદરાના અન્ય સંગઠનોએ સાથે મળીને આયોજન કર્યું હતું. (1986)
- છેલ્લાં દસેક વર્ષથી આ જુથ બાળકો, કીશોરો, યુવાઓ સાથે 'પ્રકૃતી શીબીરો'નું આયોજન કરે છે.
- ગુજરાતભરમાં અનેક 'નાટ્ય શીબીરો' પરીવર્તને સાકાર કરી છે.
- છેલ્લાં પાંચેક વર્ષથી આ જુથે 'દ્વંદ્વાત્મક ચીંતન ચળવળ' શરૂ કરી છે.

## 4. સહમત (સફદર હાશ્મી મેમોરીયલ ટ્રસ્ટ)

- ગાઝીયાબાદમાં ધોળે દીવસે શેરીનાટક ભજવતાં સફદર હાશ્મીની હત્યાને કારણે દેશભરના કલાકારો, બૌધ્ધીકો, શ્રમીકોમાં ઉભરેલા આક્રોશના જુવાળને કારણે 'સહમત'ની શરુઆત થઇ. સાંસ્કૃતીક બહુલતાવાદ અને લોકતાંત્રીક જુસ્સાને કેન્દ્રમાં રાખીને અભીવ્યક્તી સ્વાતંત્ર્યને સક્ષમ





બનાવવાના હેતુથી દેશભરનાં લેખકો, કલાકારો, ચીત્રકારો, કવીઓ, સર્જકો અને બૌધ્ધીકોના સહયોગથી 'સહમત' અસ્તીત્વમાં આવ્યું. 'સહમત' સૌના સહીયારા દષ્ટીકોણો વડે ઉભું થયેલ પ્લેટફોર્મ છે. તે સૌને પોતાની સર્જનાત્મકતા મુક્તપણે વ્યકત કરવા માટેનાં મુક્ત મંચ તરીકે કાર્યરત છે.

- બીનસાંપ્રદાયીકતા અને સાંસ્કૃતીક બહુલતાના વ્યાપક મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અનેકવીધ પ્રવૃત્તીઓ, કાર્યક્રમો, મેળાવડાઓનું આયોજન આ મંચ દ્વારા દેશભરમાં સાતત્યપુર્ણ રીતે આજ સુધી થતું રહ્યું છે. જેમાં નાટક, ગીત, સંગીત, નૃત્યની ભજવણીઓ, પ્રદર્શનો, પુસ્તક પ્રકાશનો, પોસ્ટર્સ પ્રકાશનો, શ્રાવ્ય અને દષ્ય-શ્રાવ્ય સામગ્રીઓનું નીર્માણ અને વીતરણ તમામનો સમાવેશ થાય છે.

  છેલ્લાં બે, અઢી દાયકાથી ભારતમાં પ્રભાવી થતાં જતાં 'સાંસ્કૃતીક રાષ્ટ્રવાદ','સાંપ્રદાયીક ધ્રુવીકરણ' અને 'સાંસ્કૃતીક બહુલતા' પ્રત્યેની અસહીષ્ણુતાના વાતાવરણમાં 'સહમત'ની કામગીરી નોંધપાત્ર અને ધ્યાનાકર્ષક રહી છે. લોકતાંત્રીક મુલ્યો અને મુક્ત સાંસ્કૃતીક અભીવ્યક્તી માટેની એની મથામણો આજે પણ ચાલુ જ છે.

## 5. કેરાલા શાસ્ત્ર સાહીત્ય પરીષદ (કે.એસ.એસ.પી.)

- 1962 થી 'જન વીજ્ઞાન આંદોલન'ના મુખ્ય હેતુથી કેરાળાનાં સ્વૈચ્છીક સંગઠનો દ્વારા શરુ થયેલ 'કેરાલા શાસ્ત્ર સાહીત્ય પરીષદ' એક અર્થમાં કેરાળા વીજ્ઞાન સાહીત્ય આંદોલન છે. સામાજીક દષ્ટીકોણથી સામાન્ય લોકોમાં વૈજ્ઞાનીક દષ્ટી અને અભીગમ પ્રસરાવવાના ખ્યાલ સાથે 40 જેટલાં કર્મશીલોથી શરૂ થયેલ આ આંદોલનમાં આજે 40,000 સભ્યો છે અને કેરાળામાં એનાં 2000 એકમો સક્રીય છે.
- વીજ્ઞાનલક્ષી સાહીત્યના પ્રકાશનથી શરૂ થયેલ આ સંસ્થાએ 1972થી 'સામાજીક ક્રાંતી માટે વીજ્ઞાન'ના ધ્યેય સાથે જન વીજ્ઞાન આંદોલનનું

સ્વરુપ અપનાવ્યું. એ મુખ્યત્વે ત્રણ પ્રકારની પ્રવૃત્તીઓ કરે છે – (1) લોક શીક્ષણલક્ષી (2) આંદોલનલક્ષી (3)રચનાલક્ષી. તેનાં કાર્યક્ષેત્રો છે- પર્યાવરણ, આરોગ્ય, શીક્ષણ, ઉર્જા, સાક્ષરતા, માઇક્રો પ્લાનીંગ અને વીકાસ.

- કે.એસ.એસ.પી. બે માસીક પત્રીકાઓ પ્રકાશીત કરે છે – (1) શાસ્ત્ર કેરળમ (વીદ્યાર્થીઓ – કીશોરો માટે) (2) શાસ્ત્રગથી (સભ્યો માટે). તે બાળકો માટે એક પખવાડીક પ્રકાશીત કરે છે –'યુરેકા'. તેણે આજ સુધીમાં મળીયાળમ ભાષામાં 700 જેટલાં પુસ્તકો પ્રકાશીત કર્યાં છે.
- 1987 થી 'ઇન્ટીગ્રેટેડ રુરલ ટેક્નોલોજી સેન્ટર' (આઇ.આર.ટી.સી.) નામનું ગ્રામીણ ટેક્નોલોજીના વીકાસ અને સંશોધનો માટેનું રીસર્ચ સેન્ટર પણ શરુ કર્યું છે.
- આ પુસ્તીકાના એક લેખમાં જેની થોડી વીગતે નોંધ લીધી છે એ શેરીનાટક જુથ પણ કે.એસ.એસ.પી.ની જ એક નીયમીત પ્રવૃત્તી છે. વૈજ્ઞાનીક દૃષ્ટીકોણ અને અભીગમના પ્રચાર-પ્રસાર માટે તેણે આ જુથ તૈયાર કર્યું છે.

## 6. *સફ્રેજેટ મુવમેન્ટ :*

- ઓગણીસમી સદીના અંતમાં અને વીસમી સદીના પ્રથમ ત્રણેક દાયકા સુધી મુખ્યત્વે ઇન્ગ્લેન્ડ અને અમેરીકામાં ચાલેલા મહીલાઓના આ આંદોલનનો મુખ્ય હેતુ હતો –'મહીલા મતાધીકાર'. યુરોપ અને અમેરીકાનાં દેશોમાં પ્રજાતંત્ર તો લગભગ અઢારમી સદીમાં સ્થાપીત થઈ ચુક્યું હતું, પરંતુ મહીલાઓ, કામદારો અને અશ્વેતોને મતાધીકાર પ્રાપ્ત નહોતો. આ ત્રણેય સમુદાયોએ સાથે મળીને 'મતાધીકાર' માટેનાં આંદોલનો તો સત્તરમી સદીના અંતભાગથી જ શરુ કરી દીધા હતા.
- ઇન્ગ્લેન્ડના 'વીમેન્સ સોશ્યલ એન્ડ પોલીટીકલ યુનીયન'ના સભ્યો દ્વારા શરૂ થયેલ સફ્રેજેટ મુવમેન્ટ ક્રમશઃ ઉગ્ર સ્વરૂપ ધારણ કરવા માંડી હતી. આ લાંબા આંદોલન દરમીયાન હજારો મહીલાઓ જેલમાં ગઇ, સેંકડો શહીદ થઇ.





એમણે પત્રીકાઓ, પોસ્ટરો, લેખો શેરીનાટકો જેવાં માધ્યમથી પોતાના આંદોલનને વેગ આપ્યો અને રેલીઓ, ધરણાં, દેખાવો, ભુખ હડતાળો જેવાં માર્ગે છેવટે અલગ અલગ દેશોમાં 1893(ન્યુઝીલેન્ડ)માં પુખ્તવયની (21 વર્ષની) તમામ મહીલાઓને મતાધીકાર મળવાથી શરૂ કરીને સૌથી છેલ્લે 1944 માં ફ્રાંસમાં મહીલા મતાધીકાર પ્રાપ્ત કર્યો.

## 7. *ઇન્ડીયન પીપલ્સ થીએટર એસોસીએશન – (ઇપ્ટા)*

- કમ્યુનીસ્ટ પાર્ટી ઓફ ઇન્ડીયા (સી.પી.આઇ.)ની પહેલથી સામ્યવાદી વીચારધારા સાથે સંકળાયેલ રંગકર્મીઓ, સર્જકો, કલાકારો દ્વારા મે 25, 1943માં અસ્તીત્વમાં આવેલો આ દેશવ્યાપી સાંસ્કૃતીક સંઘ છે.
- હીન્દીભાષી વીસ્તારોમાં તે 'જન નાટ્ય સંઘ'ના નામે ઓળખાય છે, આસામ અને બંગાળમાં 'ગણ નાટ્ય સંઘ' અથવા 'ગણ સંસ્કૃતી સંઘ'ના નામે, આંધ્રમાં 'પ્રજા નાટ્ય મંડળી'ના નામે.
- પ્રગતીશીલ લેખક સંઘ (પ્રોગેસીવ રાઇટર્સ એસોસીએશન)ની પ્રેરણાથી અસ્તીત્વમાં આવેલ આ સંઘના પ્રારંભીક મુખ્ય હેતુઓ હતા – દેશનું સ્વાતંત્ર્ય અને ફાસીવાદનો વીરોધ. ત્યારબાદ સ્વાતંત્ર્ય નીર્માણ અને સામાજીક ન્યાયના ધ્યેયો એમાં ઉમેરાયાં.
- 'ઇપ્ટા'ના પ્રારંભીક સભ્યોમાં પૃથ્વીરાજ કપુર, બીજોન ભટ્ટાચાર્ય, ઋત્વીક ઘટક, ઉત્પલ દત્ત, ખ્વાજા એહમદ અબ્બાસ, સલીલ ચૌધરી, પંડીત રવીશંકર, બલરાજ સહાની, અલી સરદાર જાફરી, આચાર્ય અત્રે વગેરે હતા.
- 'જીવન ખાતર કલા'ના સૂત્રને વરેલા 'ઇપ્ટા'નું પાંચમું રાષ્ટ્રીય અધીવેશન 1948માં અદાવાદમાં યોજાયું હતું. ગુજરાતી રંગભૂમી સાથે સંકળાયેલાં દીના ગાંધી પાઠક, જશવંત ઠાકર, શાંતા ગાંધી જેવાં દીગ્ગજ કલાકારો 'ઇપ્ટા' આંદોલનમાં શરુઆતથી સક્રીય હતા.

- 1950 પછી સી.પી.આઇ. માં શરૂ થયેલ વીચારભેદો અને ઉગ્ર મતમતાંતરોને કારણે 1964 સુધીમાં ઘણાં કલાકારો, જુથોએ 'ઇપ્ટા'થી અલગ થઇ સ્વતંત્રપણે નાટ્ય અને સાંસ્કૃતીક પ્રવૃત્તીઓ શરૂ કરી. જેમાં – શંભુ મીત્રાએ 'બહુરુપી', હબીબ તન્વીરે 'નયા થીએટર' ઉપરાંત ઉત્પલ દત્ત, રુમા ગુહા ઠાકુરતા, શાંતી વર્ધન વગેરેનો સમાવેશ કરી શકાય.
- 1985 પછી દેશમાં પલટાવા માંડેલ સાંસ્કૃતીક માહોલ અને ઘેરાતાં જતાં સાંસ્કૃતીક સંકટનાં વાદળોના સમયે ફરીથી 15 રાજ્યોના પ્રગતીશીલ, રાજનૈતીક સાંસ્કૃતીક જુથોએ 'ઇપ્ટા'ને પુનર્ગઠીત કરવા માંડ્યું. અંતીમ માહીતી મુજબ આજે ભારતનાં 24 રાજ્યોમાં 600 થી વધુ 'ઇપ્ટા'નાં એકમો સક્રીય છે.

## 8. *પ્રોગ્રેસીવ રાઇટર્સ એસોસીએશન (પી.ડબલ્યુ.એ.) (પ્રગતીશીલ લેખક સંઘ)*

- મુળગત રીતે ઉર્દુ સાહીત્યના પ્રગતીશીલ સાહીત્યકારો દ્વારા 1933માં 'એ લીગ ઓફ પ્રોગ્રેસીવ ઓથર્સ'ના નામે એક સાહીત્યીક મંચના સ્વરુપમાં શરૂ થયેલ પ્રગતીશીલ સાહીત્યીક આંદોલનમાંથી 1935માં લંડન ખાતે ઔપચારીક રીતે આ સંઘની શરુઆત થઇ. 1936માં કોલકાતા ખાતે આ સંઘની સ્થાપના થઇ. લખનૌમાં પણ એ જ વર્ષે સંઘનો પ્રારંભ થયો. ક્રમશઃ હમીદ અખ્તર, ફૈઝ એહમદ ફૈઝ, એહમદ નદીમ કાઝમી, સઆદત હસન મન્ટો, ઇસ્મત ચુગતાઇ, સજ્જાદ ઝહીર જેવાં લેખકો, કવીઓ એમાં સંકળાતા ગયા.
- આ સંઘના મુખ્ય ઉદ્દેશ્યો હતા – સામ્રાજ્યવાદનો વીરાધ, ડાબેરી વીચારધાનાનો પ્રચાર-પ્રસાર, સમાનતાની હીમાયત, સામાજીક અન્યાયનો વીરોધ અને પછાતપણાનો પ્રતીરોધ. ટૂંકમાં સમાજવાદી આધુનીકતા માટેની મથામણ. પાછળથી તેમાં ભારતની સ્વતંત્રતા અને





'ખેડે તેની જમીન'નાં ધ્યેયો પણ ઉમેરાયાં. ઉર્દુની સાથે સાથે હીન્દી અને અન્ય ભારતીય ભાષાના સર્જકો પણ એમાં જોડાતાં ગયાં. જેમાં મુન્શી પ્રેમચંદ, રવીન્દ્રનાથ ટાગોર, કૃષ્ણ ચંદર, સરદાર જાફરી, ભીષ્મ સહાની વગેરેનો સમાવેશ થાય છે.

- સર્જકોની મુક્ત અભીવ્યક્તી અને ભારતમાં પ્રભાવી સામંતી વ્યવસ્થા, મુલ્યોના વીરોધમાં કાર્યરત આ આંદોલનની એક શાખા ઉમાશંકર જોષી, સુંદરમ, બાદરાયણ જેવાં સાહીત્યકારોએ ગુજરાતમાં પણ 1935 માં શરૂ કરી હતી, પરંતુ 1936માં ગાંધીજી ગુજરાતી સાહીત્ય પરીષદના પ્રમુખ બનતાં એ આંદોલન ગુજરાતી સાહીત્ય પરીષદમાં વીલીન થઇ ગયું અને પોતાની પ્રગતીશીલતાની દીશા ચૂકવા માંડ્યું.
- દેશના ભાગલા પછી આ સંઘ વીભાજીત થઈને મંદ પડવા માંડ્યો. ત્યારબાદ ભારતમાં 2007માં વચગાળાના બંધારણ વડે એને પુનઃજીવીત કરવાનાં પ્રયાસો શરૂ થયાં અને 2012માં સ્થાયી બંધારણ વડે એનું પુનઃગઠન થયું.

## 9. *ભારત ભવન*

- બહુવીધ કળાઓના સંકુલ તરીકે દેશભરમાં પ્રખ્યાત 'ભારત ભવન' મધ્યપ્રદેશના પાટનગર ભોપાલમાં સ્થીત છે. સ્વાયત્ત ટ્રસ્ટ દ્વારા સંચાલીત આ સંકુલને મધ્યપ્રદેશની સરકાર દ્વારા અનુદાન અપાય છે.
- 1982માં શરૂ થયેલ આ કલાધામમાં આર્ટ ગેલરી, ફાઇન આર્ટ વર્કશોપ, ઓપન એર એમ્ફીથીએટર, સ્ટુડીયો થીએટર, સભાગાર, ટ્રાઇબલ મ્યુઝીયમ, લોક કળા સંગ્રહાલય તેમજ ભારતીય કવીતાઓ, શાસ્ત્રીય સંગીત અને લોક સંગીતની લાયબ્રેરીઓ મોજુદ છે.
- રંગમંડળ નામની થીએટર રેપર્ટરીનો પણ એમાં સમાવેશ થાય છે. જેમાં લોક નાટ્યો અને હીન્દી નાટકો નીયમીત રીતે તૈયાર થાય છે, ભજવાતાં રહે છે. એના ઉપક્રમે વીવીધ સ્વરુપોના રાષ્ટ્રીય સ્તરના નાટ્ય મહોત્સવો પણ યોજાતા રહે છે.

- આ પુસ્તીકામાં ઉલ્લેખ કર્યા પ્રમાણે 1983માં આ સંકુલમાં રાષ્ટ્રીય શેરીનાટક મહોત્સવ યોજાયો હતો અને એમાં જ ગુરશરણ સીંહને 'નુક્કડ નાટક સમ્રાટ'નું બીરૂદ અપાયું હતું.

## 10. *સંવેદન નાટ્ય સંકુલ : (સંવેદન સાંસ્કૃતીક મંચ)*

- **સ્થાપના** : 1984
- **સ્વરુપ** : અનૌપચારીક, અવેતન, રાજનૈતીક-સાંસ્કૃતીક ગ્રુપ (અમદાવાદ-ગુજરાત)
- **પ્રવૃત્તી** : શેરીનાટકો, પ્રોસીનીયમ નાટકો, નાટ્ય તાલીમો, જનવાદી સાહીત્ય પ્રકાશન અને વીતરણ, સાંસ્કૃતીક આંદોલનો.
- **શેરીનાટકો** :
  1. જીવતરના વેપાને રોકો (1984) (ભોપાલ ગેસકાંડ નીમીત્તે)
  2. માણસજાત-માણસજાત (1985) (સાંપ્રદાયીકતાના વીરોધનું નાટક)
  3. હરબાર કીસી ભી દંગે મેં (1993) (રમખાણો અને સામુદાયીક હીંસાનો ભોગ બનતી શ્રમજીવી મહીલાઓ વીશેનું નાટક)
  4. કચરા કુંડી (1990) (અન્ય નાટ્યજુથો અને કલાકારોનું સંયુક્ત સર્જન) (બાબરી વીવાદ વીશે)
- **પ્રોસેનીયમ નાટકોઃ**
  1. ઈતીહાસની બીજી બાજુ (1984) (ભગતસીંહના જીવન અને કાર્યો વીશે)
  2. મારીચ સંવાદ (1985)
  3. રાજપરીવર્તન (મૃચ્છકટીકમનું નવું સંસ્કરણ)





- **નાટ્ય તાલીમો** : 1985 થી 1997 દરમીયાન આશરે 100 થી વધુ નાટ્ય અને સાંસ્કૃતીક તાલીમો (શ્રમજીવીઓ, મહીલાઓ, આદીવાસીઓ, દલીતો, વીદ્યાર્થીઓ, યુવા સમુદાયો સાથે).
- **જનવાદી સાહીત્ય પ્રકાશન-વીતરણ :**
  1. સાબરમતી પૂછે છે (1986) (જનવાદી કાવ્યો-ગીતો- લઘુકથા સંગ્રહ)
  2. દસ્તાવેજ (1990) (જનવાદી કાવ્ય સંગ્રહ)
  3. સળગતી હવાઓ (1995) (જનવાદી કાવ્યસંગ્રહ)
  4. સર્જક ચેતના (1998) (જનવાદી દષ્ટીકોણથી ગુજરાતી સાહીત્ય મીમાંસા પુસ્તીકા)
  5. લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ (2000) (જનવાદી કાવ્ય સંગ્રહ)
  6. સહીયારા સુરજની ખોજમાં (2003) (જનવાદી ગીત સંગ્રહ)
  7. હસ્તક્ષેપ (2003) (જનવાદી કાવ્ય સંગ્રહ).
- **સાંસ્કૃતીક આંદોલન** : 1984 થી 2005 સુધી થીએટર સેન્સરશીપ વીરોધી આંદોલન ચલાવ્યું. (અન્ય નાટ્યજુથો, કલાકારો, માનવ અધીકાર કાર્યકરો, ફીલ્મ સર્જકોના સહયોગ સાથે).

  'આપણું સાહીત્ય' –જનવાદી સાહીત્ય માટેની આંદોલનાત્મક સાહીત્યીક પત્રીકા (1986-87)
- આ મંચ સાંસ્કૃતીક આંદોલનનો હીસ્સો છે. એની તમામ પ્રવૃત્તીઓ માત્ર લોકફાળો અને શુભેચ્છકોના ફાળા વડે જ ચાલે છે.

## 11. *ગેરેજ સ્ટુડીયો થીએટર*

- એક બંગલાના ગેરેજમાં શરૂ થયેલ અને ચાલેલ અમદાવાદના આ અવેતન, પ્રયોગધર્મી નાટ્યજુથે તખ્તાનાં નાટકો, થર્ડ થીએટર શૈલીનાં નાટકો, શેરીનાટકો વગેરે નાટ્યસ્વરુપોમાં લગભગ ત્રીસેક નાટકો ભજવ્યાં છે. જેમાં અનેક મૌલીક ગુજરાતી નાટકો ઉપરાંત દેશ અને વીદેશના પ્રખ્યાત નાટ્યકારો, લેખકોની ક્લાસીકલ કૃતીઓનો પણ સમાવેશ થાય છે.
- તેમનાં શેરીનાટકોમાં – 'ફલાણાભાઇ-ઢીંકણાભાઇ' (સાંપ્રદાયીકતા વિશે), 'શીક્ષણ ઉર્ફે યાહુ' (વર્તમાન શીક્ષણ વ્યવસ્થા વીશે), 'કચરા કુંડી' (બાબરીધ્વંસ વીશે) 'ખાડો' (વર્તમાન વ્યવસ્થા વીશે)વગેરેનો સમાવેશ થાય છે.
- તખ્તાનાં મુખ્ય નાટકોમાં – 'ગેલીલીયો ગેલીલે', રાઇનો દર્પણરાય', 'મેઇડ્ઝ', 'શકાર-મહાઅવતાર', વગેરેનો સમાવેશ થાય છે.
- થર્ડ થીએટર શૈલી અને મુક્તાંગણ શૈલીમાં મહત્વનાં નાટકોમાં 'જોસેફ કે. નો મુકદ્દમો' 'જનાર્દન જોસેફ', 'વણઝારની વાત' 'હાથીરાજા' વગેરેનો સમાવેશ થાય છે.
- પાછળથી આ જુથ 'બટુભાઇ ઉમરવાડીયા ડ્રામેટીક રીસર્ચ, એજ્યુકેશન, ટ્રેઇનીંગ ઇન્સ્ટીટ્યુટ' (બુડ્રેટી)માં પરીવર્તીત થઇ ગયું.

## 12. *ચીનગારી*

- **શરુઆત** : 1982
- **હેતુઓ** : સમાજમાં ધર્મ, જ્ઞાતીવ્યવસ્થા, પુરુષ પ્રધાન વ્યવસ્થા, વર્ગીયવ્યવસ્થાને કારણે ચાલી રહેલ શોષણનો પ્રતીરોધ કરવો. શોષણમુક્ત સમાજ માટે કાર્યરત રહેવું.
- **સ્વરુપ** : અનૌપચારીક જુથ (લોક ફાળો અને સ્વખર્ચે સક્રીય જુથ)





- **પ્રવૃત્તીઓ** :
  1. સાંપ્રત સામાજીક-રાજનૈતીક મુદ્દાઓ વીશે ચર્ચા.
  2. અસરગ્રસ્ત અથવા પીડીત વ્યક્તીઓ, સમુદાયોની મુલાકાત અને મહત્વના બનાવોનું ફેક્ટ ફાઇન્ડીંગ કરવું, રીપોર્ટ્સ તૈયાર કરવા.
  3. શોષણ અને અત્યાચારવીરોધી જનજાગૃતી માટે કામદારો, વીદ્યાર્થીઓ, યુવાનો વચ્ચે શેરીનાટકો કરવાં.
  4. આંતરરાષ્ટ્રીય મજદુર દીન, આંતરરાષ્ટ્રીય મહીલા દીન, આંબેડકર જયંતી જેવાં દીવસોએ જનજાગૃતી માટેના કાર્યક્રમોનું આયોજન કરવું.
  5. સેમીનારોમાં પેપર રજુ કરવાં.
  6. વ્યક્તીગત કીસ્સાઓમાં માર્ગદર્શન આપવું.
  7. વ્યાપક સવાલો વીશે અન્ય સંસ્થા-સંગઠનો સાથે સંકળાઇ અદાલતી કાર્યવાહીઓ કરવી.
  8. નારી મુક્તી ગીતો વગેરે સંકલીત કરી પ્રકાશીત કરવા.
  9. રાષ્ટ્રીયસ્તરનાં મહીલા આંદોલનો, સંમેલનોમાં ભાગ લેવો, સહયોગી થવું.

## 13. *અવાજ (અમદાવાદ વીમેન્સ એક્શન ગ્રુપ)*

- **સ્થાપના** : 1981
- **સ્વરૂપ** : રજીસ્ટર્ડ સોસાયટી – પબ્લીક ટ્રસ્ટ (એન.જી.ઓ.)
- **હેતુઓ** :
  1. મહીલા સશક્તીકરણ
  2. ઘરેલુ હીંસા નીવારણ

3. સમાજમાં મહીલાઓની સમાનતા
4. મહીલાઓને થતા અન્યાયો, એમના પર થતા અત્યાચારોનો પ્રતીરોધ
5. સમાજ અને દેશના વીકાસમાં મહીલાઓની સહભાગીતા
6. મહીલાઓના અધીકારો, ગૌરવપૂર્ણ જીવન, મહીલા કલ્યાણ અને શીક્ષણ માટેની પ્રવૃત્તીઓ.
7. મહીલાઓના આર્થીક સશક્તીકરણ માટેના કાર્યક્રમો.

- **કાર્ય વીસ્તાર :** અમદાવાદ – ગુજરાત
- **પ્રવૃત્તીઓ :** કાનુની સહાય – કૌશલ્ય વર્ધન તાલીમ કેન્દ્રો - મહીલા જુથોનું નીર્માણ – હેલ્પ લાઇન – ટૂંકગાળાની રહેઠાણ વ્યવસ્થા – કાઉન્સેલીંગ કેન્દ્રો – પોલીસ તંત્ર સાથે સંકલન – સાંસ્કૃતીક પ્રવૃત્તીઓ.

**શેરીનાટકો ક્ષેત્રે પ્રદાન :** લગભગ 1982થી 1987 દરમીયાન આ સંસ્થાએ કેટલાંક શેરીનાટકો તૈયાર કરીને બસ્તીઓમાં, વીસ્તારોમાં ભજવ્યાં. જેમાં મુખ્યત્વે ‘ઘરેલુ હીંસા’ના પ્રતીકારનો મુદ્દો કેન્દ્રમાં રહેતો.

## 14. *અમૃતસર નાટક કલા કેન્દ્ર (અમૃતસર સ્કુલ ઓફ ડ્રામા)*

- **શરૂઆત :** 1962-63. અમૃતસર ખાતે, શરૂઆતમાં બર્તોલ્ત બ્રેખ્થ, સેમ્યુઅલ બેકેટ વગેરેનાં નાટકો.
- **સંસ્થાપક :** ગુરશરણ સીંહ.





- **શેરીનાટકો:**
  1. 1969માં પંજાબમાં નક્સલવાદી આંદોલનની સાથે જ આ જુથે ગામડે ગામડે ફરીને નુક્કડ અથવા થડ઼્રા નાટકો (શેરીનાટકો) ભજવવાં શરૂ કર્યાં. ગુરુ નાનકનાં પ્રગતીશીલ વીચારો ઉપર આધારીત એ નાટકો નક્સલવાદી આંદોલનને સમર્થન આપનારાં અને ક્રાંતીની આગને પ્રસરાવનારાં હતાં.
  2. આ જુથનાં ઘણાં શેરીનાટકોનો ઉલ્લેખ ગુરશરણ સીંહ વીશેની આ પુસ્તીકામાંના લેખોમાં કર્યો છે.
  3. 1975 માં ઇન્દીરના ગાંધીએ દેશ પર લાદેલી કટોકટીના વીરોધમાં આ જુથે ‘કુર્સી, મોર્ચા, હવા મેં લટકતે લોગ’ શેરીનાટક ભજવવું શરુ કર્યું હતું. આ નાટકને કારણે જ ગુરશરણ સીંહને સરકારે કેદ કર્યા હતા.
  4. 1981 થી પંજાબમાં શરુ થયેલ ખાલીસ્તાની આતંકવાદના વીરોધમાં તથા આતંકવાદના કારણે સામાન્ય પ્રજાજનો ઉપર થઇ રહેલાં પોલીસ અને મીલીટરી દમનની વીરોધમાં આ જુથે ખુલ્લેઆમ ઠેર ઠેર ભજવેલ અનેક શેરીનાટકોમાં મુખ્ય હતાં – (1) ‘સાધારણ લોગ’ (2) ‘દાસ્તાને પંજાબ’.
  5. 1989 માં ગુરશરણ સીંહ ચંદીગઢમાં રહેવા આવ્યા અને આ જુથનું નામ ‘ચંદીગઢ નાટક કલા કેન્દર’ (ચંડીગઢ સ્કુલ ઓફ ડ્રામા) બની ગયું.
  6. 1990 થી આ જુથ આજ સુધી (ગુરશરણ સીંહના મૃત્યુ પછી પણ) રાજનૈતીક, ક્રાંતીકારી, મહીલાઓના અધીકારો અને દલીત ચેતનાના મુદ્દાઓ ઉપર સતત શેરીનાટકો ભજવતું રહ્યું છે.

## 15. *ધુર્જટી*

- **શરુઆત** : 1976
- **સ્વરુપ** : અનૌપચારીક – અવેતન - પ્રયોગલક્ષી નાટ્યજુથ.
- **હેતુઓ** : 1. 'ઍબ્સર્ડ' નાટકો વાસ્તવલક્ષી રીતે નહીં, પરંતુ 'એબ્સર્ડ' રીતે(શારીરીક ક્રીયાઓ – દષ્યો – દષ્ય રચનાઓ વડે) રજુ કરવાં.
  2. સ્ટેજની જગ્યા નાની લાગે છે; તેથી ખુલ્લાં મેદાનો, કેમ્પસીઝમાં નાટ્ય રજુઆતો શરુ કરી.
  3. ધીરે ધીરે જુથ સમાજલક્ષી નાટકો એ શૈલીમાં રજુ કરવા તરફ વળ્યું.
- **મુખ્ય નાટકો** : - કાળો કામળો – વાદળમાં ચોકઠું
  - એક્વેરીયમની સોનેરી માછલી
  - અજગર ભરડો - સરઘસ - કેડીનો છેડો
  - જનાર્દન જોસેફ - ભોમા
  -જનતા પાગલ હો ગઇ હૈ (શેરીનાટક)





## *પ્રકાશકની નોંધ*

*આ પુસ્તીકાની પ્રકાશનની પ્રક્રીયા દરમીયાન અમે ગુજરાતી રંગભુમીના સંનીષ્ઠ અભ્યાસુ અને સમીક્ષક શ્રી એસ.ડી. દેસાઇને પુસ્તીકાની સામગ્રી આપી એના વીશે એક આલોચનાત્મક લેખ લખવા આમંત્રણ આપેલું. એ નીમીત્તે એમણે લખી આપેલ લેખ અહીં પ્રસ્તુત કરીએ છીએ.*

*પુસ્તીકાના લેખક અને શ્રી એસ.ડી. દેસાઇની શેરીનાટક વિશેની વીભાવનાઓ, સમજ અને એની સાર્થક ઉપયોગીતાઓ વિશેના ખ્યાલોમાં ઘણું અંતર છે; પરંતુ આ પુસ્તીકા નાટ્ય અભ્યાસુઓ, કર્મશીલો માટે પ્રકાશીત કરવાની હોઇ, અમે એ લેખને પુસ્તીકાના અંતમાં મુકી રહ્યા છીએ. અમે માનીએ છીએ કે, એના દ્વારા વાચકના મનમાં ઘણા નવા સવાલો ઉદ્ભવશે. અમારા મતે એ અત્યંત જરુરી છે; કેમકે, આજનો સમય આ નાટ્યસ્વરુપ વીશે ગંભીર અને સાર્થક ચર્ચાઓ, વીવાદોનો છે. જો એ પ્રક્રીયા વેગ પકડશે તો જ આગળ જતાં આપણને સૌને શેરીનાટકની સાર્થક વીભાવનાઓ, સીદ્ધાંતો સાંપડશે.*

*શ્રી એસ.ડી. દેસાઇના આગ્રહને માન આપીને એમનો લેખ ઉંઝા પરીષદે ઠરાવેલ જોડણીને બદલે શીષ્ટ, માન્ય જોડણીમાં પ્રકાશીત કર્યો છે.*

*લેખ બદલ અમે શ્રી એસ.ડી. દેસાઇના આભારી છીએ.*

***પ્રકાશકો***

# પરિવર્તન તાકતો વિશિષ્ટ નાટ્યપ્રકાર

ડો. એસ.ડી. દેસાઇ

'શેરીમાં થાય એ શેરીનાટક' એ વ્યાખ્યા સ્વીકારીએ તો દેશભરમાં અનેક શેરીનાટકો થતાં રહે છે. વૈશ્વીકરણ, નારીમુક્તી, વર્ગભેદથી માંડી આતંકવાદ, પર્યાવરણ, વિરાસત અને રક્તદાન, વાહન-નિયમન, અમુક ચીજવસ્તુ વગેરે સુધી વિવિધ વિષયો પર. મોટાં શહેરોમાં તો સવેતન આમંત્રણ પણ અપાતાં હોવાનું કહેવાય છે. હિરેન ગાંધી શેરી નાટકને એક વિશેષ પરિપ્રેક્ષ્યમાં જુએ છે – સામાજિક - રાજકીય આંદોલન અંતર્ગત વપરાતા એક અસરકારક સાધન તરીકે.

કોઇ એક સામાજિક પ્રશ્ન પરત્વે પ્રજાની ચેતનાને આંદોલિત કરે તે આંદોલન. ભાષણ, વિજ્ઞાપન, સૂત્રોચ્ચાર, ઘોંઘાટભર્યો પ્રચાર વગેરે કોઇ એક વિષય પર તત્કાલ ધ્યાન ખેંચતા લાગે, લોકમાનસમાં સચવાય નહીં. શેરી નાટકના પાયાગત (નાટ્ય) કલાતત્વને કારણે તે ચોટદાર પ્રત્યાયન કરે એટલું જ નહીં, પ્રેક્ષકને સમસ્યા બાબતે તે પ્રતીતી કરાવે અને સક્રીય પ્રતિભાવ માટે ઉત્તેજિત કરે. વાસ્તવમાં, સતત સંમાર્જન સાથે પ્રયોજિત થતું રહે તો શેરીનાટકનું સ્વરૂપ તત્કાલીન સમસ્યાથી પણ ઉપર ઉઠીને લોકકલા સ્વરુપે ઘાટ લે એવું એનું કાઠું છે. મુખરિત અને આક્રમક અંતર્ગત તત્ત્વને કારણે 'શેરી નાટક' કલાવર્તુળની બહાર રહે, પરંતુ એના પાયામાં રહેલ નાટ્યતત્વ એને એ વર્તુળથી વ્હેંત છેટા અંતરે જ રાખે છે.

હિરેન ગાંધી પાસે નાટક અંગેની પાકી સમજ, એટલે પ્રણાલિગત નાટક કરી શકે; પરંતુ સામાજિક પ્રતિબધ્ધતાને કારણે સતત સમાજલક્ષી નાટકો જ કર્યાં– આરંભમાં પ્રોસીનિયમના ચોકઠામાં અને પછી ખુલ્લા મેદાનમાં, રંગમંચ પર તથા શેરીનાટકના સ્વરૂપનાં. વ્યક્તિગત સ્વાતંત્ર્ય, સામાજિક સંવાદિતા તથા પાયાગત મૂલ્યોની નિસબત અને એ કક્ષાના વિષયો. અભિગમ અને માવજત





બાબતે પ્રતીતિકરતા ઉમેરાતી ગઇ તે બે કારણોએ. એક તો એનું સાતત્ય અને બીજું દબાયેલા - શોષિતો -પીડિતોને અભિનયકક્ષમાં લાવી એમની પાશ્વદભૂના સંદર્ભે એમની પ્રત્યેના અન્યાયની વાત એમની મર્યાદિત એષણાઓના પ્રકાશમાં, પ્રચારના તત્ત્વને અંકુશમાં રાખી, નાટકનાં પાત્રોરૂપે અભિવ્યક્ત કરાવી. પ્રેક્ષકોની ચેતના સંકોરાયેલી હોય અને સંદર્ભગત ઉત્તેજના હોય તે સાથે અંતે સંવાદ થાય.

આ બધામાં સરૂપ ધ્રુવનો પૂરક સાથ, વિશેષે કલમ વડે. આવા પ્રયાસોના ભાગરૂપે એમના જુથે પરિસંવાદો પણ યોજ્યા. સમાજલક્ષી આ નાટ્યપ્રયોગો ગુજરાતના અને દેશના બીજા ભાગોમાં પણ લઇ જવાયા છે.... થોડી વિગતો સાથે લેખકની ભૂમિકા બાંધી તે એમ દર્શાવવા માટે કે આંદોલનની સમજ આપવા, તેને ધારદાર બનાવવા અને આગળ લઇ જવા માટેના માધ્યમ તરીકે શેરી નાટક પર સરળ ભાષામાં એક સર્વગ્રાહી લેખમાળા આપીને હવે તેને પુસ્તિકારૂપે સમાજને, વિશેષે તેનાં રંગકર્મીઓને, ધરવા માટે તેઓ વિશ્વસનીયતા ધરાવે છે.

આરંભમાં મેં જે કહ્યું તે લેખક, એમની વિચારસરણીના પ્રકાશમાં, વધુ સ્પષ્ટ અને આકરા શબ્દોમાં કહેવા પ્રેરાય છે. એમની દૃષ્ટિએ શેરી નાટક માત્ર માધ્યમ નહીં, હથિયાર છે. આંદોલન, ઉશ્કેરણી, સંઘર્ષ, ટકરામણ પછી આખરી મુકામ મૂળગામી સામાજિક - રાજકીય ક્રાંતિ અને પરિવર્તન છે. એમને લાગે છે કે ગુજરાતમાં શેરીનાટક પ્રયોજનારાંમાંથી મોટા ભાગનાં પ્રયોગવીરો છે જેઓ પ્રયોગથી આગળ વધવાને બદલે સામાજિક પરિસ્થિતિ જેવી છે તેવી રહેવા છતાં સંતોષ માને છે. આ 'પ્રયોગધર્મીઓ'ને બહુ તો 'સમાજધર્મીઓ' કહેવાય, 'પરિવર્તનધર્મીઓ' તો નહીં જ. ઉત્પાદનોના નામપ્રચાર અને વેચાણ, સરકારી યોજનાઓના પ્રચાર, ચૂંટણીપ્રચાર તથા સ્પર્ધા અને મનોરંજન હેતુથી થતા પ્રયોગો સંદર્ભે તો તેઓ કહી દે છે કે 'શેરીનાટકનાં સ્વરૂપ અને હેતુઓની આ ભદ્દી મજાક છે'.

વાસ્તવમાં, ગુજરાતમાં આંદોલનો દેખીતાં રાજકીય અને પૂરાં જોઇ-અનુભવી ન શકાય તેવાં, મર્યાદિત પ્રમાણનાં, સામાજિક પરિણામો લાવ્યાં છે, પરંતુ એ

આંદોલનોને કોઈએ શેરીનાટક દ્વારા વેગ આપ્યો હોય એવું કહી શકાય એમ નથી.

રાષ્ટ્રીય સ્તરે સફદર હાશ્મી અને જન નાટ્ય મંચ(જનમ) દ્વારા ૭૦ના દાયકાના મધ્યકાળથી શરૂ કરીને તત્કાલીન રાજકીય - સામાજિક સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને ભારતીય પરીસીમાઓ વચ્ચે શેરી નાટકનું સ્વરૂપ ઘડતાં રહી સંખ્યાબંધ નમૂનારૂપ પરિણામદાયી શેરીનાટિકાઓનું નિર્માણ થયું અને તેની દેશભરમાં રજુઆત થઈ. આ શેરીનાટકોએ પોતે જ એક આંદોલનું રૂપ લીધેલું અને હાશ્મીના માર્ગદર્શન હેઠળ બીજા પ્રદેશોમાં પણ એક પ્રકારનાં સમશક્ત અને પ્રતિબધ્ધ નાટ્યજુથો સ્થપાયેલાં. ક્રિયાશીલોના આ પ્રયાસો એટલી હદે સફળ થતા રહ્યા કે સત્તાની પરસાળોમાં કેટલાક ચોંક્યા અને હાશ્મીનો કાંટો કાઢવા કટિબધ્ધ થયા. એક શેરીનાટ્ય પ્રયોગ દરમ્યાન, લેખક નોંધે છે તેમ, 'ધોળેદિવસે' છડેચોક હાશ્મીની હત્યા થઈ.

રાજકીય તત્ત્વચિંતક રૂસોએ જોયું તેમ જમીનના એક ટૂકડાની આસપાસ વાડી કરીને પહેલા મનુષ્યે 'પોતાની' જમીનનો દાવો કર્યો ત્યારથી અસમાનતાનો આરંભ થયો. બીજાનું ગમે તે થાય પોતાના અને વ્યાપક અર્થમાં મામકાના લાભાર્થે ઉદ્યમ કરતા રહેવામાં આધુનિક સંસ્કૃતિના સામાજિક - આર્થિક વિકાસનો પાયો છે અને રાજકીય બળો એ માટે કાર્યરત રહે છે. એ પાયાની મજબૂતી માટે ઉપેક્ષા, અન્યાય અને શોષણ થતાં રહ્યાં. સમાજની જડ થતી જતી સંવેદનાને આંદોલિત કરતા રહેવાની આવશ્યકતા ઊભી થઈ.

સ્વાભાવિક રીતે હિરેન મૂડીવાદ ને ઔદ્યોગિક ક્રાંતિને વર્ગભેદ માટે જવાબદાર ગણે છે તથા ઉપેક્ષિતો ને શોષિતો વચ્ચે જઈને એમને સંકોરી, ઉશ્કેરી, ક્રિયાન્વિત કરવા શેરીનાટકનો અત્યંત પ્રભાવક પ્રારંભિક ઉપયોગ રશિયન ક્રાંતિ પછીના સમયમાં થયો તેની નોંધ લે છે. ભારતમાં સ્વાતંત્ર્યના સંદર્ભે નાટક ઈપ્ટા દ્વારા હજારોની મેદની વચ્ચે પહોચ્યું. જો કે ઈપ્ટા અગ્રિમ હરોળના સભ્ય અને નામાંકિત નાટ્યલેખક-દિગ્દર્શક હબીબ તન્વીરને લેખકે એવું કહેતા ટાંક્યા છે કે એ 'પોસ્ટર થિએટર'હતું અને આજે 'શેરીનાટક આંદોલન જે સ્તર પર પહોંચ્યું છે, એનો





યશ સફદર હાશ્મીને જાય છે'.

હત્યા પછી હાશ્મી સ્ફિન્ક્સની જેમ બેઠા થયેલા તેની ઉત્તેજના તાજી થાય. 1989માં ભારતમાં અમદાવાદ સહિત દેશભરમાં - અને પરદેશમાં લંડન, ન્યૂયોર્કમાં તથા પાકિસ્તાનમાં પણ - શેરીનાટકો ભજવાયેલાં. સહમત દ્વારા અહીં સમારોહ થયેલો. હાશ્મી સ્થાપિત કુદરતી પ્રતિભા ધરાવતા મજૂરોના નાટ્યજુથ લોક કલા મંચનાં 'હલ્લાબોલ' અને 'ધર્મશાલા' યાદ આવે. દિલ્હીમાં 'હલ્લાબોલ'ની રજૂઆત દરમ્યાન હાશ્મીની હત્યા થયેલી. એના આરંભ અને અંતની પંક્તિઓ શેરીનાટકના હાર્દનો પરિચય આપે છે : 'હર જોર જૂલમ-કી ટક્કર મેં / સંઘર્ષ હમારા નારા હૈ.'

બે પ્રકારની ઇતિહાસ પ્રમાણિત હકીકતો આપણી સમક્ષ છે. સમાજનો વંચિતોનો હિસ્સો, સુરક્ષિતતા ખાતર, આવી પડેલી પરિસ્થિતિમાં ગોઠવાઈ જવાનો સ્વભાવ ધરાવે છે. અધિકાર પ્રત્યે એને જાગૃત કરતા રહેવો અને આવશ્યક જણાય ત્યારે સંઘર્ષ કરીને પણ તે મેળવવા ક્રિયાન્વિત કરવો પડે છે. આ સાથે જ એ પણ સાચું છે કે આક્રમક લોહિયાળ પ્રક્રિયાથી આવતું દેખીતું પરિવર્તન મૂલગામી નથી બની શકતું. જૉર્જ ઑર્વેલે સર્જેલું 'ઍનિમલ ફાર્મ'નું રૂપક મનુષ્ય સ્વભાવની વક્રતા ખુલ્લી પાડે છે. સત્તા ધરાવતા શોષકોની જૂની ટોળકીની જગા ચાલાકીપૂર્વક નવી ટોળકી લે છે. એટલે ચિરંજીવ પરિવર્તન માટેનો રાહ લાંબો લાગે તો પણ તે ગાંધીચીંધ્યો રાહ જ છે. એ રાહ પર શેરીનાટક શક્તિશાળી વાહન છે, જે જન્મસિદ્ધ અધિકારપ્રાપ્તિના અતૂટ મનોબળવાળા લોકશાહીમાં આવકાર્ય સંઘર્ષ માટે અને સમાનતાની તક પચાવવા માટે સશક્ત બનાવવાની ક્ષમતા ધરાવે છે.

વિચારસરણીના વંડા બહાર પણ શેરીનાટકનાં સ્વરૂપ અને શૈલી ભલે ફૂલેફાલે. સાતત્ય અને નિષ્ઠાની આવશ્યકતા છે. નાટ્યબાંધણી અને નાટ્યપ્રયોગ બંને વધુ સુદૃઢ, સર્જનાત્મક અને પરિણામલક્ષી બનતા રહે એ દિશમાં કામ થતું રહે એ જરૂરી છે. પરિણામકેન્દ્રી સામાજિક નાટકોનાં મૂળ ગુજરાતમાં ઊંડાં રહ્યાં છે અને એક સમયે શેરીનાટકનું એમાં સમર્થ પ્રદાન થતું રહેલું. અદિતિ દેસાઈ, જનક

રાવલ, મન્વિતા બારાડી, લોક કલા મંચ, પરિવર્તન, સંવેદન સાંસ્કૃતિક મંચ, અવાજ, જન કલા મંચ, દિશા, ઉન્નતિ, ચેતના વગેરે લગનીપૂર્વક પ્રવૃત્તિશીલ હતાં. તે દરમ્યાન અન્ય પ્રદેશોના શેરી નાટ્ય પ્રણેતાઓ અને એમના પ્રયોગો જાણવા-જોવાની તક મળતી રહી શેરી નાટ્ય મહોત્સવો દ્વારા. આજે એ પ્રવૃત્તિમાં શિથિલતા આવી છે. પ્રવૃત્તિના સાતત્યને કારણે એના સામાજિક પ્રભાવમાં ઓટ આવવાને બદલે એને વેગ મળે, એ એક વાત. સાથોસાથ સ્વરૂપની સુગ્રથિત, પરિણામદ્યોતક બાંધણી થતી રહે અને કલ્પનાશીલ રહેવા સાથે તાક્યું તીર લક્ષ્ય હાંસલ કરે એ પ્રકારના પ્રયોગ થતા રહે. શેરીનાટકને વિચારસરણીના ચોકઠામાં રાખવાને બદલે એ વહેતો જીવંત પ્રવાહ રહે તો સરવાળે સમાજ માટે લાભદાયી છે.

'હલ્લાબોલ'ની જેમ સફદર હાશ્મીના જૂથ જનમનું એક વિશિષ્ટ શેરી નાટક 'આખરી જુલૂસ' સ્વરૂપ, શૈલી અને પરિણામલક્ષિતાની દૃષ્ટિએ સ્મૃતિપટ પર આવે છે. શ્રમજીવીઓની હડતાળ વચ્ચે ટ્રાફિક જામમાં ફસાયેલી એક કારમાં ન્યાયાધીશ અને તેના ડ્રાઈવર વચ્ચે સંવાદ ચાલ્યા કરે છે. દરમ્યાન હડતાલ પર ઉતરેલા શ્રમજીવી દેખાવકારોનું જૂથ ઐતિહાસિક હડતાલોનાં દૃશ્યો ભજવે છે. જૂથનો નેતા નાટકનો સૂત્રધાર પણ છે. તેની સાથે પણ ન્યાયાધીશનો સંવાદ ચાલે છે. ન્યાયાધીશે હડતાળ ગેરકાનૂની જાહેર કરેલી છે. નાટ્યાત્મક સૂચક અંતમાં હડતાળમાં જોડાઇ જઇને ડ્રાઈવર જૂથના ગીતમાં સામેલ થાય છેઃ 'કૈસે રહે મઝદૂર ચૂપ, ક્યોં ન કરે હરતાલ?!

નાટ્યતત્ત્વ, વિચાર તથા સંવાદનું વહન કરવાની શેરીનાટકની આ ક્ષમતા છે. ત્રણેનું વહન કરતા રહી શેરીનાટક કેમ ન એક ગણનાપાત્ર સ્વતંત્ર નાટ્યપ્રકાર તરીકે ઊભરે? પંદરેક વર્ષ પહેલાં ઉન્નતિના નેજા હેઠળ મન્વિતા બારાડી અને બિનોય આચાર્યે 'શેરીમાં શિક્ષણ'નામે પુસ્તિકા શેરીનાટક કરતાં રંગકર્મીઓની માર્ગદર્શિકા રૂપે પ્રગટ કરેલી. હિરેન ગાંધી આ પુસ્તિકામાં શેરીનાટકની ચર્ચા વિશેષ પરિપ્રેક્ષ્યમાં કરે છે. તેને આવકારવા નિમિત્તે એ વિષય પર થોડી વાતો કરવાની તક મળી તેનો આનંદ છે.







## ડો. એસ.ડી.દેસાઇનો ટૂંક પરિચય

ડો. એસ.ડી. દેસાઇ ચારેક દાયકા અંગ્રેજીના અધ્યાપક રહ્યા અને તજજ્ઞ તરીકે સ્વીકૃતિ પામ્યા. એથી પણ વિશેષ એમણે કલા મર્મજ્ઞ તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી છે. રંગમંચ પરની તો લગભગ બધી જ કલાઓમાં એમણે દિલચસ્પી દાખવી છે અને વરિષ્ઠથી માંડીને ઉગતાં કલાકારોના આદર અને પ્રીતિને પાત્ર બનવા સાથે નિર્ભીક આલોચક અને માર્ગદર્શક પણ રહ્યા છે. નાટકના લેખન અને દિગ્દર્શન પર એમણે હાથ અજમાવ્યો છે ત્યારે સફળ રહ્યા છે.

ઑક્સફર્ડ(સહસંપાદન), રૂપા અને ગુજરાત સાહિત્ય અકાદમીએ એમનાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. અગાઉ ત્રીસેક વર્ષ 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ની રંગમંચલક્ષી કલાઓ અંગેની એમની કટારને બહોળો વાચકવર્ગ મળેલો. હવે નાટક, નૃત્ય અને સાહિત્ય(અવલોકનો) અંગે તેઓ રાષ્ટ્રીય સામયિકોમાં અવારનવાર લખતા રહે છે. ગુજરાતી ત્રૈમાસિક 'નાટક'ના અંગ્રેજી વિશેષાંક (2007)ના અને નૃત્ય પરના પ્રતિષ્ઠિત વાર્ષિક 'અટેન્ડંસ'(બૅંગ્લોર)ના 'ક્લાસિકલ ડાન્સ અન મૉડર્ન ટાઇમ્સ' વિષય પરના વિશેષાંક (2013) ના તેઓ આમંત્રિત તંત્રી હતા. રેડિઓ અને ટેલિવિઝન સાથે તેઓ સક્રિય રીતે સંકળાયેલા રહ્યા છે. ઇગ્નૌના 'ક્રિએટિવ રાઇટિંગ ઇન ઇંગ્લિશ' અભ્યાસક્રમ માટેની ફેકલ્ટી પર તેઓ કેટલાક વર્ષ રહ્યા છે. હાલમાં, સિતાંશુ યશશ્ચંદ્ર સંપાદિત 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક'માં આવતી તેમની લેખમાળા 'કલા, મૌલિકતા અને સર્જનાત્મકતા' ધ્યાનપાત્ર ગણાઇ છે.

*(ટાઈટલ - 4 પરથી ચાલુ.....)*

- **નાટ્ય ચીંતન અને અભ્યાસ લેખો**

  લેખકના અનેક લેખો ગુજરાતી, હીન્દી, અંગ્રેજી નાટ્ય વીષયક અને સંસ્કૃતી વીષયક પ્રાદેશીક અને રાષ્ટ્રીય પત્રીકાઓમાં પ્રકાશીત થયેલ છે. જેના મુખ્ય વીષયો છે-

  ૧. થીએટર સેન્સરશીપ

  ૨. આધુનીક ગુજરાતી રંગભુમી

  ૩. શેરીનાટ્ય સ્વરુપ.

  આ ઉપરાંત ગુજરાતી દૈનીકોમાં સાપ્તાહીક રંગભુમી વીશેની કૉલમો

  (૧) સમભાવ (૨) નવગુજરાત ટાઈમ્સ

- **સ્થાનીક અને રાષ્ટ્રીય સંગઠનો સાથે સક્રીયતા**


  ૧. સંવેદન સાંસ્કૃતીક મંચ

  ૨. દર્શન

  ૩. ઈન્ડીયન સૉશીયલ એક્શન ફોરમ (ઈન્સાફ)

  ૪. ન્યુ સોશીયાલીસ્ટ ઈનીશીયેટીવ (એન.એસ.આઇ)

- થીએટર સેન્સરશીપ અને અભીવ્યક્તી સ્વાતંત્ર્ય માટેનાં સ્થાનીક અને રાષ્ટ્રીય સ્તરનાં આંદોલનો સાથે લેખક સક્રીય કર્મશીલ તરીકે સંકળાયેલ છે.



## *લેખકનો પરીચય*

- **નામ** : હીરેન ગાંધી
- **જન્મ** : 1957
- **અભ્યાસ** : બી.કોમ
  - ડીપ્લોમા ઈન ડ્રામા
  - ડીપ્લોમા ઈન જર્નાલીઝમ
- **વ્યવસાય** : પ્રતીબધ્ધ સાંસ્કૃતીક કર્મશીલ, નાટ્ય લેખક; દીગ્દર્શક; ચીંતક; તાલીમકર્તા.

- **મહત્વનાં તખ્તાનાં નાટકો**

  ૧. ઈતીહાસની બીજી બાજુ

  ૨. રાજપરીવર્તન

  ૩. મારીચ સંવાદ

  ૪. સુનો, નદી ક્યા કહતી હૈ?

  ૫. ઘર-એક સપના

  ૬. હમ

- **મહત્વનાં ખુલ્લા મંચનાં નાટકો**

  ૧. માણસજાત-માણસજાત

  ૨. જીવતરના વેપારને રોકો

  ૩. દીલમાં છે એક આશ

  ૪. ઐસા ક્યોં?

  ૫. ધીરે હૈ હમ સવાલ સે

  ૬. ફીર ભી

***અનુ. ટાઈટલ - 3 પર***